


પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



કોરોના ઈફેક્ટ :ન્યૂઝીલેન્ડમાં ભારતીયોનાં પ્રવેશ પર પ્રતિબંધ

વાંચો પેજ નં. ૨૩

FRIDAY, 09 APRIL, 2021 Vol. 18, No. 15 Pages 24 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

**કોરોના વાયરસ ફરી ઘાતક**

# ભારતમાં કોરોનાનો નવો રેકોર્ડ : ત્રણ દિવસમાં ૩ લાખ કેસ, ૧૭૬૧ના મોત

## નવા સ્ટ્રેઈનથી બાળકો અને ગર્ભવતી મહિલાઓ વધુ સંક્રમિત, અનેક વિસ્તારોમાંથી શ્રમિકોની હિજરત

નવી દિલ્હી : ભારતમાં કોરોનાની બીજી લહેર વધારેને વધારે ખતરનાક સાબિત થઈ રહી છે. ભારતમાં કોરોના કાળ દરમિયાન નોંધાયેલા નવા કેસના તમામ રેકોર્ડ બુધવારે નોંધાયેલા કેસમાં તૂટી ગયા છે. દેશમાં ગુરુવારે ૧ લાખ ૨૬ હજાર કરતા વધુ કેસ નોંધાયા છે. નવા કેસની સંખ્યામાં વધારો થવાની સાથે-સાથે મૃત્યુઆંકમાં પણ વધારો થઈ રહ્યો છે. મંગળવારે નવા ૯૬૯૮૨ કેસ સાથે મોત ૪૪૬ મોત જ્યારે બુધવારે ૧૧૫૩૭૬ લાખ નવા દર્દી મળવા સાથે ૬૩૦ના મોત થયા હતા.

સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે ગુરુવારે દેશમાં ૨૪ કલાકમાં ૧,૨૬,૭૮૯ નવા કેસ નોંધાયા હતા. આ સાથે દેશમાં કોરોનાના કુલ કેસનો આંકડો ૧,૨૯,૨૮,૫૭૪ પર પહોંચી ગયો છે. ભારતમાં કોરોનાના લીધે પાછલા ૨૪ કલાકમાં વધુ ૬૮૫ લોકોના મોત થઈ ગયા છે, જેની સાથે કુલ કેસની સંખ્યા ૧,૬૬,૮૬૨ થઈ ગઈ છે. ભારતમાં કોવિડના નવા સ્ટ્રેનથી બાળકો, યુવાનો અને ગર્ભવતી મહિલાઓ વધુ સંક્રમિત થવા માંડ્યા છે. આ સાથે જ કોરોનાના કેસનો રાફડો ફાટતાં મોટા શહેરોમાંથી શ્રમજીવીની હિજરત શરૂ થઈ ગઈ છે.

હાલ દેશમાં કોવિડ-૧૯ એક્ટિવ કેસની સંખ્યા ૯,૧૦,૩૧૯ પર પહોંચી ગઈ છે, પાછલા ૨૪ કલાકમાં વધુ ૫૯,૨૫૮ લોકોને હોસ્પિ.માંથી રજા મળી છે અથવા કોરોના મુક્ત થયા છે. આ સાથે અત્યાર સુધીમાં કોરોના ટેસ્ટ માટે લેવામાં આવેલા સેમ્પલની સંખ્યા ૨૫,૨૬,૭૭,૩૭૯ થાય છે.

દેશમાં ૯,૦૧,૯૮,૬૭૩ લોકોને કોરોના વાયરસ સામે લડવા માટે રસી આપવામાં આવી છે. જેમાં ૨ એપ્રિલથી ૪૫ વર્ષથી ઉપરની ઉંમરના લોકોને રસી આપવામાં આવી રહી છે. ભારતમાં ૧૬ જાન્યુઆરીએ કોરોનાની રસીનું અભિયાન શરુ કરવામાં આવ્યું હતું. આ પછી બીજો તબક્કો ૧ માર્ચના રોજ શરુ થયો હતો. આ તબક્કા દરમિયાન ૬૦ વર્ષથી વધુ ઉંમરના અને ૪૫ વર્ષથી ૫૯ વર્ષના કે જેઓ ગંભીર બીમારીથી પીડાય છે તેમને રસી આપવાનું શરુ કરવામાં આવ્યું હતું.

# દેશમાં દર્દીઓનો રાફડો છતાં રસીની અછત, અનેક સ્થળે રસીકરણ સ્થગિત

નવી દિલ્હી : ભારતમાં કોરોનાનું સંક્રમણ માઝા મૂકી રહ્યું છે ત્યારે તેની સામે રક્ષણ આપતા એકમાત્ર ઉપાય સમાન કોરોનાની રસીની તીવ્ર અછત સર્જાઈ છે. ઓછામાં ઓછા ૧૦ રાજ્યોએ ફરિયાદ કરી છે કે તેમની પાસે હવે ફક્ત ૩થી ૪ દિવસ વેક્સિનેશન થઈ શકે તેટલા પ્રમાણમાં જ રસીનો જથ્થો બાકી રહ્યો છે. કોરોનાના સૌથી વધુ કેસ ધરાવતા મહારાષ્ટ્ર ઉપરાંત ઓડિશા, આંધ્રપ્રદેશ, પંજાબ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, છત્તીસગઢ, બિહાર અને પ્રિમ બંગાળમાં આગામી ૩થી ૪ દિવસ ચાલે તેટલો જ રસીનો જથ્થો બાકી રહ્યો છે. કોરોના રસીનો જથ્થો ઘટતાં સંખ્યાબંધ રાજ્યોને વેક્સિન સેન્ટર બંધ કરવાની ફરજ પડી રહી છે.

મહારાષ્ટ્ર સરકારે ગુરુવારે જણાવ્યું હતું કે, કોરોનાની રસી ખૂટી પડતાં મુંબઈ શહેરમાં ૨૬ વેક્સિન સેન્ટર બંધ કરી દેવાયાં છે. તેમાંથી ૨૩ સેન્ટર નવી મુંબઈમાં આવેલાં છે. રાજ્યના આરોગ્ય મંત્રી રાજેશ ટોપેએ જણાવ્યું હતું કે, બુધવાર સાંજથી જ સતારા, સાંગલી, ચંદ્રપુર અને પનવેલમાં રસીકરણ બંધ કરી દેવાયું હતું. એનસીપીના સાંસદ સુપ્રિયા સૂલેએ જણાવ્યું હતું કે, પૂણેમાં ૧૦૦ કરતાં વધુ સેન્ટર બંધ થયાં છે. યવતમાલ, અકોલા, બુલઘાના અને વાશિમ જિલ્લાઓમાં રસીકરણ ધીમું કરી દેવાયું છે. બીએમસીએ જણાવ્યું હતું કે, જો ગુરુવારે રસીનો જથ્થો નહીં મળે તો મુંબઈમાં તમામ કેન્દ્ર બંધ કરી દેવા પડશે.

## દેશમાં હાલ સંપૂર્ણ લોકડાઉનની કોઈ જરૂર નથી : વડા પ્રધાન

દેશમાં વધી રહેલા કોરોના સંક્રમણની સમીક્ષા માટે રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે આયોજિત બેઠકમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, હાલ દેશમાં સંપૂર્ણ લોકડાઉનની જરૂર નથી. દવાઇ અને કડાઇ બંને જરૂરી છે. તેમણે જણાવ્યું હતું કે, દેશમાં કોરોનાની રસીના થતા બગાડને અટકાવવાનો છે. ૧૧ એપ્રિલથી ૧૪ એપ્રિલ સુધી દેશમાં રસીકરણ મહોત્સવ ઊજવવામાં આવે. પીએમ મોદીએ રાજ્યો અને શહેરોમાં લદાઇ રહેલા નાઇટ કરફ્યૂને કોરોના કરફ્યૂનું નામ આપવા સૂચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, કોરોનાની રસીથી પણ વધુ ટેસ્ટિંગ જરૂરી છે. ટેસ્ટમાં બેદરકારીની ફરિયાદો મળી છે પરંતુ તે અત્યંત આવશ્યક છે. ૭૦ ટકા આરટીપીસીઆર ટેસ્ટ થવા જોઇએ. ૭૨ કલાકમાં ૩૦ કોન્ટેક્ટ ટ્રેસિંગથી ઓછું લક્ષ્ય હોવું જોઇએ નહીં. કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે તેવા વિસ્તારોમાં માઇક્રો કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરો. આપણે ટેસ્ટિંગ ભૂલીને વેક્સિન પર ધ્યાન આપી રહ્યાં છીએ.



**મહારાષ્ટ્રમાં કોરોનાના ૫૬,૨૮૬ કેસ, ૩૭૬ના મોત**

વાંચો પેજ નંબર. ૧૬


















# કોવિડ બેકાબૂ: ટોરોન્ટો વિસ્તારમાં ૨૨ સ્કૂલ બંધ કરાઈ

## કોવિડના કેસની તપાસ કરાશેઃ બ્રામ્પટન, કેલેડોન અને મિસીસાગામાં બે અઠવાડિયા માટે શાળા બંધ કરવાની જાહેરાત

ઓન્ટેરિયો : ટોરોન્ટો પબ્લિક હેલ્થ વિભાગે કોવિડ-૧૯ના વધતાં કેસને કારણે શહેરની જુદા જુદા બોર્ડની કુલ ૨૨ શાળાઓને મંગળવારથી અનિશ્ચિત સમય સુધી બંધ રાખવાની ભલામણ કરી હતી. જે શાળાઓ બંધ રાખવાની છે એમાં ૧૧ શાળાઓ ટોરોન્ટો ડિસ્ટ્રીકટ સ્કુલ બોર્ડની, ૯ શાળા ટોરોન્ટો કેથોલિક ડિસ્ટ્રીકટ બોર્ડની, એક ફ્રેન્ચ સ્કુલ અને એક સ્વતંત્ર સ્કુલનો સમાવેશ થાય છે. સ્કુલો બંધ રહેશે એ દરમિયાન પબ્લિક હેલ્થ વિભાગ કોવિડ-૧૯ના કેસોની તપાસ કરી શકશે.



બંને સ્કુલ બોર્ડે જણાવ્યું હતું કે, તેમને ટીપીએચ તરફથી સોમવારે એવી સુચના મળી હોવાથી તેમણે સ્કુલો બંધ રાખવાની જાહેરાત કરી દીધી છે. અને શાળાના વિદ્યાથીઓ ઓનલાઈન અભ્યાસ ચાલુ રાખશે. ફ્રેન્ચ સ્કુલ અને સ્વતંત્ર શાળા શું કરશે એ હજુ જાણવા મળ્યું નથી. ટોરોન્ટો પબ્લિક હેલ્થ વિભાગે ટવીટ્માં જણાવ્યું હતું કે, શાળાઓ ફરીથી કયારે ખોલી શકાશે, એની તારીખ હજુ નક્કી થઈ નથી. તે અંગે નિર્ણય થતાં જ તેની જાહેરાત કરવામાં આવશે. બંને સ્કૂલ બોર્ડના સત્તાધીશોએ કહ્યું હતું કે, અત્યારના સમયમાં ડીસ્ટેન્સિંગ ખૂબ જરૂરી હોવાથી આ પગલું લેવામાં આવ્યું છે. બંધ રખાનારી શાળાઓમાં ત્રણ હાઈસ્કુલો, બે મિડલ સ્કુલો અને છ પ્રાથમિક શાળાઓ છે. આ ઉપરાંત કેથોલિક એલીમેન્ટરી સ્કુલ અને અબુ બકર એજ્યુકેશન એકેડમી સંચાલિત સ્વતંત્ર સ્કુલનો પણ સમાવેશ છે. ટીપીએચના એસોસિયેટ મેડીકલ ઓફિસર ડો. વિનીતા દુબેએ સોમવારે રાત્રે ઈમેલથી પોતાના નિર્ણયની જાણ કરી હતી. જે સલામતીના પગલા રૂપે હોવાનું તેમણે જણાવ્યું હતું. શાળામાં નોંધાયેલા દરેક કેસની તપાસ જરૂરી હોવાથી આ શાળાઓ બંધ રાખવી પડશે. કોવિડ ૧૯નું સંક્રમણ અટકાવવા પણ આ પગલું જરૂરી હોવાનું પણ તેમણે કહ્યું હતું. દરમિયાન બ્રામ્પટન, કેલેડોન અને મિસીસાગાની શાળાઓ પણ બે અઠવાડિયા માટે બંધ કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

# લિબરલ પોલીસીમાં હાઈ સ્પીડ રેલ, યુનિવર્સલ બેઝિક ઈન્કમ અને ગ્રીન ન્યુ ડીલની ચર્ચા સંભવ

ઓટાવા : આ અઠવાડિયે યોજાનારી લિબરલ પાટીની વર્ચ્યુઅલ કન્વેન્શનમાં આ વખતે કેનેડા હાઈ સ્પીડ રેલ લાઈન અને ગ્રીન ન્યુ ડીલ તથા યુનિવર્સલ બેઝિક ઈન્કમ વિશે ચર્ચા કરવામાં આવનાર છે. આ કન્વેન્શન ગુરૂવારથી શરૂ થઈ હતી.



જેમાં બેંક ઓફ ઈંગ્લેન્ડ અને બેન્ક ઓફ કેનેડાના પૂર્વ ગર્વનર માર્ક કાની, ઓબામા એડમિનીસ્ટ્રેશનના પૂર્વ અધિકારી બેન રોડસ અને વડાપ્રધાન જસ્ટીન ટ્રુડો ભાગ લઈ રહ્યા છે.

પાટીની નીતિ છે કે પક્ષ સાથે જોડાયેલા બધાની સલામતી દરેક તબક્કે મહત્વની છે. ખાસ કરીને કોવિડ-૧૯ના વધતા જતા સંક્રમણને કારણે તો એની પ્રાથમિકતા વધી જાય છે. બધી ચર્ચા ઓનલાઈન જ થશે.

જેમાં સ્થાનિક મીટીંગો અને પ્રાંતીય સભામાં થયેલી ચર્ચાનો સમાવેશ થશે. આ વર્ષના પક્ષના ઠરાવનું ફલક મોટું છે. જેમાં ગ્રામીણ વિસ્તારોમાં ઈન્ટરનેટ સુવિધાઓ વિકસાવવી, વરિષ્ઠ નાગરિકોની સુરક્ષા માટેના ચુકવણા અને આખા દેશમાં હાઈ સ્પીડ રેલ નેટવર્ક બિછાવવા જેવી બાબતોનો સમાવેશ થાય છે. લિબરલ્સ હવે વીઆઈએ પ્રસ્તાવને ટેકો આપવા ઉપરાંત વીઆઈએ પ્રસ્તાવ પર કામ શરૂ કરવાને મહત્વ આપી રહ્યો છે. કેનેડા માટે ગ્રીન ન્યુ ડીલ જેમાં નેટ ઝીરો કાર્બન ઈકોનોમીનું આયોજન કરવું, જેથી આવનારા દાયકામાં ઉદ્યોગો અને ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરી શકાય. એક અન્ય પ્રસ્તાવ મુજબ કેનેડાને એગ્રીકલ્ચર સુપરપાવર બનાવવા વિશે પણ ચર્ચા થશે.

# નકલી રિવોલવર સાથે લૂંટ કરવા બદલ ચાર સામે ગુનો દાખલ થયો

ટોરોન્ટો : ટોરોન્ટોમાં ગયા વર્ષની ૩૦મી ડિસેમ્બરે બનેલી ઘટનામાં નકલી રિવોલવર લઈને લૂંટનો પ્રયાસ થયો હતો. આ ઘટના સંદર્ભે પોલીસે ચાર વ્યકિતઓ સામે ગુનો દાખલ કર્યો છે. આ ઘટના વિલ્સન એવેન્યુ અને ટાઈપેટ રોડ નજીકના ઘરમાં બની હતી. પોલીસના જણાવ્યા મુજબ કુલ ચાર વ્યકિતઓ આવ્યા હતા. એ પૈકી એક ઘરની બહાર વાહનમાં બેસી રહ્યો હતો. જયારે બાકીના ત્રણ જણા જબરદસ્તીથી ફરિયાદીના ઘરમાં ઘુસી ગયા હતા અને ડ્રગ્સ અને પૈસાની માંગણી કરી હતી.

એક જણાના હાથમાં રિવોલવર હતી અને એ દેખાડી એ ફરીયાદીને ડરાવી રહ્યો હતો. દરમિયાનમાં પૈસા ભરેલી બેગ સાથેનો માણસ પકડાઈ ગયો અને બાકીના બંને ભાગીને બહાર ઉભેલી કારમાં બેસી ગયા હતા. જયારે પોલીસ ઘટના સ્થળે પહોંચી ત્યારે રીચમન્ડ હિલના રહેવાસી ૨૪ વર્ષીય સોરેના શિરાઝીને પકડી લીધો હતો. શિરાઝી ઉપર નકલી બંદૂક રાખવાનો અને ધાકધમકીથી લૂંટનો પ્રયાસ કરવાનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ બાકીના લોકો પણ પકડાઈ ગયા હતા. જેમાં વોઘનનો રહેવાસી ૨૫ વર્ષીય ગિયાન કાર્લો ફાલ્કેઝ મર્ચન, ૨૮ વર્ષીય જેફરસન પેચોન અને ટોરોન્ટોના ૩૦ વર્ષીય રોડોલ્ફો સેવરનીનો જિરાલ્ડોનો સમાવેશ થાય છે.

# વેકસીન લીધી હોય તો પણ કેનેડાનો પ્રવાસ ટાળવા અમેરિકનોને અપીલ

કયૂબેક : સેન્ટર ફોર ડીસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન ( સીડીસી )એ ભલામણ કરી છે કે બધા અમેરિકને હાલમાં કેનેડાના પ્રવાસને ટાળવો જોઈએ. ભલે તેમણે કોવિડ-૧૯ની વેકસીન લઈ લીધી હોય તો પણ તેમના માટે કેનેડાનો પ્રવાસ ટાળવો હિતાવહ છે.

એક ઓનલાઈન નોટીસમાં જણાવાયું હતું કે, કેનેડામાં હવે ચોથા લેવલનું સંક્રમણ જોવા મળી રહ્યું છે. જે ખરેખર ખૂબ જોખમી છે. આ લેવલ સૌથી ઉંચુ છે. પ્રવાસીઓએ કેનેડાનો પ્રવાસ ટાળવો જોઈએ, એમ સીડીસીની નોટીસમાં સ્પષ્ટ જણાવાયું છે. અત્યારની સ્થિતી વેકસીન લીધી હોય એવા લોકો માટે પણ સલામત નથી.

એમના માટેનું જોખમ પણ એટલું જ છે. કેમ કે, કોવિડ-૧૯ના નવા વેરીયન્ટસનું સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું છે. તેમ છતાં જો કેનેડાનો પ્રવાસ તમારા માટે અનિવાર્ય જ હોય તો પ્રવાસ શરૂ કરતા પહેલા વેકસીન લઈ લેવી જરૂરી છે. તેમજ બધાએ માસ્ક પહેરવા જ જોઈએ અને ભીડથી દૂર રહેવું જોઈએ. આ સાથે જ હાથ વારંવાર ધોતા રહેવું જોઈએ. અમેરિકાની હેલ્થ એજન્સીએ બીજી એપ્રિલે જ પ્રવાસીઓ માટેની સલાહ જારી કરી હતી. જેમાં વેકસીન લઈ ચુકેલા પ્રવાસીઓનો પણ સમાવેશ થતો હતો.

# કોવિડની મહામારીને કારણે ઓફિસો ખાલી રહેતાં ઈ-વેસ્ટનો વધારો થયો

- વર્ક ફોર્મ હોમની પદ્ધતિમાં નવા કમ્પ્યુટર્સ અને સોફટવેર ખરીદી કરાઈ



ટોરોન્ટો : મહામારીને કારણે ઘણાંની કામ કરવાની પદ્ધતિ બદલાઈ ગઈ છે. ઓફિસો ખાલી પડી છે અને લોકો વર્ક ફ્રોમ હોમ કરે છે. એટલે ઘરની ઓફિસ માટે નવા કમ્પ્યુટર્સ અને સોફટવેર ખરીદે છે. આ સાથે સાથે જ મોનિટર્સ અને પ્રિન્ટર્સની ખરીદી પણ વધી રહી છે.

કંપનીઓ પણ પોતાના હાર્ડવેરને અપગ્રેડ કરી રહી છે. જેને પગલે ઈલેકટ્રોનિક વેસ્ટમાં મોટો વધારો થવાની સંભાવનાઓ પણ વધી રહી છે. ઓન્ટેરિયોના સ્કારબોરોમાં આવેલી સ્પાર્ટા ગ્રુપ કંપની દરરોજ લગભગ ૩૦૦૦૦ પાઉન્ડથી લઈને ૧૦૦૦૦૦ પાઉન્ડ જેટલા ઈ વેસ્ટનો નિકાલ કરે છે. જોન ઓ બાઈરેક કહે છે કે, જાણે ડાઉનટાઉન ખાલી થઈ રહ્યું છે. જો કે એ પાછુ કાર્યરત થશે પણ અત્યારે તો દરરોજ ટ્રકોની ટ્રકો ભરીને બેંકો, ઈન્સ્યોરન્સ કંપનીઓ અને સરકારી કચેરીઓમાંથી ઈ વેસ્ટ આવી રહ્યો છે.

જે સ્ટોર કરવામાં આવે છે. કેટલાકનું રીસાયકલીંગ થશે તો કેટલાકનો નાશ કરવો પડશે. કેમકે અત્યારે તો કાર્યક્ષમતા પુરી કરવાની જરૂર છે. અમારો આશય ઈવેસ્ટને નાબુદ કરવાનો જ છે અને આ પ્રક્રિયા કેટલી લાંબી ચાલશે એ નક્કી નથી.

# કેનેડાના વૈજ્ઞાનિકોની ખાસ શોધઃ બ્લડ ગ્રુપ Aને હવે યુનિવર્સલ ડોનર બનાવ્યું

નવી દિલ્હીઃ કેનેડાના વૈજ્ઞાનિકોએ ખાસ પ્રકારના બેક્ટેરિયલ એન્ઝાઈમનો ઉપયોગ કરીને બ્લડ ગ્રુપ એને પણ યુનિવર્સલ ડોનર બનાવી દીધું છે. આ કારણે હવે હોસ્પિટલોમાં લોહીની તંગીના કારણે ઓછા દર્દીઓના મોત થશે અને વધુને વધુ દર્દીઓની લોહીની જરૂરિયાત પૂરી કરી શકાશે.

**એન્ઝાઈમની મદદથી ટાઈપ-એને યુનિવર્સલ ડોનરમાં ફેરવી દેવાયું**

માત્ર અમેરિકામાં જ દરરોજ ઈમરજન્સી સર્જરી, શિડ્યુલ્ડ ઓપરેશન અને રૂટિન ટ્રાન્સફ્યુજન માટે ૧૬,૫૦૦ લિટર લોહીની જરૂર પડે છે. પરંતુ દર્દીને કોઈ પણ ગ્રુપનું લોહી ન ચડાવી શકાય. સફળ ટ્રાન્સફ્યુજન માટે ડોનરનું બ્લડ ગ્રુપ દર્દીના લોહીના પ્રકાર સાથે મેચ થાય તે જરૂરી છે. વૈજ્ઞાનિકોએ મનુષ્યના આંતરડામાં (ગટ) એવા માઈક્રોબ્સ શોધ્યા છે જે બે પ્રકારના એન્ઝાઈમ કાઢે છે.આ એન્ઝાઈમની મદદથી વૈજ્ઞાનિકોએ ટાઈપ-એ એટલે કે એ બ્લડ ગ્રુપને યુનિવર્સલ ડોનરમાં ફેરવી દીધું છે. જો આ પ્રક્રિયા મોટા પાયે સફળ થશે તો મેડિકલ સાયન્સમાં મોટી ક્રાંતિ આવશે. મનુષ્યમાં એ, બી, એબી અને ઓ એમ ૪ પ્રકારના બ્લડ ગ્રુપ હોય છે. તેને લાલ રક્ત કોષ (આરબીસી)ની ચારે બાજુ જે સુગર મોલીક્યુલસ કણો હોય છે તેના આધારે ઓળખવામાં આવે છે. જો કોઈ મનુષ્યનું બ્લડ ગ્રુપ એ હોય અને તેને બીબ્લડ ગ્રુપનું લોહી આપવામાં આવે તો આ સુગર મોલીક્યુલસ કણ જેને બ્લડ એન્ટીજન કહે છે તે આરબીસી પર હુમલો કરી દે છે.

# ઓન્ટેરિયોમાં જરૂરી સેવાના કર્મચારીઓને મે માસ સુધીમાં વેકસીન આપવા તૈયારી

ટોરોન્ટો : કોવિડ-૧૯ની નવી ટાઈમલાઈન મુજબ ઓન્ટેરિયોના આવશ્યક સેવાના કર્મચારીઓને મે માસના મધ્ય સુધીમાં વેકસીન અપાશે. ઓન્ટેરિયો સરકાર એવી આશા રાખી રહી છે કે, આવશ્યક સેવાઓના કર્મચારીઓને પ્રાથમિકતાના ધોરણે વેકસીન આપવાનું મે માસના મધ્યથી શરૂ કરી શકાશે. સરકારે મંગળવારે સ્પષ્ટ કર્યુ હતું કે, મહામારી બીજા તબક્કામાં પ્રવેશી રહી છે, ત્યારે વેકસીનેશનનો બીજો તબક્કો પણ ઝડપથી શરૂ કરાશે. એમાં વધુ જોખમી ક્ષેત્રના કર્મચારીઓને વયજુથના બાધ વિના વેકસીન આપવી જરૂરી છે.

**મહામારીનું જોખમ વધુ હોય તે વિસ્તારમાં પણ વેકસીનેશન ઝડપી કરાશે**

જયાં મહામારીનું જોખમ વધુ હોય, એ વિસ્તારોને પણ પ્રાથમિકતા અપાશે. કેટલીક હોસ્પિટલો અને વેકસીનેશન સેન્ટરોમાં હાલમાં કામગીરી ચાલી રહી છે. જયાં વર્ક ફ્રોમ હોમ ચાલે છે ત્યાં જોખમ ઓછું હોવાથી ત્યાં વયજુથ મુજબનું રજીસ્ટ્રેશન જરૂરી છે.

એપ્રિલમાં ઘણું કામ થઈ ચુકયું છે. આમ છતાં મે માસના મધ્ય સુધીમાં બાકીની કામગીરી પણ આગળ વધશે. સુધારિત સમય મર્યાદા મુજબ પ્રાંતમાં વેકસીનેશનની કામગીરી આગળ વધશે અને બાકી રહેલાઓને પહેલો ડોઝ મે માસના મધ્ય સુધીમાં આપી શકાશે. જેમાં આવશ્યક સેવાના કર્મચારીઓને પ્રાથમિકતા અપાશે.

# કોરોના બેફામ: નવા ૪૯૦૪ કેસ, ૨૮ દર્દી મોતને ભેટ્યા

## સૌથી વધુ ઓન્ટેરિયોમાં ૩૨૯૫ સેમ્પલમાં કોરોના વાયરસ દેખાયો, ૮૩૫ દર્દીઓની હાલત અત્યંત નાજૂક

ઓન્ટેરિયો : સમગ્ર દુનિયાની જેમ કોરોના વાયરસે કેનેડામાં પણ ભારે કેર વર્તાવ્યો છે. ગુરુવારે પણ સમગ્ર કેનેડામાં નાગરિકોના લેવાયેલા બ્લડ સેમ્પલો પૈકી ૪૯૦૪ સેમ્પલમાં કોરોના વાયરસ હોવાની પુષ્ટિ થઈ હતી. આ સાથે જ વિવિધ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ૨૮ દર્દીઓએ દમ તોડી દીધા હતા. કેનેડામાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૬૩૪૯૩ નોંધાઈ હતી. જ્યારે દેશમાં કોવિડ સંક્રમિત ૮૩૫ દર્દીઓની હાલત અત્યંત ગંભીર હોવાનું આરોગ્ય વિભાગે જણાવ્યું હતુ.

સુત્રો પાસેથી મળતી વિગતો મુજબ ગુરુવારે સાંજ સુધીના વીતેલા ૨૪ કલાકમાં કેનેડાના ઓન્ટેરિયો પ્રાંતમાં સૌથી વધુ ૩૨૯૫ નાગરિકો વાયરસની ચપેટમાં આવી ગયા હતા. જ્યારે આ જ સમયગાળામાં અહીં ૧૯ દર્દીના મોત નોંધાયા હતા. સંક્રમણના ગ્રાફમાં બીજા ક્રમે ક્યૂબેક વિસ્તાર રહ્યો હતો જ્યાં ૧૬૦૯ નાગરિકો કોરોના પોઝિટિવ આવ્યા હતા. અહીં ૯ દર્દીઓના સારવાર દરમિયાન મોત નિપજ્યા હતા. આ ઉપરાંત ન્યુ બ્રૂન્સવીકમાં કોરનાના ૭ દર્દી મળી આવ્યા હતા. નોવો સ્કોસીયામાં નવા પાંચ દર્દી તથા મોનીટોબામાં ૧૩૯ કેસ નોંધાયા હતા. જ્યારે સાસ્કેચવાનમાં કોરોનાથી સંક્રમિત થયેલા નાગરિકોની સંખ્યા ૨૦૫ રહી હતી. સાસ્કેચવાનમાં ૨૪ કલાકમાં બે દર્દી મોતને ભેટ્યા હતા જ્યારે ૨૦૦ દર્દી કોરોનાને માત આપવામાં સફળ રહ્યા હતા. ન્યુ ફાઉન્ડ લેન્ડ અને લેબ્રાડોરમાં કોરોનાનો માત્ર એક કેસ મળી આવ્યો હતો. સમગ્ર દેશમાં આજે કોરોના સામેનો જંગ લડીને ૨૭૮૪થી વધુ લોકો સાજા થઈ જતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

### કેનેડામાં ભારતીયોના પ્રવેશ પર પ્રતિબંધની સંભાવના

કેનેડામાં સરકારી સૂત્રોના જણાવ્યા મુજબ ત્યાં ૯થી ૧૩ માર્ચ વચ્ચે ભારતથી અને ખાસ કરીને દિલ્હીથી આવેલા કેટલાક લોકો કોરોના પોઝિટિવ જણાયા હતા તેથી કેનેડા પણ ભારતીયોનાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકી શકે છે. બીજી તરફ વિશ્વમાં કોરોના સંક્રમણનો કુલ આંક ૧૩.૩૯ કરોડ પહોંચ્યો હતો. તે ઉપરાંત ૨૯ લાખ લોકોનાં અત્યાર સુધીમાં મોત થયા છે.

# ઓન્ટેરિયોમાં કોવિડના સંક્રમણને પગલે 'સ્ટે એટ હોમ'નો અમલ શરૂ

## પીલ અને ટોરોન્ટો રિજ્યનમાં ૧૮ વર્ષથી વધુ ઉંમરના તમામને વેકસીન આપવાનું શરૂ કરાયું

ઓન્ટેરિયો : ઓન્ટેરિયોમાં છેલ્લાં કેટલાક દિવસોથી કોવિડ-૧૯ના કેસોમાં ભારે વધારો નોંધાઈ રહ્યો છે. તેથી સરકારે કટોકટીના ધોરણે ગુરૂવારે સવારથી સ્ટે એટ હોમનો અમલ શરૂ કરી દીધો છે.

પ્રાંતમાં વેકસીનેશન માટેની પાત્રતા પણ વધારીને ૧૮ વર્ષથી વધુ વયના તમામને વેકસીન જ્યાં સંક્રમણ વધુ છે એવા ટોરોન્ટો અને પીલ રીજીયનના વિસ્તારમાં આપવાનું શરૂ કરી દીધું છે.

**તબીબી ક્ષેત્રના લોકોની માંગણી છતાં નવી નીતિઓમાં સીક ડે લીવને મંજૂરી અપાઈ નહીં**

ઓન્ટેરિયોના પ્રિમીયર ડગ ફોર્ડે જણાવ્યું હતું કે, વેકસીનેશનને ઝડપી બનાવવા માટે મોબાઈલ ટીમો બનાવી દેવામાં આવી છે અને સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં ૧૮ વર્ષથી વધુ વયના લોકોને સ્થળ ઉપર જઈને વેકસીન આપવાનું શરૂ કરી દેવાશે. જેમાં વધુ જોખમી વિસ્તારોના રહેણાંક મકાનો, ધાર્મિક સ્થળો અને જ્યાં વધુ લોકો કામ કરતા હોય એવી જગ્યાઓ ઉપર વેકસીનેશનની કામગીરીને ઝડપી બનાવાશે.

ત્યારબાદ આસપાસના વિસ્તારોમાં પણ આવતા અઠવાડિયામાં આ કામ શરૂ થઈ જશે. જેમાં શિક્ષણકાર્ય સાથે સંકળાયેલાઓને સમાવી લેવાશે. તેમણે એમ પણ કહ્યું કે, જેઓ વેકસીન લેવા માટે પાત્ર છે એ બધાએ સમયસર વેકસીન લઈ જ લેવી જોઈએ. કેમ કે, સમયની ગંભીરતાને ન ઓળખી શકો તો જાનનું જોખમ આવી શકે છે.

જો વેકસીનનો જથ્થો પુરતો હશે તો ૪૦ ટકા ઓન્ટેરિયોવાસીઓને ચાર અઠવાડિયાના સ્ટે એટ હોમ દરમિયાન વેકસીન આપી શકાશે. બુધવારે થયેલી નવા પગલાની જાહેરાતમાં તબીબી ક્ષેત્રના લોકોની માંગણી છતાં સીક ડે લીવને મંજુરી અપાઈ નથી. પીલ, ઓટાવા અને ટોરોન્ટોના આરોગ્ય કર્મચારીઓએ સીક ડે લીવની ચુકવણીની માંગણી કરી હતી.

બુધવારે ફોર્ડે કહ્યું હતું કે, ફેડરલ સરકારના શાસનમાં પગારી માંદગીની રજા કે એનો પગાર મળે જ છે એટલે પ્રાંતીય સરકાર પાસે એવી માંગણી યોગ્ય નથી. એમાં રાજકીય રમત હોય એવું લાગે છે.

# ટોરોન્ટોમાં માર્ચથી મકાનોની કિંમત વધીને ૧.૧ મિલીયન ડોલરે પહોંચી



**સરકાર દ્વારા ઓછા વ્યાજે લોન મળતાં માર્કેટની સ્થિતિ સુધરી, માર્ચના પખવાડિયામાં ૬૫૦૪ મકાનો વેચાયા**

ટોરોન્ટો : ટોરોન્ટો રિજ્યોનલ રીયલ એસ્ટેટ બોર્ડના મંગળવારે બહાર પડેલા અહેવાલ અનુસાર ટોરોન્ટોમાં મકાનોની કિંમતમાં ગયા વર્ષના માર્ચ મહિનાની સરખામણીમાં બમણો વધારો થયો છે. ગયા વર્ષે આ સમયે કોવિડ-૧૯નો ફેલાવો વધતા જે મહામારીની સ્થિતિ સર્જાઈ હતી, ત્યારબાદ મકાનોની કિંમતો ઘટી ગઈ હતી. પરંતુ આ વર્ષે એ વિસ્તારમાં ગયા વર્ષના ૭૯૪૫ મકાનોની સામે લગભગ ૯૫ ટકા વધારા સાથે ૧૫,૬૫૨ મકાનો વેચાયા હતા.

તે સમયે મહામારીને કારણે વેચનાર અને ખરીદનારાઓમાં ભયનો માહોલ હતો. પણ એ ભય ઓછો થતાં જ ફરીથી માર્કેટમાં તેજીની શરૂઆત થવા માંડી હતી. એનું એક કારણ સરકાર તરફથી ઓછા વ્યાજની લોનની સહાય હતી. જેને કારણે છેલ્લા એક મહિનામાં મકાનોના વેચાણમાં ઉછાળો આવ્યો હોવાનું બોર્ડના પ્રેસીડેન્ટ લિસા પટેલે જણાવ્યું હતું.

માર્ચ માસના પહેલા ૧૪ દિવસમાં ૬૫૦૪ મકાનોનું વેચાણ થયું હતું. જે ગયા વર્ષના એ સમયગાળાના વેચાણ કરતા ૪૧ ટકા વધુ હતું. માર્ચની ૧૫મીથી ૩૧મી સુધીમાં બીજા ૯૧૪૮ મકાનોનું વેચાણ થયું હતું. જે માર્ચ ૨૦૨૦ની સરખામણીમાં ૧૭૪ ટકા વધુ હતું. તેમણે કહ્યું હતું કે, મહામારી જાહેર થયા બાદ મકાનોના બાંધકામો અટકી ગયા હોવાથી સ્ટોક ઓછો હતો. પણ જેમ જેમ સમય વિતતો ગયો અને બજારમાં પ્રવૃત્તિ ફરીથી શરૂ થઈ એટલે વેચાણમાં પણ તેજી જોવા મળી હતી.

હાઉસિંગ માર્કેટના આંકડાઓ મુજબ મકાનની સરેરાશ કિંમતમાં પણ ૨૧.૬ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. જે ગયા વર્ષના ૯૦૨૭૮૭ યુએસ ડોલરથી વધીને ૧,૦૭૯૭ ૫૬૫ યુએસ ડોલર જેટલો થયો હતો. જ્યારે લિસ્ટીંગમાં પણ ૫૭ ટકાનો વધારો હતો, જે ૧૪૪૩૪થી વધીને ૨૨૭૦૯ સુધી પહોંચ્યું હતું. ડિટેચ્ડ હાઉસિંગમાં તો ૨૬.૬ ટકાનો વધારો જોવા મળ્યો હતો. જે વધીને ૧૪૦૨૮૪૯ યુએસ ડોલર જેટલો હતો.






# નક્સલવાદ : ભારતમાં ચાલતા વરવા રાજકીય હિંસક આંદોલનનું પ્રતિબિંબ

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક સ્વદેશ

ભારતમાં ઘણાં સમયથી નક્સલવાદી વિસ્તારમાં શાંતિનો માહોલ જળવાયેલો હતો. પરંતુ ચાર દિવસ પહેલાં અચાનક છત્તીસગઢમાં નક્સલવાદીઓ વિરુદ્ધ ચાલી રહેલા અભિયાનમાં માઠા સમાચાર આવ્યા. નક્સલવાદીઓએ કરેલા હુમલાને કારણે સેનાના ૨૪ જવાનોએ શહાદત વહોરી લીધી. આ પહેલાં ૨૩ માર્ચે નક્સલવાદીઓએ છત્તીસગઢના નારાયણપુર પાસે કરેલા હુમલામાં જવાન શહીદ થયા હતા. નારાયણપુરમાં તર્રેમ પોલીસ સ્ટેશનમાંથી સીઆરપીએફ, ડીઆરજી, ડિસ્ટ્રિક્ટ પોલીસ ફોર્સ અને કોબ્રા બટાલિયનના જવાનો નક્સલવાદીઓને શોધવા નીકળ્યા હતા. આ સમયે નક્સલવાદીઓએ આઈઈડી બ્લાસ્ટ કરીને પાંચ જવાનોનાં ઢીમ ઢાળી દીધા હતા.

છત્તીસગઢ વર્ષોથી નક્સલવાદીઓનો અડ્ડો છે. તેથી ત્યાં સતત જંગ ચાલ્યા કરે છે. નક્સલવાદીઓ ક્યાં છૂપાયા છે તેની બાતમી મેળવીને સર્ચ ઓપરેશન કરાય છે. સુરક્ષાદળોને માહિતી મળી હતી કે, જોનાગુડાની ટેકરીઓ પર નક્સલવાદીઓએ ધામા નાખ્યા છે. સ્થાનિક નક્સલવાદીઓ ઉપરાંત જુદી જુદી એરિયા કમિટીના ૨૭૦ જેટલા નક્સલવાદીઓ હોવાની બાતમી મળતાં જ શુક્રવારે રાત્રે સીઆરપીએફના કોબ્રા કમાન્ડો, સીઆરપીએફના બસ્તરિયા બટાલિયન અને સ્પેશિયલ ટાસ્ક ફોર્સના બે હજાર જવાનોને ઓપરેશન માટે રવાના કરાયા. જો કે, કમનસીબે નક્સલવાદીઓ વધારે ચાલાક સાબિત થયા. સેનાના જવાનો જોનાગુડા ટેકરી પાસેના વિસ્તારમાં અલગ અલગ ટુકડીઓમાં પહોંચ્યા અને તેમાંથી નક્સલવાદીઓએ ૭૦૦ જવાનોને ઘેરી લઈને ત્રણ બાજુએથી ફાયરિંગ શરૂ કરી દીધું. જવાનોને કંઈ સમજાય એ પહેલાં ધાણીફૂટ ગોળીબાર શરૂ થયો અને જવાનોને છટકવાનો સમય જ ના મળ્યો. આ હુમલામાં ૯ નક્સલવાદીઓ મરાયા હોવાનો દાવો કરાયો છે પણ તેમના મૃતદેહો મળ્યા નથી. આ હુમલા પછી રાજકારણીઓ દ્વારા શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ શરૂ થઈ ગયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જવાનોની શહાદત પર દુ:ખ વ્યક્ત કર્યું છે અને કહ્યું છે કે જવાનોના બલિદાનને ક્યારેય ભૂલી શકાશે નહીં. મારી સંવેદના છત્તીસગઢમાં શહીદ થયેલા જવાનોના પરિવાર સાથે છે. અમિત શાહે પણ આ જવાનોનાં બલિદાનોનો બદલો લેવાની વાત કરી છે. આ વાતો આપણે પહેલાં પણ સાંભળી ચૂક્યા છીએ.

જો કે, માત્ર બે દિવસમાં જ બધી આક્રમકતા અને ઝનૂન ઓસરવા માંડ્યા છે. રાજકારણીઓ પાછા ચૂંટણી પ્રચારમાં લાગી ગયા છે અને શહીદ થયેલા જવાનોના પરિવારોનાં આંસુ લૂછવા જવાનો સમય પણ તેમની પાસે નથી. શહીદ જવાનોના પાર્થિવ દેહ કોફીનમાં ભરીને અને તેના પર તિરંગો મૂકીને તેમના પરિવારોને મોકલી અપાયા હતા. ઉત્તર પ્રદેશમાં તો આ અવગણનાથી અકળાયેલા ધર્મદેવ નામના શહીદ જવાનના પરિવારે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ના આવે ત્યાં સુધી મૃતદેહ લેવાનો જ ઈન્કાર કરી દીધો હતો. સ્થાનિક અધિકારીઓએ માંડ માંડ તેમને સમજાવીને ધર્મદેવનો મૃતદેહ સોંપ્યો અને અંતિમવિધિ કરાવી હતી. બીજે બધે શહીદોના પરિવારો શહીદ ધર્મદેવના પરિવારજનોની જેમ નથી વર્ત્યા, પણ તેમનામાં આક્રોશ તો છે જ. કમનસીબે આ આક્રોશ સત્તાધીશો કે અધિકારીઓને અસર કરતો નથી.

આ સ્થિતિ વરસોથી છે અને શાસકો બદલાય છે પણ સ્થિતિ બદલાતી નથી. મોદી સરકારના શાસનમાં પણ એવું જ થઈ રહ્યું છે. આ પહેલાં ગઢચિરોલીમાં હુમલો થયો ત્યારે મોદી સરકારે આવી જ વાતો કરી હતી અને પછી બધું ભુલાઈ ગયું.

નક્સલવાદની શરૂઆત ૧૯૬૭માં સામ્યવાદી પક્ષના બે નેતા કનુ સાન્યાલ અને ચારૂ મજુમદારે કરી હતી. બંગાળમાં ખેતમજૂરોના જમીનદારો દ્વારા શોષણનો મુદ્દો બહુ મોટો હતો. સાન્યાલ અને મજુમદારે ખેતમજૂરોને ભેગા કરીને શોષણ કરતા જમીનદારો સામે હથિયાર ઉઠાવવાનું એલાન કર્યું અને નક્સલવાદ પેદા થયો હતો. નક્સલવાદ હિંસા પર આધારિત ચળવળ છે અને નક્સલવાદીઓ રાજકીય રીતે કે સૈદ્ધાંતિક રીતે જે વસ્તુ ના મળે તેને છિનવી લેવામાં માને છે. તેમને સરકાર સામે શસ્ત્રો ઉઠાવવામાં કોઈનો ડર નથી. સામ્યવાદીઓએ નક્સલવાદને પોષ્યો છે અને તેના જોરે સત્તા સુધી પણ તેઓ પહોંચી ગયા. સામ્યવાદીઓએ સત્તા મળ્યા પછી સત્તા જાળવવા નક્સલવાદને પોષ્યો, તેના કારણે બંગાળ તો રાજકીય હિંસાની નાગચૂડમાં ફસાયું છે. વળી, હવે દેશનાં બીજાં રાજ્યોમાં પણ તેનો પ્રભાવ ફેલાયો છે. દેશમાં અત્યારે લગભગ ૧૦ ટકા કરતાં વધારે વિસ્તાર એવો છે કે જે નક્સલવાદથી પ્રભાવિત છે અને ત્યાં રહેનારાં લોકોની જીંદગી નક્સલવાદીઓના ઈશારે ચાલે છે. આ દેશમાં નક્સલવાદથી પ્રભાવિત એક આખો વિસ્તાર રેડ કોરિડોર એટલે કે લાલ પટ્ટા તરીકે ઓળખાય છે. મધ્ય, પૂર્વ અને દક્ષિણ ભારતના આ વિસ્તારોમાં નક્સલવાદી હિંસા સામાન્ય છે. નક્સલવાદીઓને માઓવાદી તરીકે પણ ઓળખવામાં આવે છે.

આ વિસ્તારો માઓવાદીઓના ગઢ છે. આંધ્ર પ્રદેશ, બિહાર, છત્તીસગઢ, ઝારખંડ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા, તેલંગાણા, પશ્ચિમ બંગાળ અને ઉત્તર પ્રદેશ એ દસ રાજ્યોના વિસ્તારો આ રેડ કોરિડોરમાં આવે છે. ભારતમાં કુલ ૭૨૬ જિલ્લા છે અને તેમાંથી આ દસ રાજ્યોના ૭૪ જિલ્લા એવા છે કે જે નક્સલવાદથી અસરગ્રસ્ત છે. મહારાષ્ટ્રમાં કુલ ૩૬ જિલ્લા છે અને ગુજરાતમાં ૩૩ જિલ્લા છે. આ આંકડા સરકારે આપ્યા છે. તેથી સત્તાવાર રીતે પણ નક્સવલાદનો પ્રભાવ આ વિસ્તારોમાં છે તેમ માની શકાય છે. આપણે ત્યાં સરહદ પારના આતંકવાદની ચર્ચા થાય છે ને તેની જ ચિંતા કર્યા કરીએ છીએ, પણ નક્સલવાદ તેનાથી પણ મોટી સમસ્યા છે તેનો પુરાવો આ આંકડા છે.

નક્સલવાદને કઈ રીતે નાથવો તે વિશે પણ વિચારવાની જરૂર છે. તેનું કારણ એ કે, નક્સલવાદનો આ દેશમાં બહુ મોટા વિસ્તાર પર પ્રભાવ છે અને કરોડો લોકોની જીંદગીને આ નક્સલવાદ અસર કરે છે. આજે ૨૪ જવાનોની શહાદત પછી મોદી સરકારે આ નક્સલવાદના ખાતમા માટે સંકલ્પબદ્ધ થવાની આવશ્યકતા છે. છત્તીસગઢના હુમલા પછી લોકોને પણ સવાલ થઈ રહ્યો છે કે, આપણે ચીન-પાકિસ્તાનને સીધાં ના કરી શકીએ એ સમજાય, પરંતુ ભારતમાં જ રહેતા નક્સલવાદીઓને પણ કેમ સાફ નથી કરી શકતા ? પાકિસ્તાન અને ચીન બંને બહારના દુશ્મનો છે અને આપણે તેમની સરહદમાં ઘૂસીને કશું કરવા જઈએ તો ઘમાસાણ થઈ જાય, તેથી આપણે ધાર્યું નથી કરી શકતા. આ મર્યાદા સમજાય એવી છે પણ નક્સલવાદીઓના મુદ્દે તો એવી કોઈ મર્યાદા નથી. નક્સલવાદના ઉદભવ અને નક્સલવાદીઓને મળતા સમર્થનમાં છે. નક્સલવાદીઓને ભારતમાં જ લોકોનું સમર્થન મળે છે એ વાસ્તવિકતા છે. એ સિવાય કોઈ હિંસક ચળવળ પાંચ દાયકા કરતાં વધારે સમય ટકે ખરી ? નક્સલવાદ ભારતનું સૌથી મોટું અને સૌથી હિંસક રાજકીય આંદોલન છે. આ આંદોલનમાં અનેક હત્યાઓ થઈ, બોમ્બ ફેંકાયા, સામૂહિક હત્યાકાંડ થયા અને સરકારોએ આ ચળવળને દાબી દેવા માટે પાશવી અત્યાચારો પણ કર્યા છતાં નક્સલવાદ જીવંત છે તેનું કારણ લોકોનું સમર્થન છે. આવા સંજોગોમાં દેશમાંથી આતંકવાદની જેમ નક્સલવાદનો સફાયો પણ સરકારની પ્રાથમિકતા હોવી જોઈએ.

manoj1968@yahoo.ca






# ગોવર્ધનથાળ

## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

**Weekend Special**

રગડા પેટિસ, પાંઉભાજી,
છોલેપુરી, કટલેસ,
ખાસ્તા કચોરી,
સેવ ઉસળ, સમોસા ચાટ

**Takeout & Catering**

Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax



**CATERING SPECIAL**

$ 7.99 10 items +Tax

Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

Franchise Opportunity in GTA

Call us for details

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો,ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.




Quarantine Special Package

$73 Per Day



Call : Tushar Shah - 416-434-8121

ગુજરાત ભવન - 416-913-7184

4694 Kingston Road, Scarborough.

# ગુજરાતમાં કોરોનાએ રેકોર્ડ તોડ્યો ૨૪ કલાકમાં ૪૦૨૧ કેસ, ૩૫ મોત

- **અમદાવાદમાં ૯૭૭, સુરતમાં ૯૬૦, રાજકોટમાં ૪૨૭, વડોદરામાં ૪૯૦ નવા કેસો નોંધાયા**

ગાંધીનગર : સમગ્ર ગુજરાતમાં કોરોના વાયરસ હાહાકાર મચાવી રહ્યો છે. ગુજરાતમાં ગુરુવારે કોરોના વાયરસના નવા ૪૦૨૧ કેસો નોંધાયા છે જ્યારે ૨૧૯૭ દર્દીઓ સાજા થયા છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના કારણે વધુ ૩૫ દર્દીઓના મોત થતાં કુલ મૃત્યુઆંક ૪૬૫૫ પર પહોંચ્યો છે. ગુરુવારે સાંજ સુધીના છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં ૯૭૭, સુરતમાં ૯૬૦, રાજકોટમાં ૪૨૭, વડોદરામાં ૪૯૦ નવા કેસો નોંધાયા હતા.

છેલ્લા ત્રણ દિવસથી કોરોનાનો આંકડો ૩ હજારને પાર પહોંચી ગયો હતો પરંતુ ગુરુવારે તો તમામ રેકોર્ડ બ્રેક કરતાં ૪૦૨૧ કોરોના કેસ નોંધાતા તંત્ર દોડતું થયું છે. સતત રસીકરણ છતા કોઈ પણ પ્રકારે રાજ્યમાં કોરોના પર કાબૂ મેળવી શકાતો નથી. રાજ્યમાં ૪૦૨૧ નવા કોરોના કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૨૨૯૭ લોકો કોરોનાને મ્હાત આપીને સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૩,૦૭,૩૪૬ દર્દીઓ કોરોનાને મહાત્મ આપી ચુક્યા છે. જો કે રાજ્યનો રિકવરી રેટ આજે પણ ઘટ્યો હતો અને ૯૨.૪૪ ટકાએ પહોંચ્યો હતો.

રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો કુલ ૨૦,૪૭૩ એક્ટિવ દર્દી છે, જે પૈકી ૧૮૨ લોકો વેન્ટિલેટર પર છે અને ૨૦,૨૯૧ લોકો સ્ટેબલ છે. ૩,૦૭,૩૪૬ લોકોને ડિસ્ચાર્જ અપાઈ ચુક્યું છે. ૪૬૫૫ લોકોનાં મોત નિપજ્યાં છે. રાજ્યમાં કોરોનાને કારણે ૩૫ લોકોનાં મોત થયા હતા. જેમાં સુરત કોર્પોરેશનમાં ૧૪, અમદાવાદ કોર્પોરેશનમાં ૮, રાજકોટ કોર્પોરેશનમાં ૨, વડોદરા કોર્પોરેશનમાં ૨, અમદાવાદ ૧, રાજકોટ ૧, અમરેલી ૧, ભરૂચ ૧, ભાવનગર ૧, જામનગર ૧, મહેસાણા ૧, વડોદરા ૧ આ પ્રકારે કુલ ૩૫ લોકોનાં મોત નિપજ્યાં છે.

# રાજકોટ અને વડોદરામાં સ્વૈચ્છિક લોકડાઉન વીકએન્ડ કરફ્યૂ માટે સરકારની વિચારણા

ગાંધીનગર : રાજકોટના ચેમ્બર ઓફ કોર્મસે અને તે પહેલા વડોદરાના ૮૦ વેપારી એસોસિયેશનના સંગઠને એક સપ્તાહના લોકડાઉન, સપ્તાહના અંતે બે દિવસના કરફ્યુ માટે માંગણી કર્યા બાદ ગુજરાત સરકારે ગંભીરતા પૂર્વક વીકએન્ડ કરફ્યૂ માટે વિચારણા શરૂ કરી છે. ચેપના ફેલાવાની ગતિને ધીમી પાડવા લોકડાઉન સિવાય કોઈ મજબૂત વિકલ્પ નથી. જો કે, મહારાષ્ટ્રમાં વધુ કેસ છતાંયે ત્યાં આવા કોઈ જ નિર્ણય લેવતા નથી આથી, ગુજરાતમાં નિર્ણય લેવાય તો રાષ્ટ્રીય સ્તરે ઈમેજ બગડવાની ચિંતા સરકારને હોવાનું કહેવાય છે. આથી, શુક્રવાર કે શનિવારની રાતથી સોમવારની સવાર સુધી સમગ્ર રાજ્યમાં કે મહાનગરોમાં કરફ્યૂ નાંખવો કે કેમ ? તેને લઈને આખી સરકાર અસમંજસ હોવાનું જણાવા મળ્યુ છે. દરમિયાન રાજ્યમાં ૨૧૨ જેટલો મોટા ગામડાઓ અને ૧૭થી વધારે શહેરોમાં સ્વયંભૂ શનિ- રવિ દરમિયાન સ્વૈચ્છિક બજારો બંધ રાખવાના એલાનો થયા છે. જ્યારે અગાઉ કોઈપણ સ્થિતિમાં પરીક્ષા યોજવાની તૈયારી કરનાર જીપીએસસીએ પણ એપ્રિલ મહિનામાં યોજાનારી તમામ પરીક્ષાઓ રદ કરી છે.


## CLASSIFIED ADVERTISEMENT

LEADING SOUTH ASIAN FOOD PRODUCTS DISTRIBUTOR BASED IN TORONTO, ONTARIO REQUIRES SUITABLE CANDIDATE FOR THE FOLLOWING POSITION:

**FIELD SALES REP/MANAGER - MARKETING:**
**LOCATION:** TORONTO

**REQUIREMENTS :**

1. Minimum 2 to 3 yrsexperience in food/grocery outbound sales or marketing.
2. Must have a car
3. Must have a Valid "G" provincial driving license
4. Travelling required with in the province and outside based on needs
5. Must speak English and Hindi,Punjabi&Gujarati are preferred.
6. Salary @ $18-$20 per hour based on experience + target based sales commission
7. Full time position (35 to 40 hours)
8. New immigrants with marketing experience are also welcome.

**Responsibilities :**

- Primarily your focus should be on the sale of products and services to probable customers within a specific region.
- Focus should be to increase the sales of the company
- Must collect payments on time from customers for the outstanding invoices
- Must be able to do small deliveries and invoicing to customers for any urgent orders.
- Plan strategies, campaigns and offers to boost the sales during festivals and peak seasons.

**Fax Resume To: 647-351-7157**
**Email Resume To:recruit.wholesale@gmail.com**

Call Siva@416-666-8525 or Ram@647-831-9149



# પાલિતાણા ખાતે વ્યાજખોરોએ યુવાનને પેટ્રોલ છાંટી સળગાવ્યો

- વ્યાજે લીધેલ નાણાં ચુકવી ન શકતા હત્યાનો પ્રયાસ, સળગતી હાલતે યુવાન જીવ બચાવવા દોડ્યો

ભાવનગર : ભાવનગર શહેર અને જિલ્લામાં આવારા તત્વો કાળો કહેર વર્તાવી રહ્યાં છે ત્યારે પાલિતાણામાં વ્યાજે લીધેલ નાણાં પરત ન કરી શકતા યુવાન ઉપર બે વ્યાજખોરોએ પેટ્રોલ છાંટી જીવતો સળગાવી દેતા ભારે અરેરાટી છવાઇ જવા પામી છે. યુવાન પાસે જ પેટ્રોલ મંગાવી નાણાંની માગણી કરી છાંટી દેતા યુવાન સળગતી હાલતે રોડ પર ભાગ્યો હતો જેને ગંભીર હાલતે ભાવનગર સારવારમાં ખસેડવામાં આવતા સાંજના અરસા દરમિયાન હોસ્પિટલ બિછાને તેનું મૃત્યુ નિપજવા પામ્યું હતું. બનાવના પગલે મોટી સંખ્યામાં હોસ્પિટલ ખાતે ટોળા ઉમટી પડયા હતાં. જ્યારે પોલીસે ઘટના સ્થળ પર દોડી જઇ એક શખસને ડિટેઇન કરી લીધો હતો. જ્યારે અન્ય શખસને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતાં.રાત્રે યુવાન પાસે જ શખસોએ



પેટ્રોલ મંગાવી છાંટી દેતા સળગતી હાલતે જીવ બચાવવા દોડયો : ભાવનગર સારવારમાં ખસેડાતા હોસ્પિટલ બિછાને દમ તોડયો

ભાવનગર શહેર અને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા કથળી હોય તે રીતે અસામાજીક તત્વો ખાખીના લેશમાત્ર ખૌફ વિના બેખૌફ બન્યા હોય તેમ જોવા મળી રહ્યું છે. દિનપ્રતિદિન હત્યા અને ગંભીર મારામારીના બનાવો સામે આવી રહ્યા છે ત્યારે લોકોના જનમાનસ પર પોલીસની છબી ખરડાવા પામી છે. ગઇકાલે રાત્રિના વ્યાજે લીધેલ નાણાં ન ચુકવી શકતા બે શખસોએ યુવાનનો જીવ લેવાના ઇરાદે પેટ્રોલ છાંટી સળગાવી દીધો હતો.

# રાજકોટનાં ગ્રામ્ય વિસ્તારોમાં હવે નર્મદાના નીર મળશે

રાજકોટ : ઉનાળાનાં આરંભે ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની સ્થિતિ વિકટ બની રહી છે ત્યારે રાજકોટ જિલ્લાનાં કેટલાક તાલુકાઓનાં ખાલી પડેલા તળાવો અને ચેક ડેમોમાં નર્મદા નદીનાં નીર ઠલવાતા સ્થાનિક લોકોમાં લોકોનાં હૈયે ટાઢક વળી હતી. રાજકોટનાં આજી બાદ હવે પડધી - લોધિકા સહિતનાં કેટલાક ગામોમાં સ્થાનિક આગેવાનોએ નર્મદાનાં પાણીનું આગમન થતા વધામણાં કર્યા હતા. રાજકોટ જિલ્લાનાં એવા કેટલાક ગામો છે જયાં પહેલીવાર નર્મદાનાં પાણી પહોંચ્યા હતા. સૌની યોજના હેઠળ લીન્ક ૧ , ૩ અને ૪ હેઠળ રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લાનાં ૩૧ જેટલા તળાવો અને ૨૪૭ જેટલા ચેકડેમોમાં નર્મદાનું પાણી ઠાલવવાનું આયોજન કરવામાં આવ્યુ છે. આ અંગેની કવાયત જોરમાં ચાલી રહી છે. રાજકોટ જિલ્લામાં આજી બાદ ન્યારી ઉપરાંત લોધિકાનાં ચીભડા ગામનાં તળાવને નર્મદાનાં પાણીથી ભરવામાં આવતા સુકી થઇ ગયેલી નદીઓમાં પણ નર્મદાનાં નીર વહયા હતા.

# સોમનાથ ટ્રસ્ટનો નિર્ણય, વેદોક્ત પદ્ધતિથી ૧૧ હજારમાં લગ્ન કરાવશે

- મોંઘવારીમાં સમાજ માટે આવકારદાયક નિર્ણય
- સુશોભિત લગ્ન હોલ, મહારાજા ખુરશી, બ્રાહ્મણ સહિતની સુવિધા પૂરી પડાશે



સોમનાથ : સોમનાથ ટ્રસ્ટ દ્વારા વધતી જતી મોંઘવારી વચ્ચે સમાજ માટે આવકારદાયક અને સરાહનીય નિર્ણય કરવામાં આવ્યો છે. માત્ર રૂ. ૧૧ હજારમાં વેદોકત પુરાણોકત રીતે લગ્ન કરાવી આપવા પેકેજ જાહેર કરવામાં આવ્યુ છે. આ નિર્ણયને પગલે આવનારા દિવસોમા સોમનાથ ડેસ્ટીનેશન વેડીંગ બનશે.

સોમનાથ ટ્રસ્ટ દ્વારા નવનિર્મિત ટુરીસ્ટ ફેસેલીટી સેન્ટરમા વિશાળ લગ્ન મંડપ હોલ બનાવવામા આવ્યો છે. આ હોલમા બ્રાહ્મણ દ્વારા વેદોકત-પુરાણોકત રીતે લગ્નવિધિ કરાવી આપવામા આવશે. હાલના નવા ચલણ મુજબ યંગ જનરેશન ડેસ્ટીનેશન વેડીંગ માટે ધાર્મિક સ્થળોની પસંદગી કરે છે જે હવે સોમનાથમા પણ ડેસ્ટીનેશન વેડીંગની મનોકામના પૂર્ણ કરી શકશે.

લગ્નવિધિ માટે સુશોભિત લગ્ન હોલ, સ્ટેન, ચોળી, મહારાજા ખુરશી, લગ્નવિધિની સામગ્રી, બ્રાહ્મણ, મહેમાનો માટે ખુરશીની વ્યવસ્થા, હાર, તોરણ, લગ્નછાબ, ૫૦ ફોટોગ્રાફસ અને તેની ડેટા સીડી, સંસ્થાનુ પ્રમાણપત્ર, સોમનાથ ભગવાનનો પ્રસાદ, વર કન્યા માટે ફુલહાર, ૨૫૦ ગ્રામ મીઠાઈ, ખેસ, આંતરપટ, જેવી સુવિધા પ્રાપ્ત થશે. ગર્વમેન્ટ મ્યુનિસીપલ લગ્ન નોંધણી પ્રમાણપત્ર આપવામા આવશે.










સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# આણંદ અને નડિયાદ વચ્ચે લકઝરી બસ ભડભડ સળગી : ૨૫ મુસાફરોનો બચાવ

**• ડ્રાઈવરની સમયસૂચકતાથી જાનહાનિ ટળી : ફાયર બ્રિગેડના જવાનોની ૨ કલાકની જહેમત બાદ આગ કાબૂમાં આવી**



આણંદ : આણંદ જિલ્લામાંથી પસાર થતા અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે ઉપર આણંદ-નડીયાદ વચ્ચે સોમવારના રોજ સવારના સુમારે એક લક્ઝરી બસમાં અચાનક આગ ફાટી નીકળતા અફડાતફડી મચી જવા પામી હતી. આ બનાવ અંગે આણંદ ફાયર બ્રિગેડને જાણ થતાં જ બે ફાયર ફાઈટરો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને બે કલાકની ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો. જો કે આ ઘટનામાં ડ્રાઈવરને સમયસુચકતાના કારણે બસમા સવાર ૨૫ મુસાફરોનો બચાવ થયો હતો.

આ બનાવ અંગે વધુમાં મળતી માહિતી મુજબ સોમવારના રોજ વહેલી સવારના ૬.૩૦ કલાકના આસપાસના સુમારે પુનાથી રાજસ્થાન તરફ ૨૫ મુસાફરો ભરીને જઈ રહેલ એક લક્ઝરી બસ એક્સપ્રેસ વે પરનું સામરખા ટોલનાકું વટાવીને નડીયાદ તરફ જઈ રહી હતી ત્યારે ચારેક કીમી દૂર બોરીયાવી ગામની સીમમાં લક્ઝરી બસમાં એકાએક લક્ઝરી બસમાં આગ ફાટી નીકળી હતી. જો કે ડ્રાઈવરે સમયસુચકતા વાપરતા લક્ઝરી બસને તુરંત જ થોભાવી દીધી

# છઠીયારડાના મહંતની જીવંત સમાધિ લેવાના કાર્યક્રમનો નાટયાત્મક ફિયાસ્કો

મહેસાણા : મહેસાણા તાલુકાના છઠીયારડા ગામમાં આવેલા કબીરધામના મહંતે કરેલી જીવંત સમાધિની જાહેરાતનો છેવટે નાટયાત્મક અંત આવ્યો હતો. મોડી રાત સુધી અનુયાયીઓ અને વહિવટીતંત્રને ભ્રમમાં રાખી કહેવાતા મહંતે ફેરવીને તોળતાં કહ્યું હતું કે, સમાધિમાં દેહત્યાગ ન થયો તેનું મને દુ:ખ છે અને હવે હું ભક્તિ છોડી રહ્યો છું તેમજ સજા ભોગવવા તૈયાર છું.

મહેસાણા નજીક આવેલા છઠીયારડા ગામમાં સત્ય શબ્દ સંશોધન કેન્દ્રમાં રવિવારે મોડી રાત્રે ૧૧ કલાકે મહંત શપ્તસુલ ઉર્ફે રાજુભાઈએ જીવંત સમાધિ લેવાની જાહેરાત કરી હતી. આ અંતર્ગત પત્રિકાઓની વિતરણ સહિત તડામાર તૈયારીઓ કરવામાં આવી હતી. તંત્રના અધિકારીઓ તેઓને સમજાવવાનો પણ પ્રયત્ન કર્યો હતો. પરંતુ ઈશ્વર પ્રત્યે શ્રધ્ધાના નામે મહંતે સમાધિ લેવાનો હઠાગ્રહ ચાલુ રાખ્યો હતો. છેવટે મોટી સંખ્યામાં આશ્રમમાં એકઠા થયેલા લોકો અને ઉત્સુકતા વચ્ચે નિર્ધારીત સમયે મહંત સપ્તસુલ આ સ્થળે બનાવાયેલા મંચ ઉપર આવ્યા હતા અને મૌન ધ્યાનમાં બેસી ગયા હતા. દોઢેક કલાક સુધી એજ અવસ્થામાં રહ્યા બાદ મહંતે કોથળામાંથી બિલાડું કાઢતાં કહ્યું હતું કે ધ્યાનમાં જ દેહત્યાગ થવાનો હતો પરંતુ તેવું થયું નથી.

# પંચમહાલમાં ખાવા બાબતે તકરાર થતાં ભત્રીજાએ કુહાડી મારી કાકા-કાકીની હત્યા કરી

પંચમહાલ : પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના સંભાલી ગામમાં ભત્રીજાએ નિદ્રાધીન કાકા અને કાકીની હત્યા કરી હતી. ખાવાનું બનાવવા માટે લાકડા ન કાપતો હોવાથી લાકડા કાપવા નથી અને ખાવું છે, તેવો કાકાએ ઠપકો આપતા મનમાં લાગી આવતા ભત્રીજાએ કાકા અને કાકીનું ઢીમ ઢાળી દીધું હતું. સંભાલી ગામના નાયક ફળિયામાં રહેતા પતિ નાયક અર્જુનભાઈ સોમાભાઈ(ઉ.વ.૪૨ ) નાયક અને પત્ની રાધાબેન અર્જુનભાઈ (ઉ.૩૮) શનિવારે રાત્રીના સમયે કુહાડીના ઘા મારી નિદ્રાધીન ચીર નિદ્રામાં હત્યા થઈ હતી. રાત્રિના અરસામા સુઈ રહેલા કાકા અને કાકીની ભત્રીજા નાયક જયંતીભાઈ પ્રતાપભાઈએ નિર્મમ હત્યા કરી હોવાનું બહાર આવ્યું છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી.

# કડીમાં કિન્નરના વાળ કાપી હત્યા, લાશને ૭૧ કિમી દૂર કેનાલમાં ફેંકી

કડી : ૧૫ દિવસ અગાઉ કડીના રંગપુરડા નજીક નર્મદા કેનાલમાંથી સ્ત્રીવેશમાં મળેલી અજાણી લાશની હત્યાનો ભેદ હવે ઉકેલાયો છે. સ્ત્રીવેશમાં મળેલી લાશ દહેગામ તાલુકાના નાંદોલ ગામના ભાવેશ ઉર્ફે ભાવિકા ઠાકોર નામના કિન્નરની હોવાનું સામે આવ્યું હતું. અને કિન્નર બની કિન્નર મંડળમાં ફરતા ભાવિકાની હત્યા ભિક્ષાવૃત્તિની તકરારમાં જ તેમના સાથી કિન્નરોએ કરી હતી.

વડોદરા જીલ્લાના જરોદ ગામ ખાતે રહેતા કિન્નર સમુદાયમાં ગુરુમાતા વૈભાલીમાસી સાથે કિન્નર ભાવિકાને ઝગડો થતો હતો. આથી કિન્નર ભાવેશ ઉર્ફે ભાવિકાએ ગુરુ માતાનો સાથ છોડી કિન્નરોના અન્ય અખાડામાં જતા રહ્યા હતા. ગુરુમાતાનો અખાડો છોડ્યા બાદ ભિક્ષાવૃત્તિ કરવામાં કિન્નરોના બંને જૂથ વચ્ચે ભિક્ષાવૃત્તિ મામલે તકરાર થતી હતી.

આથી કિન્નર ભાવિકાના ગુરુમાતા એવા વૈભાલીમાસીએ તરકટ રચી સાથી કિન્નરોને બોલાવી ભાવિકાના માથાના વાળ અને આઈબ્રોના વાળ કાપી કિન્નર ભાવિકાને ઢોર માર માર્યો હતો. આથી કિન્નર ભાવિકા મોતને ભેટતા મોતને ઘાટ ઉતારનાર કુલ ૯ જેટલા કિન્નરોએ વડોદરાથી ૭૧ કિલોમીટર દુર ભાવિકાની લાશ નર્મદા કેનાલમાં નાખી દીધી હતી.

# વડોદરામાં પ્રખ્યાત ગઝલકાર, કવિ અને સુપ્રસિદ્ધ લેખક ખલીલ ધનતેજવી જન્નતનશીન

વડોદરા : વિખ્યાત ગુજરાતી તથા ઉર્દૂ ગઝલકાર, કવિ, લેખક પત્રકાર તથા ઝિંદાદિલ ઈન્સાન જનાબ ખલીલ ધનતેજવી આજે ૮૨ વર્ષની વયે વડોદરામાં જન્નતનશીન થયા છે. ખલીલ ધનતેજવીને છેલ્લા કેટલાક સમયથી શ્વાસની બીમારી હતી અને તેઓ સારવાર પણ લઈ રહ્યા હતા. આજે સવારે તેમણે નમાઝ અદા કર્યા બાદ અંતિમ શ્વાસ લીધા હતા. તેમનો જન્મ ૧૨ ડિસેમ્બર ૧૯૩૯ ના રોજ થયો હતો. વડોદરા નજીક આવેલા ધનતેજ ગામના તેઓ વતની હતા. આ ગામના નામ પરથી તેમણે પોતાના નામની પાછળ ધનતેજવી અટક લગાવી હતી. આમ તો તેમનું મૂળ નામ ખલીલ ઈસ્માઈલ મકરાણી હતું. તેમણે માત્ર ધો.૪ સુધીનું જ શિક્ષણ મેળવ્યું હતું, પણ તેમનામાં સર્જન શક્તિનો આગવો સ્ત્રોત કુદરતે વહાવ્યો હતો. મુશાયરાઓમાં પ્રત્યેક શેર પર જેઓ દાદ મેળવતા હતા.

# દુષ્કર્મ-હત્યાના દોષિતની ફાંસીની સજા હાઇકોર્ટે આજીવન કેદમાં તબદીલ કરી

**• આણંદ જિલ્લાના તારાપુરમાં ચાર વર્ષની બાળકી પર દુષ્કર્મ થયું હતું**

આણંદ : આણંદ જિલ્લાના તારાપુર તાલુકાના એક ગામમાં ચાર વર્ષની બાળકી પર દુષ્કર્મ અને હત્યાના કેસના દોષિતને ટ્રાયલ કોર્ટે ફટકારેલી ફાંસની સજાને હાઈકોર્ટે રદ કરી આજીવન કેદની સજામાં તબદીલ કરી છે. આ ગુનો રેરેસ્ટ ઓફ ધ રેરની વ્યાખ્યામાં બંધબેસતો ન હોવાથી ટ્રાયલ કોર્ટે આપેલી ફાંસીનો સજા કોર્ટે રદ કરી છે અને ફાંસી સિવાયના સજા અને દંડ યથાવત રાખવામાં આવ્યા છે. ફેબ્રુઆરી-૨૦૧૭માં આણંદ જિલ્લાના તારાપુર તાલુકાના એક ગામમાં ચાર વર્ષની બાળકી લાપતા થતાં તેની શોધખોળ કરાઇ હતી અને તેનો મૃતદેહ મળ્યો હતો. પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું કે બાળકી પર દુષ્કર્મ આચરવામાં આવ્યું છે. આ ગુનામાં બાળકીના પરિવારના એક ઓળખીતા શખ્સની ધરપકડ કરવામાં આવી હતી. આરોપી પણ બાળકીના પરિવાર સાથે બાળકીની શોધખોળ કરી રહ્યો હતો. જેથી પોલીસને શંકા જતા તેની પૂછપરછ કરી હતી અને પૂછપરછમાં તમામ વિગતો બહાર આવી હતી. ઓક્ટોબર-૨૦૨૦માં આણંદ જિલ્લની સ્પેશિયલ પોક્લો કોર્ટે આરોપીની ફાંસીની સજા ફટકારી હતી. જેથી કાયદા પ્રમાણે સરકારે ફાંસની સજાના કન્ફર્મેશન માટે હાઈકોર્ટમાં અરજી કરી હતી.

હાઈકોર્ટમાં સરકારની રજૂઆત હતી કે આ ગુનો અતિગંભીર હોવાથી આરોપીને ફાંસી થવી જોઈએ. જેની સામે આરોપી તરફથી રજૂઆત કરાઇ હતી કે બનાવના ૨૭ કલાક બાદ પોલીસ ફરિયાદ નોંધાઈ છે અને તેમાં આરોપીનું નામ નથી.


"Savings For YOU, Protection for Your Loved Ones"

: Offered services :

1. Life Insurance
2. Mortgage Insurance
3. Critical Illness Insurance
4. Visitors Medical Insurance
5. Tax Return Filing
6. Super Visa Travel Insurance



Shailesh Patel

CALL TODAY
Cell : 416 837 9155
Email : shailesp@gmail.com

We represent many insurance companies, we can shop around for best rates.



First Flight
FFCL Couriers Inc.

દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $20 વધુ દર LB ના $5
11 LB $50 વધુ દર LB ના $5
23 KG $165, વધુ દર KG ના $10
30 KG $210, વધુ દર KG ના $10

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ

બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-3
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૨.૦૦ PM થી ૬.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631

સ્કારબોરો WE ARE RE-OPENING
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-બુધ : ૨.૦૦ PM થી ૬.૦૦ PM
ગુરૂ-શુક્ર : વીક ઓફ
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર : ૧૧.૦૦ AM થી ૫.૦૦ PM
શનિ-રવિ : વીક ઓફ

૬૪૭-૭૬૧-૧૩૧૭
www.firstflightcanada.com



## રિહાનાએ ન્યૂયોર્કની સડકો પર કર્યા વિરોધ-પ્રદર્શન

મુંબઇ : અમેરિકન પોપ સિંગર રિહાના ફરી એક વખત ચર્ચામાં આવી છે. હવે તે અમેરિકામાં ચાલી રહેલા અમેરિકન-એશિયન સાંપ્રદાયિક આંદોલનમાં પોતાનું સમર્થન દેખાડતી નજરે ચડી છે. પોપસ્ટાર ન્યૂયોર્ક શહેરમાં એશિયન સમુદાયના પ્રતિ નફરત દેખાડનારા વિરોધ કરી રહી છે. તસવીરમાં રિહાના પોતાના હાથમાં લીલા અને ગુલાબી રંગના પ્લે કાર્ડ પકડીને જોવા મળી રહી છે. જેના પર મોટા-મોટા અક્ષરોમાં લખ્યું છે કે, એશિયાઇ મૂળના વિરુદ્ધ નફરત ફેલાવાનું બંધ કરો.

## બોલીવુડમાં કોરોનાનો કેર: દિગ્ગજ કલાકારો પોઝિટિવ, અક્ષયને હોસ્પિટલ ખસેડાયો



મુંબઇ : કોરોનાએ બોલીવુડમાં પોતાનો કેર વર્તાવ્યો છે. બોલીવુડના દિગ્ગજ કલાકારો કોરોનામાં સપડાઈ રહ્યા છે. અભિનેતા અક્ષય કુમાર કોરોના પોઝિટિવ આવતા હોસ્પિટલમાં દાખલ થવાની નોબત આવી છે. તેની તબિયત બગડતા તેને સોમવારે હોસ્પિટલમાં એડમિટ થવુ પડયું હતું. અક્ષયકુમાર બાદ ગોવિંદા, ભૂમિ પેડણેકર, વિકી કૌશલ, કેટરિના કૈફ, આલિયા ભટ્ટ સહિત ટેલિવિઝન જગતના કાલાકારો શુભાંગી અત્રે, કનિકા માન, નારાયણી શાસ્ત્રી, અબરાર કાજી, રાજવીર સિંહ, રાજન શાહી કોરોનાની અડફેટમાં આવ્યા હોવાની માહિતી મળી છે. ઉપરાંત અક્ષયની અપકમિંગ ફિલ્મ રામ સેતુના ૪૫ જુનિયર આર્ટિસ્ટ્સ પણ કોવિડ-૧૯ પોઝિટિવ નોંધાયા છે.

## ઉર્વશી રૌતેલાએ આગામી ફિલ્મ માટે દસ કરોડ મહેનતાણું લીધું



મુંબઇઃ ઉર્વશી રૌતેલા હાલ ચર્ચામાં છે.તે બોલીવૂડની ફિલ્મોમાં ઝાઝી જોવા મળતી નથી પરંતુ સોશિયલ મીડિયા દ્વારા ચર્ચામાં રહે છે. તેણે બોલીવૂડની અત્યાર સુધીની ફિલ્મો સાઇન કરવામાં ખોટા નિર્ણય લીધા હોવાથી તે આજે બોલીવૂડમાં પોતાનું સ્થાન જમાવી શકી નથી. પરંતુ હવે લાગે છે કે, અભિનેત્રી  નજીકના ભવિષ્યમાં બોલીવૂડના માંધાતાઓની માનીતી બની જશે. હાલ ઉર્વશીને દક્ષિણ ભારતીય ફિલ્મોમાં તક મળી છે. હાલમાં જ તેણે એક તમિલ ફિલ્મ સાઇન કરી છે. જેના માટે તેણે રૂપિયા દસ કરોડ મહેનતાણું લીધું છે. ઉર્વશીએ આ ફિલ્મનું શૂટિંગ પણ શરૂ કરી દીધું છે. આ ફિલ્મમાં તે એક માઇક્રોબાયોલોજિસ્ટના રોલમાં જોવા મળવાની છે.  ઉર્વશી સાઉથની ફિલ્મમાં પોતાનું સ્થાન જમાવાના પ્રયાસ કરી રહી છે. આ પછી તેનું ભાગ્ય ફરી તેને બોલીવૂડમાં લઇ આવે તેવી તેના પ્રશંસકોને આશા છે.

## અક્ષય જેવા સ્ટાર અભિનેતા મને છાનેમાને ફોન કરે છે, કંગનાનો બોલીવુડ માફિયા પર પ્રહાર



બોલિવૂડમાં પોતાની રીતે પોતાની ઓળખ બનાવનારી બોલિવૂડ અભિનેત્રી કંગના રનૌતનો વિવાદો સાથે ખૂબ જ ઉંડો સંબંધ છે. તે દરેક મુદ્દા પર પોતાના મંતવ્યો ખુલ્લી રાખે છે. તાજેતરમાં કંગનાએ સોશિયલ મીડિયા પર આવો એક ખુલાસો કર્યો છે કે વાંચ્યા પછી બધા સ્તબ્ધ થઈ જાય છે. મૂવી માફિયા પર કટાક્ષ કરતાં કંગનાએ કહ્યું કે, અક્ષય કુમાર જેવા બોલિવૂડના ઘણા મોટા સ્ટાર્સ મને છાનેમાને કોલ્સ કરે છે. આ સાથે જ કંગનાએ પણ અનિરુદ્ધના આ ટ્વિટનો જવાબ આપ્યો છે. કંગનાએ લખ્યું કે, બોલીવુડ એટલું પ્રતિકૂળ છે કે અહીં મારી પ્રશંસા કરવાથી પણ લોકોને મુશ્કેલી પડી શકે છે, અક્ષય કુમાર જેવા મોટા સ્ટાર્સથી પણ મને ઘણા સિક્રેટ કોલ્સ અને મેસેજીસ મળે છે. તેમણે થલાઇવી ફિલ્મની જોરદાર પ્રશંસા કરી, પરંતુ આલિયા અને દીપિકાની ફિલ્મોની જેમ તેઓ પણ ખુલ્લેઆમ તેની પ્રશંસા કરી શકતા નથી. મૂવી માફિયા ટેરર. તમને જણાવી દઈએ કે કંગનાએ સ્ક્રીન રાઇટર અનિરુદ્ધ ગુહાના એક ટ્વિટ પછી આ ખુલાસો કર્યો છે.












હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી
અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## તમિલનાડુ વિધાનસભાની ચૂંટણી સમયે જ ભાજપને રજનીકાંતનું સન્માન કરવાની ઉતાવળ જાગી ગઈ

# રજનીને ફાળકે એવૉર્ડ: તમિલનાડુમાં ભાજપનો દાવ

**પ્રાસંગિક**

**ધવલ શુક્લ**

ભારતીય સિનેમામાં દાદાસાહેબ ફાળકે એવૉર્ડ સર્વોચ્ચ સન્માન મનાય છે. આ એવૉર્ડ મેળવવો એ ભારતમાં સિનેમા સાથે સંકળાયેલી કોઈ પણ વ્યક્તિનું સપનું હોય છે. રજનીકાન્ત પણ આ એવૉર્ડ મેળવવાનાં સપનાં જોતા હશે. જેને નરેન્દ્ર મોદી સરકારે સાકાર કરી દીધું છે. જો કે, મોદી સરકારના આ પગલા પાછળ રાજકીય લાભનો ઉદ્દેશ્ય વધુ હોવાનો ગણગણાટ ઉઠ્યો છે.

દેશનાં પાંચ રાજ્યોમાં અત્યારે ચૂંટણીનો માહોલ છે. આ રાજ્યોમાં એક તમિળનાડુ પણ છે. તમિળનાડુમાં વિધાનસભાની ચૂંટણીને કારણે રજનીકાન્તને આ એવૉર્ડ આપવામાં આવ્યો હોવાનું દેશનો બુદ્ધીજીવી વર્ગ માની રહ્યો છે. આમ તો તમિળનાડુમાં ભાજપ ક્યાંય ચિત્રમાં નથી. માત્ર ૨૦ બેઠકો ઉપર તે ચૂંટણી લડે છે પણ તેનો સાથી પક્ષ એઆઈએડીએમકે ફરી સત્તામાં આવવા હવાતિયાં મારી રહ્યો છે.

એઆઈએડીએમકે-ભાજપ સામે ડીએમકે-કૉંગ્રેસનો મોરચો છે. ભાજપને એઆઈએડીએમકે જીતે તેના કરતાં વધારે રસ કૉંગ્રેસ હારે તેમાં છે. તેથી એઆઈએડીએમકેને જીતાડવા ભાજપે તમિલનાડુમાં ખેલ કરવા પડે છે. રજનીકાન્તને દાદાસાહેબ ફાળકે એવૉર્ડ આપવાનો નિર્ણય પણ તે જ કારણે કરાયો છે. જેથી લોકો ભાજપ-એઆઈએડીએમકેની તરફેણમાં મતદાન કરે. એઆઈએડીએમકેને તેના કારણે કેટલો ફાયદો થશે એ ખબર નથી પણ મોદી રજની ઉપર રીઝ્યા તેનું ખરું કારણ આ જ છે.

રજનીકાંતને એવોર્ડ આપવાની જાહેરાત સાથે જ દેશમાં સવાલો ઉઠ્યા તેથી મોદી સરકારના માહિતી અને પ્રસારણ પ્રધાન પ્રકાશ જાવેડકરને વાત ગમી નહીં. રજનીને એવૉર્ડ અપાયો તેની સાથે તમિળનાડુની ચૂંટણીને કંઈ લેવાદેવા છે એવો સવાલ પત્રકાર પરિષદમાં તેમને પૂછાયો હતો. આ સમયે જવાબ આપવાને બદલે જાવડેકરે તે પત્રકારને સરખો સવાલ પૂછવાની વણમાગી સલાહ આપી દીધી હતી. ભારત એક લોકતાંત્રિક દેશ છે. જેમાં મીડિયાને લોકશાહીનો ચોથો આધાર સ્તંભ મનાયો છે. ખુદ ભાજપ વિપક્ષમાં હતો ત્યારે મીડિયાની સ્વતંત્રતા બાબતે ગાણુ ગાતો હતો. પરંતુ હવે રજનીકાન્તને ફાળકે એવૉર્ડ આપવા પાછળ રાજકારણ અંગેનો સવાલ પુછાય તો ભાજપને તે ગમતુ નથી.

રજનીકાન્ત કંઈ આજકાલમાં તો મોટો સ્ટાર થયો નથી ? એ વર્ષોથી તમિલનાડુના ફિલ્મ ઉદ્યોગ અને બોલીવુડમાં મોટો સ્ટાર છે. હિંદી ફિલ્મોમાં પણ તેમની કામગીરી લાખો કરોડો દર્શકોને મનપસંદ રહી છે. તમિલ ફિલ્મોના હિંદી ડબીંગમાં પણ તેની ફિલ્મો મોખરે છે. આવા સંજોગોમાં મોદી સરકાર અભિનેતા રજનીકાંતને સન્માન આપવા માંગતી હતી તો ૨૦૧૪ પછી ૭ વર્ષમાં ગમે ત્યારે આપી શકી હોત. અરે, હાલ તમિલનાડુની ચૂંટણી પુરી થયા પછી પણ તે નિર્ણય કરી શકાયો હોત. પરંતુ ચુંટણી સમયે જ મોદી સરકાર અભિનેતા રજનીકાંત પર કેમ ફીદા થઈ ગઈ તે સૌ કોઈને સમજી શકાય તેવી બાબત છે.

જો કે, રાજકીય ગણતરીના કારણે ફાળકે એવૉર્ડ આપનારો ભાજપ પહેલો પક્ષ નથી. ફાળકે એવૉર્ડમાં રાજકારણ વર્ષોથી ઘૂસેલું છે. કૉંગ્રેસે પણ એ ધંધો કર્યો હતો. ભાજપે તો બે વરસ પહેલાં જ આ ધંધો કર્યો. બચ્ચન પહેલાં વિનોદ ખન્નાને ફાળકે એવૉર્ડ મળ્યો હતો. મોટાભાગના લોકો અમિતાભને ભારતીય ફિલ્મોના ઈતિહાસમાં આવેલા શ્રેષ્ઠ અભિનેતા માને છે. હિન્દી ફિલ્મોમાં કોઈને ના મળી હોય એટલી જબરદસ્ત સફળતા અમિતાભને મળી છે. સફળ હોય એ દરેક અભિનેતા અભિનયમાં પણ અવ્વલ હોય એ જરૂરી નથી પણ બચ્ચન સારા અભિનેતા તરીકે પણ સ્વીકૃત છે. આ યોગદાન જોતાં બચ્ચન ભારતીય સિનેમાના સર્વોચ્ચ એવૉર્ડ બહુ પહેલાં મેળવવા માટે લાયક હતા. આમ છતાં વિનોદ ખન્નાને આ એવોર્ડ પહેલાં મળ્યો હતો. આ ધંધો માત્ર ભાજપ શાસનમાં થયો છે એવું નથી. કૉંગ્રેસનું રાજ હતું ત્યારે પણ એવું થતું. અભિનેતા પી. જયરાજને ૧૯૮૦માં ફાળકે એવૉર્ડ અપાયો, ત્યારે પણ રાજકીય કારણોસર એવૉર્ડ અપાયો હોવાના આક્ષેપો થયા હતા. કેમ કે જયરાજ સરોજિની નાયડુના ભત્રીજા હતા. ૨૦૦૯માં ડી. રામાનાયડુને ફાળકે એવૉર્ડ અપાયો તેની પાછળ પણ રાજકીય કારણ હતાં. રામાનાયડુએ થોકબંધ ફિલ્મોનું નિર્માણ કર્યું પણ તેમની ફિલ્મો એવી નથી કે જેના કારણે ફાળકે એવૉર્ડ આપી દેવામાં આવે. રામાનાયડુ લોકસભાના સભ્ય રહી ચૂક્યા હતા અને તેમણે લોબિંગ કરીને આ એવૉર્ડ મેળવ્યો હતો. અમિતાભ બચ્ચનને ફાળકે એવૉર્ડ મળ્યો એ પાછળ પણ રાજકીય કારણો જવાબદાર હતાં. એક સમયે નહેરૂ-ગાંધી ખાનદાનની અત્યંત નજીક બચ્ચન રાજકારણથી અલગ થયા હતા.

તેથી તેઓ નહેરૂ-ગાંધી ખાનદાનની નજરમાંથી ઊતરી ગયા. પરિણામે સરકારે તેમને કોરાણે મુકી દીધા હતા. રજનીકાન્તને ફાળકે એવૉર્ડ મળવો જોઈએ. તેની સાથે સૌ સમંત છે. રજનીકાન્ત તમિળ સિનેમાનો સુપરસ્ટાર છે અને બહુ લોકપ્રિય છે. રજનીએ કારકિર્દીની શરૂઆત રોમાંટિક અને સોશિયલ ફિલ્મોથી કરી હતી. આ સમયે તેમણે બાલાચંદર સાથે કરી હતી. રજનીકાન્ત તમિળ નથી પણ કન્નડિગા એટલે કે કર્ણાટકનો છે. મૂળ મરાઠા પરિવારનો છે પણ કર્ણાટકના બેંગલોરમાં જન્મેલો છે.

તેના પિતા પોલીસ કોન્સ્ટેબલ હતા અને રજની પોતે બેંગલોરમાં બસ કંડક્ટર હતો. કધનડ લેખક ટોપી મુનિઅપ્પાએ એક નાટકમાં તેને પહેલી તક આપી પછી મદ્રાસ ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટની જાહેરખબર જોઈને રજનીએ એડમિશન લીધું હતુ. તેનો પરિવાર બહુ ઉત્સાહી નહોતો, પણ રાજ બહાદુર નામના તેના મિત્રે તેની ફી ભરીને તેને એક્ટિંગના પાઠ ભણવા ચેન્નાઈ મોકલ્યો હતો. ૧૯૭૧માં રજની ચેન્નાઈ આવ્યો અને એક્ટિંગના પાઠ ભણતી વખતે નાટકમાં પણ કામ કરતો હતો.

તમિળ ફિલ્મોના ધુરંધર ડિરેક્ટર કે. બાલાચંદરે તેને જોયો. તેમણે રજનીને તમિળ શીખવા સલાહ આપી. રજનીએ આ સલાહને માથે ચડાવીને એક વર્ષમાં તમિળ શીખી લીધી. ત્યાર પછી બાલાચંદરે તેને રોમાંટિક ફિલ્મ 'અપૂર્વ રાગંરલ'માં તક આપેલી. રજનીએ બાલાચંદર સાથે થોડીક ફિલ્મો કરીને ૧૯૭૮માં અમિતાભની 'અમર અકબર એન્થની'ની તમિળ રીમેક 'શંકર સલીમ સિમોન' કરી હતી અને રજનીની કારકિર્દી બદલાઈ ગઈ. રજની આ ફિલ્મ સાથે સુપરસ્ટાર બની ગયો. રજનીએ એ પછી અમિતાભની દીવાર, મજબૂર, ડોન, ત્રિશૂલ પરથી બનેલી ફિલ્મોમાં કામ કરીને જબરદસ્ત સફળતા મેળવી હતી. અમિતાભની જેમ એક્શન અને કોમેડીનો સંગમ કરીને રજની લોકપ્રિય બન્યો છે. અમિતાભની ફિલ્મ 'કસમે વાદે' પરથી ૧૯૮૮માં 'ધર્માથિન થલૈવા' આવેલી. આ ફિલ્મે ધૂમ મચાવી અને રજનીકાન્ત 'થલૈવા' તરીકે જાણીતો થઈ ગયો હતો. રજનીકાન્તે પછીથી એંગ્રી યંગમેન સ્ટાઈલના નેગેટિવ રોલ છોડીને સારા માણસના રોલ કરવા માંડ્યા હતા. લોકોને સારી રીતે વર્તવાની સલાહ આપતા ઉપદેશાત્મક ડાયલોગ્સને કારણે તેની લોકપ્રિયતા વધતી ગઈ. તમિળનાડુમાં લોકો રજનીને ભગવાનની જેમ પૂજે છે. જો કે, રજનીકાંત કરતા બીજા કલાકારો પણ સારા છે. તેમ છતાં ભાજપે કરેલો આ નિર્ણય સમયને કારણે જ વિવાદમાં સપડાયો છે. સાઉથની ફિલ્મોમાં તો એક્ટિંગ કરી લેતા હોય એવા માણસો આંગળાની વેઢે ગણાય એવા છે. રજની પણ એ જ કેટેગરીમાં આવે પણ તેનું નામ મોટું છે તેથી તેને આ એવૉર્ડ મળી ગયો. રજનીની ફિલ્મોને મળેલી સફળતાને ધ્યાનમાં રાખીને તેને આ એવૉર્ડ અપાયો છે. રજની મોટો સ્ટાર છે પણ તેનું સ્ટારડમ હિન્દી ફિલ્મોની રી-મેઈક્સને આભારી છે.



ફાળકે એવૉર્ડ આપવામાં વર્ષોથી રાજકારણ ખેલાય છે. વર્ષો સુધી કૉંગ્રેસે અપનાવેલી નીતિમાં અમિતાભ બચ્ચન જેવા કલાકારને પણ કોરાણે મુકાયા હતા

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES

iccrc crcic

# CANADA IMMIGRATION

## Specialized in :

**Entrepreneur/Investor Business/ Self Employed/Farm Owner**

- **LMIA/WORK PERMIT**
- EXPRESS ENTRY
- CANADIAN EXPERIENCE CLASS
- FEDERAL SKILLED WORKER/SKILLED TRADE
- SUPER VISA & VISITOR VISA
- STUDY & WORK PERMIT
- Work / Study /Visitor Permit Extension
- PARENTS/CHILD/SPOUSAL SPONSORSHIP
- REFUGEES/APPEALS
- DETENTION REVIEWS
- CRIMINAL PARDONS
- POST GRADUATION WORK PERMIT
- CITIZENSHIP & PR CARD RENEWAL APPLICATIONS



**AMI MEHTA**
IMMIGRATION PRACTIONER

BUSINESS IMMIGRATION TO CANADA REQUIRES 3 CR NET WORTH/ 1.5 CR INVESTMENT/ BUSINESS OWNERSHIP/ MANAGEMENT EXP

REJECTED CASES WELCOME

ONLINE IELTS
SPOKEN ENGLISH
CLASSES ON ZOOM

**SUPER VISA INSURANCE / TRAVEL INSURANCE / PR 90 DAYS INSURANCE**

94- 499 MAIN STREET SOUTH, SHOPPERS WORLD MALL, BRAMPTON, ONT
416-745-2466
905-230-7855

2/A WAGHESHWARI SOC, VADODARA GUJARAT INDIA
91-9428973911
91-9512157817

Email.: info@siis.ca
Website.: www.siis.ca

# કોરોનાને રોકવા રાજ્યના ૨૦ શહેરોમાં રાત્રિ કરફ્યૂ

- લગ્ન સમારોહમાં ૧૦૦થી વધુ વ્યક્તિઓને આમંત્રણ નહિ આપી શકાય
- એપ્રિલ, મે મહિનાના ચારે ૪ શનિ-રવિ સરકારી કચેરીઓ બંધ રહેશે : સરકારી મેળાવડાઓ પર પ્રતિબંધ

અમદાવાદ : ગુજરાતની આઠ મહાનગર પાલિકાઓ ઉપરાંત બીજા બાર શહેરો મળીને કુલ વીસ સ્થળોએ રાતના આઠ વાગ્યાથી સવારના છ વાગ્યા સુધી કરફ્યુ લાગુ કરવાનો મંગળવારે ગુજરાત સરકારની કોર કમિટીની મળેલી બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો.

આઠ મહાનગર પાલિકાઓમાં અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરામાં કરફ્યુ લાગુ કરી દેવાયો છે. ઉપરાંત બુધવારથી બીજી ચાર મહાનગરપાલિકા જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગરમાં પણ રાતના આઠથી સવારના છ વાગ્યા સુધી કરફ્યું લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

કરફ્યુના દાયરામાં સમાવી લેવામાં આવેલા અન્ય વિસ્તારોમાં આણંદ, નડિઆદ, મહેસાણા, મોરબી, પાટણ, ગોધરા, દાહોદ, ગાંધીધામ, ભુજ,



સુરેન્દ્રનગર, ભરૂચ અને અમરેલીમાં રાતના આઠથી સવારના છ વાગ્યા સુધી કરફ્યુ નાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૩૦મી એપ્રિલ સુધી આ રાત્રિ કરફ્યુનો અમલ ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાની મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જાહેરાત કરી છે.

કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહ, આરોગ્ય સચિવ અને અન્ય અધિકારીઓ સાથે યોજવામાં આવેલી વિડીયો કોન્ફરન્સને અંતે પ્રસ્તુત જાહેરાત કરતાં ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે ગુજરાત હાઈકોર્ટના આદેશને સ્વીકારીને લગ્ન સમારોહમાં ૨૦૦ને બદલે ૧૦૦ મહેમાનોને આમંત્રણ આપવાનું સીમિત કરી દેવામાં આવ્યું છે. ૧૦મી એપ્રિલથી આ જોગવાઈ લાગુ કરવામાં આવશે. તમામ રાજકીય અને સામાજિક મેળાવડાઓ ૩૦મી એપ્રિલ સુધી સ્થગિત કરી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પચાસથી વધુ લોકોને એકત્રિત થવાની છૂટ આપવામાં આવશે નહિ. પચાસથી વધુ લોકો એકત્રિત થઈ શકશે નહિ. સરકારી કચેરીના કામકાજને પણ નિયંત્રણ કરવામાં આવ્યા છે. આ અરજદારોના આવાગમનને સરકારી કચેરીઓ પોતાની રીતે નિયંત્રિત કરી શકશે.

તેમણે કહ્યું હતું કે એપીએમસીમાં પણ ભીડ થાય છે. તેમાં એસ.ઓ.પી.નું પાલન કરાવવામાં આવશે. હોસ્પિટલમાં વેન્ટિલેટર બેડ, આઈસીયુ બેડ, ઓક્સિજન બેડ આજે પણ ૩૦ ટકા ખાલી છે.

## ૪થી ૫ દિવસના લોકડાઉનથી કઈ ફર્ક નહીં પડે : AMAના પૂર્વ પ્રમુખ

ગુજરાતમાં વધતાં કોરોના હાહાકાર વચ્ચે હાઈકોર્ટે ગુજરાત સરકારને કોરોના મહામારીની હાલની પરિસ્થિતિને લઈને સૂચન કર્યા બાદ હવે લોકડાઉનની માંગ પ્રબળ બની રહી છે. ગુજરાત હાઈકોર્ટે ગુજરાતમાં આગામી ૩થી ૪ દિવસ લોકડાઉન કરવાનું અવલોકન કર્યું હતું. હવે આજ સ્થિતિમાં એએમએના પૂર્વ પ્રમુખ જરદોષનું મહત્વપૂર્ણ નિવેદન સામે આવ્યું છે. તેમણે આજે જણાવ્યું છે કે ગુજરાતમાં ૪થી ૫ દિવસનું લોકડાઉનની જરૂર છે. રાત્રિ કરફ્યૂથી હાલની સ્થિતિમાં કોઈ ફર્ક પડ્યો પણ નથી અને પડશે પણ નહીં. કોરોના વાયરસનો નવો સ્ટેઈન સીધો ફેંફસા પર એટેક કરે છે, જેથી હાલના નવા સ્ટેઈનની ચેઈન તોડવી ખુબ જ આવશ્યક છે.

## રાજ્યના પોલીસ વડાનો આદેશ, તમામ પોલીસ કર્મીઓની રજા રદ

રાજ્યના પોલીસ વડા આશિષ ભાટિયા દ્વારા સૂચના આપવામાં આવી છે કે તમામ પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓની રજા મંજૂર કરવામાં આવશે નહીં. આવશ્યક સંજોગો અને અનિવાર્ય સંજોગો હશે તો જ ડીવાયએસપી અથવા તેની ઉપરના અધિકારીઓની મંજૂરી સાથે રજા આપી શકાશે. જે અધિકારીઓ લાંબી રજા ઉપર છે તેઓને રજા ટૂંકાવી દેવા માટે સૂચના આપી દેવામાં આવી છે. સંક્રમણ વધી રહ્યું છે અને કોરોનાનું સંક્રમણ નાથવા માટે કોરોનાના નિયમો અને એપેડેમિક નિયમોનું અમલીકરણ જરૂરી છે. તેવા સંજોગોમાં પોલીસ ફોર્સની વધુમા વધુ જરૂર પડશે. અને તે કારણે તમામ પોલીસ કર્મચારીઓની રજા કેન્સલ કરી તેઓને ફરજ પર હાજર થવા સૂચના અપાઈ છે.

## મોરબીની બિહામણી સ્થિતિ : બે દિવસમાં ૧૦ અંતિમવિધિ કરાઈ

મોરબીમાં કોરોનાનું સંક્રમણ અતિ ભયંકર બની ગયું છે. પરંતુ તંત્ર હજી પણ સબ સલામતના દાવા જ કરી રહ્યું છે. તો બીજી બાજુ મોરબીમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. ટપોટપ લોકો મોતને ભેટી રહ્યા છે, પરંતુ તંત્ર આંકડાની માયાજાળ રચી રહ્યું હોય એવું વાતાવરણ સર્જાયું છે. મોરબીના લીલાપર રોડ પરના સ્મશાનગૃહમાં છેલ્લા ૨ દિવસમાં ૧૦ જેટલા મૃતદેહને કોરોનાની ગાઈડલાઈન મુજબ અગ્નિદાહ આપવામાં આવ્યો છે. ફાયર વિભાગનો સ્ટાફ છેલ્લા કેટલાક દિવસોથી માત્ર કોરોનાના મૃતદેહને અંતિમ સફર સુધી પહોંચાડવા પુરતો જ સીમિત રહ્યો છે. સ્મશાનગૃહમાં છેલ્લા બે દિવસથી વેઈટીગની સ્થિતિ જોવા મળી રહી છે.

## સુરતમાં કોરોના ખપ્પરમાં રોજ ૨૪૦થી વધુના મોત, અંતિમસંસ્કાર માટે વેઈટિંગ

સુરતમાં કોરોનાના ખપ્પરમાં પ્રતિદિન ૨૪૦થી વધુ લોકોના મૃત્યુ થતાં હોવાનો સૂર તીવ્ર બની રહ્યો છે. હોસ્પિટલની જેમ સ્મશાનભૂમિમાં પણ ડેડબોડીના અંતિમસંસ્કાર માટે લાઈન લાગી છે. સ્મશાન પણ મડદાઓથી ઊભરાઈ રહ્યાં હોઈ ખાનગી હોસ્પિટલોમાં કોવિડમાં મૃત્યુ પામેલા દર્દીઓની ડેડબોડી ઉપાડવામાં બે કલાકનું વેઈટિંગ શરૂ થયું છે. શહેરમાં કોરોનાની સમયસર સારવાર માટે દર્દીઓ ભટકી રહ્યાં છે. નવી સિવિલ અને સ્મીમેર હોસ્પિટલમાં સબ-સલામતની બૂમો વચ્ચે સરકારી તંત્ર શહેરના ચોક્કસ વર્ગનો વિશ્વાસ ગુમાવી ચૂક્યું છે. આને કારણે ખાનગી હોસ્પિટલો દર્દીઓથી ઊભરાઈ રહી છે. પ્રાઈવેટ હોસ્પિટલમાં કોરોનાની સારવાર લઈ રહેલા સંખ્યાબંધ દર્દીઓ આજે જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યાં છે. પરિવારજનો આ દર્દીઓ માટે દવા અને દુઆ બંને કરી રહ્યાં હોવા છતાં અનેક લોકો સારવાર દરમિયાન જીવ ગુમાવી રહ્યાં છે. સુરતમાં રોજ સરેરાશ ૨૪૦ લોકોના મોત થઈ રહ્યા હોવાના ચોંકાવનારા આંકડાથી હડકંપ મચી ગયો છે. સુરતના દરેક સ્મશાનમાં જગ્યા ખૂટી પડી છે, સ્મશાનગૃહમાં પરિવારજનો વેટિંગમાં લાઈન લાગે છે.

## સુરતમાં મોતને ભેટેલી મુસ્લિમ મહિલાની દફનવિધિને બદલે અગ્નિ સંસ્કાર થઈ ગયા

સુરતઃ સુરતના રામપુરામાં રહેતા ૩૮ વર્ષના શબાનાબેનને ૯ દિવસ અગાઉ કોરોનાના લક્ષણો જણાતા સારવાર માટે સિવિલની કોવિડ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. બાદમાં તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. તેમનું સારવાર દરમિયાન શનિવારે રાત્રે મોત થયું હતુ. શબાનાબેનના પરિવારજનોએ કહ્યું કે, શબાનાબેનના મૃત્યુ અંગે કોવિડ હોસ્પિટલના કર્મચારીએ તેમના પરિવારને જાણ કરી હતી. જેથી તેના પરિવારજનો રાત્રે જ દોડી આવ્યા હતા પણ કર્મચારીએ સવારે આવવાનું કહેતા રવિવારે સવારે કોવિડ હોસ્પિટલ પહોંચ્યા હતા. તેઓને કર્મચારીએ કામગીરી ચાલી રહી હોવાનું જણાવ્યુ હતું. થોડા સમય પછી ફરી તેમના પરિવારજનોએ પૂછતા તેમને યોગ્ય જવાબ આપ્યો ન હતો. બાદમાં પરિવારજનોને જાણ થઈ કે, કોરોના સંક્રમિત સુશીલાબેન નામની મહિલા પણ મોતને ભેટી હતી, તે મહિલાના મૃતદેહનાં અંતિમ સંસ્કાર કરવાના બદલે શબાનાબેનના મૃતદેહનાં અંતિમ સંસ્કાર કરી દેવાયા છે. જેથી શબાનાબેનના પરિવારજનોએ આક્રોશમાં આવી હોબાળો મચાવ્યો હતો. જેને પગલે હાજર કર્મચારીએ ભૂલથી તેમનો મૃતદેહ અંતિમવિધિ માટે સોંપી દીધો હોવાનું જણાવ્યું હતુ.

## વડોદરા : મહિલા દર્દીનું મોત થતાં પરિવારે ડોક્ટરને માર્યો

ખાનગી હોસ્પિટલમાં સારવાર લઇ રહેલી કોરોના પોઝિટિવ મહિલાનું સારવાર દરમિયાન મોત થતા તેના સગાઓએ ઉશ્કેરાઇને ડોક્ટર અને સફાઇ સેવક પર હુમલો કર્યો હતો. ટોળાએ ઓક્સિજન સપ્લાયની પાઇપ તોડી નાંખતા હોસ્પિટલમાં દાખલ દર્દીઓનો જીવ જોખમમાં મુકાઇ ગયો હતો. હોસ્પિટલના ડોક્ટરે દર્દાના સગાના ટોળા સામે ફરિયાદ કરતા રાવપુરા પોલીસે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ તેમજ રાયોટિંગનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. દાંડિયાબજારમાં આવેલી સિદ્ધિ હોસ્પિટલના ડોક્ટર જયેશ રાજપુરાએ રાવપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી કાર્યવાહી કરવા માંગ કરી હતી.

## પાટણ શહેર બાદ હવે ચાણસ્મા અને ડીસામાં લોકડાઉન, નિયમ ભંગ બદલ ૧૦૦૦નો દંડ

ગુજરાતમાં કોરોના બેકાબૂ થઈ ગયો છે. ગુજરાત હાઈકોર્ટના અવલોકન બાદ રાજ્ય સરકારે વિચારણા કરીને અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ ઉપરાંત બીજા ચાર મહાનગરો-ગાંધીનગર, જૂનાગઢ, જામનગર અને ભાવનગર સહિત આણંદ, નડિયાદ, મહેસાણા, મોરબી, પાટણ, ગોધરા, દાહોદ, ભૂજ, ગાંધીધામ, સુરેન્દ્રનગર, ભરૂચ, ડીસા અને અમરેલી જેવા ૧૨ શહેરો મળીને હવે રાજ્યના કુલ ૨૦ શહેરોમાં બુધવારથી રાત્રિ કરફ્યૂ લાદવાનો નિર્ણય લેવાયો છે. એટલું જ નહીં, રાજ્યના ઘણા તાલુકા અને જિલ્લાના ગામડાંઓ સ્વૈચ્છિક લોકડાઉન તરફ વળી ગયા છે, પાટણ જિલ્લાના ચાણસ્મામાં ૧૩ દિવસનું સ્વંયભૂ લોકડાઉનનો નિર્ણય લેવાયો છે. જેના કારણે બપોરે ૧ વાગ્યા બાદ ચાણસ્માની બજારો બંધ રહેશે. આવશ્યક સેવા સિવાયની દુકાનો ખુલશે તો રૂ.૧ હજારનો દંડ ફટકારવાનો નિર્ણય પણ લેવાયો છે. જાણવા મળી રહ્યું છે કે, ચાણાસ્મામાં પાલિકા અને વેપારી સંગઠનોએ મળીને આ નિર્ણય કર્યો છે.

## વડોદરામાં કોરોના પોઝિટિવ યુવાને ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

વડોદરાના ન્યુ સમારોડ વિસ્તારમાં આવેલી જય યોગેશ્વર સોસાયટીમાં રહેતો ૩૮ વર્ષનો હરીઓમ જગન્નાથ ઝા મંજુસર ખાતેની ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો. છેલ્લા કેટલાક દિવસોથી તેની તબિયત બગડતા ખાનગી હોસ્પિટલમાં તપાસ કરાવી હતી અને કોરોનાનો રિપોર્ટ કઢાવતા ગઇકાલે જ પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો. હરીઓમને કોરોનાનો ચેપ લાગ્યો હતો પરંતુ હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર નહી હોવાથી હોમ ક્વોરેન્ટાઇનની સલાહ આપતા તેને ગઇકાલથી જ ઘેર રહીને કોરોનાની સારવાર શરૂ કરી હતી. આજે બપોરે પત્ની બહાર ગઇ હતી ત્યારે હરીઓમે ઘરમાં જ છતના પંખા સાથે રૂમાલ બાંધી ફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી.

## ગુજરાત વિધાનસભામાં એકસાથે ૩૫થી વધુ કેસ નોંધાયા, મંત્રીઓની ઓફિસમાં ફફડાટ

ગાંધીનગર : વિધાનસભામાંથી સીએમઓ સહિતના કાર્યાલયો સ્વર્ણિમ સંકુલ ૧ અને ૨માં કાર્યરત થયા બાદ વધુ બે મંત્રીઓની ઓફિસમાં કોરોના વાઈરસની એન્ટ્રી થઈ છે. બજેટ સત્ર દરમિયાન વિજય રૂપાણી, અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી, રાજગાર મંત્રી દિલિપ ઠાકોર, સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી ઈશ્વર પરમાર, સહકારમંત્રી ઈશ્વરસિંહ પટેલ, ઉર્જા મંત્રી સૌરભ પટેલ, ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા, વન મંત્રી ગણપત વસાવા, કૃષિ મંત્રી આર.સી.ફળદૂ સહિતના કાર્યાલયોમાં કોરોનાના ૩૨થી વધુ કેસ નોંધાયા છે. ગત સપ્તાહે સચિવાલય કેમ્પસમાં થતા ટેસ્ટીંગમાં પાંચ જ દિવસમાં સંખ્યા ૧૨૧એ પહોંચી હતી. સોમવારે વધુ ૩૫ને ચેપ લાગતા એક જ સપ્તાહમાં સંકુલમાંથી ૧૫૬ કર્મચારીઓ પોઝિટિવ મળ્યા છે. ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા સહિત બે કમાન્ડો અને ગૃહમંત્રીના ભાઈ ભૂપેન્દ્રસિંહને પણ કોરોના થયાનું બહાર આવ્યું હતુ.

## હવે બાળકોના માથે લટકતી તલવાર, અત્યાર સુધી રાજકોટમાં ૫૦૦ બાળકો સંક્રમિત થયા

રાજકોટ : જન્મતાની સાથે જ નવજાત બાળક કોરોના સંક્રમિત હોય તેવા કિસ્સા રાજકોટમાં બની રહ્યા છે. માત્ર ૨ દિવસના નવજાતને કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે, એક મહિલાના ૭ દિવસના બાળકનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. રાજકોટમાં કોરોનાની બીજી લહેર બાળકો માટે જોખમ બની રહી છે. છેલ્લા ૧૫ દિવસથી શહેરમાં રોજના ૨૫થી ૩૦ બાળકોના કોરોના ટેસ્ટ પોઝિટિવ આવી રહ્યા છે. શહેરમાં સિવિલ હોસ્પિટલ ખાતે ૧૬ અને વોકહાર્ટ હોસ્પિટલમાં ૪ બાળકો કોરોનાની સારવાર હેઠળ છે, જ્યારે બાકીના બાળકો હોમ આઈસોલેશનમાં છે. રાજકોટમાં વોકહાર્ટ હોસ્પિટલ ખાતે બાળકોના વિભાગના ડો.તૃપ્તીબેન વૈશ્નાની કહે છે કે ગઈકાલે ૨૦ બાળકોના ટેસ્ટ કર્યા, જે તમામ પોઝિટિવ આવ્યા છે. છેલ્લા ૧૫ દિવસથી આ રોજનો ક્રમ છે. રોજના ૨૫થી ૩૦ કેસમાં ૬૦ ટકા ૫ વર્ષથી નીચેના હોય છે. અત્યાર સુધીમાં રાજકોટમાં કોરોનાથી ૫૦૦ બાળકો સંક્રમિત થયા છે.

# ભક્તિ અને શક્તિની ઉપાસનાનું મહાપર્વ ચૈત્રી નવરાત્રિ

એક જ શિવશક્તિ મા જગદંબા યુગે-યુગે નવા-નવા સ્વરુપો ધરીને અનિષ્ટો અને આતંકી અસુરોનો સંહાર કરીને સૃષ્ટિને ભય મુક્ત કરે છે. ચૈત્ર સુદ એકમનાં પાવનકારી દિને નવરાત્રિનો પ્રારંભ થાય છે અને રામનવમીનાં પવિત્ર પર્વ પર તેની પૂર્ણાહુતિ થાય છે. એટલા માટે તે ચૈત્રી નવરાત્રિ 'રામનવરાત્રિ' પણ કહેવાય છે

ચૈત્ર સુદ એકમથી નોમ સુધી માઈ ભક્તો મા દુર્ગાની આરાધના કરે છે. આ વર્ષે ૧૩મી એપ્રિલથી ચૈત્રી નવરાત્રિનો આરંભ થશે. આ નવ દિવસ શક્તિ-સાધના અને ઉપાસનાનો મોટો. પવિત્ર વિશિષ્ટ સમય છે. જેમાં પરમ તત્ત્વને શક્તિ દર્શન રુપે નિરુપતિ કરવામાં આવે છે. શક્તિનું અંતમુર્ખ થવું શિવ છે અને શિવનું બહિમુર્ખ થવું શક્તિ છે.

આ ચૈત્રી નવરાત્રિ દરમિયાન શિવ-શક્તિ પરિવાર અને રામ પરિવાર સાથે સંકળાયેલા તહેવારોનો સંગમ થતો હોય છે. જેવા કે ગુડીપડવો, ગૌરીત્રીજ, વિનાયક ચોથ, શ્રી પંચમી, સ્કંદષષ્ઠી, ભવાની અષ્ટમી અને રામનવમી.

દૈવીશક્તિની ચેતના તો સકળ બ્રહ્માંડમાં સ્ફુરી રહી છે. બ્રહ્માંડના નવેય ગ્રહો તથા પૃથ્વીલોકનાં નવેય ખંડોમાં આ શક્તિ વ્યાપ્ત છે. જેને લીધે શાસ્ત્રો કારોએ 'નવદુર્ગા નવરાત્રિ ને વિશિષ્ઠ સ્થાન આપ્યું. દેવો એ પણ આ મા દુર્ગા દેવીની સ્તુતિ કરતા આવ્યા છે. આવી એ સ્તુતિનાં એક શ્લોકનો ભાવાર્થમાં જણાવાયું છે. દેવીમાં પુણ્યશાળીઓનાં જીવનમાં લક્ષ્મીરુપે રહે છે, તો પાપીઓને ત્યાં દરિદ્રતારુપે રહે છે. પવિત્ર બુધ્ધિશાળીઓને ત્યાં જ્ઞાનરુપે વસે છે, તો સજ્જનોનાં હૃદયમાં શ્રધ્ધારુપે રહે છે તેમજ કુળવાનનાં ત્યાં લજ્જારુપે વસે છે. તેવા હે મહાદેવી ! તમને નત મસ્તક પ્રણામ ! તમે આ જગતનું રક્ષણ કરો.' 'પરિપાલય દેવી ! વિશ્વમ !



**નમો દેવ્યૈ જગદધાત્રયૈ શિવાયૈ સતંત્ નમઃ**
**દુર્ગાયે ભગવતત્યૈ તે કામદાયૈ નમો નમઃ**

વિશ્વને ધારણ કરનાર, પોષણ કરનાર, રક્ષણ કરનારને પ્રણામ શિવા શક્તિને નિત્ય નમસ્કાર કામનાઓ પૂર્ણ કરનારા હે ભગવતી દુર્ગા, આપને પ્રણામ પ્રણામ ।

નવરાત્રિમાં શક્તિની ઉપાસના એ ભારતિય સંસ્કૃતિની આગવી પરંપરા રહી છે. આ નવ દિવસ-રાત દરમિયાન ભક્તિ અને શક્તિનો અનેરો સંગમ રચાય છે. પ્રાચીન શાસ્ત્રોકારોએ બ્રહ્મ શક્તિને એક દેવી શક્તિરુપે રજૂ કરી છે. ભગવતી દેવી શક્તિ તો અખિલ- બ્રહ્માંડનું સંચાલન કરનારી છે. જગતમાં શુભ, મંગલ કાર્યનો શુભારંભ કરવા તેમજ બાહ્ય શાસ્ત્રો, અધર્મ, અવિશ્વાસ અને અંધશ્રધ્ધા સામે ઝઝૂમવા તેમજ આંતરિક શત્રુઓ, કામ, ક્રોધ, લોભ, મોહ ઉપર વિજય પ્રાપ્ત કરવા શક્તિ સામર્થ્ય મેળવવા, ભગવતી દેવી શક્તિની ઉપાસના એટલે નવરાત્રિ પર્વ. એક જ શિવશક્તિ મા જગદંબા યુગે-યુગે નવા-નવા સ્વરુપો ધરીને અનિષ્ટો અને આતંકી અસુરોનો સંહાર કરીને સૃષ્ટિને ભય મુક્ત કરે છે. ચૈત્ર સુદ એકમનાં પાવનકારી દિને નવરાત્રિનો પ્રારંભ થાય છે અને રામનવમીનાં પવિત્ર પર્વ પર તેની પૂર્ણાહુતિ થાય છે. એટલા માટે તે ચૈત્રી નવરાત્રિ 'રામનવરાત્રિ' પણ કહેવાય છે.

ચૈત્રી નવરાત્રિનાં શુભારંભે ઘટસ્થાપન કરીને અખંડ દીપ પ્રજવલિત કરાય છે, તો ઘટની આસપાસ સાત નવાં ધાન્યનાં જવારા ઉગાડવાનો રિવાજ છે. મા દુર્ગાનાં નવરાત્રિ વ્રત કરનારે નવે દિવસ ઉપવાસ વ્રત રાખીને, દરરોજ ઘટ સ્વરુપ માતાજીની પૂજા-આરાધના કરે છે. તો એ સાથે શ્રીયંત્રની પૂજા, ચંડીપાઠ, દુર્ગા સપ્તશતી કરાય છે. ઓખા હરણનું વાંચન થાય છે. આઠમનાં નોરતાં પર યજ્ઞા-હવન કરીને 'બીડા' ને અગ્નિમાં આહુતિ અપાય છે. અંતિમ પૂર્ણાહૂર્તિએ માતાજીનાં પૂજન કરીને નૈવેધ ધરાય છે. ત્યારબાદ મહાઆરતી કરીને પ્રદક્ષિણા કરીને માતાજીને વિદાય અપાય છે. ચૈત્રી નવરાત્રીનાં પાવનપર્વે, ચરાચર વિશ્વમાં 'મહાશક્તિ' રુપે રહેલી મહાદેવીને નત્ન મસ્તકે પ્રણામ.

# શાવર જેલના ઉપયોગથી તરોતાજા બની મહેકી ઉઠો



સ્નાન કરવા માટે બજારમાં અનેક જાતના સાબુ મળે છે. તેમાંય જે સાબુની જાહેર ખબર પ્રખ્યાત અભિનેત્રીઓ કરતી હોય તો સાબુ બજારમાંથી ચપોચપ ઉપડી જાય છે. ખૂશ્બુદાર સાબુ આપણા તનને સ્વચ્છ કરવા સાથે તેને સુગંધથી તરબતર કરી દે છે. પણ હવે સાબુની જેમ જ શાવર ક્રીમ અને જેલનો ક્રેઝ પણ વધી રહ્યો છે. નહાતી વખતે ચોક્કસ સામગ્રીનો ઉપયોગ ત્વચાને મુલાયમ અને સુગંધી બનાવે છે.

નહાવાના પાણીમાં એક કપ દૂધનો પાવડર, દસ ટીપાં જિરેનિયમ ઓઈલ, એક મુઠ્ઠી ફૂદીનાના પાન અને કેમોમાઈલ, એક કપ જુવારનો લોટ અને પાંચ નાની ચમચી લવંડર ઓઈલ ભેળવો. બાથ ટબમાં પાણી ભરીને આ મિશ્રણ તેમાં નાખી દો. પછી અડધા કલાક સુધી બાથટબમાં બેસો. પાણીમાં રહેલા ફુદીનાના પાનથી તમને ટાઢક મળશે. કેમામાઈલ તમારી ત્વચાને રાહત પહોંચાડશે. જ્યારે જુવારનું સ્ક્રબ અને મિલ્ક પાવડર ત્વચાને મુલાયમ બનાવવામાં મદદગાર પુરવાર થશે.

ત્વચાને મુલાયમ બનાવવા અન્ય એક સાવ સોંઘો ઉપાય પણ કારગત નીવડે તેમ છે. એક ઝીણા કપડામાં એક ચમચી (નાની) સ્ટાર્ચ, મિલ્ક પાવડર, ગુલાબની પાંખડી, જુવારનો લોટ અથવા ચોખાનો લોટ અને થોડાં ટીપાં લવંડરનું તેલ નાખો. આ બધી સામગ્રી સારી રીતે મિક્સ કરીને કપડાની નાની નાની પોટલીઓ બનાવી રાખો.

સ્નાનનાં પાણીમાં એક પોટલી નાખી દો અથવા આ પોટલીને ભીંજવીને તેનાથી ત્વચા પર ગોળાકારમાં મસાજ કરો. સ્ટાર્ચથી ચામડી પ્રાકૃતિક રીતે કડક બને છે જેથી કરચલી ઝટ નથી પડતી. ગુલાબની પાંખડીઓ ત્વચાને ટોનઅપ કરે છે જ્યારે જુવારના લોટથી મૃત ત્વચા દૂર થવાથી ચામડી ચમકી ઉઠે છે.

ગરમીના દિવસોમાં આપણે પરસેવાથી રેબઝેબ થતાં રહીએ છીએ. આ દિવસોમાં નહાવાના પાણીમાં મોગરાના ફૂલ અને લીંબુની સ્લાઈસ નાખી દો. ત્યાર પછી શરીર પર ચંદન પાવડર ઘસો. આ બંનેનું કોમ્બિનેશન પરસેવામાં રાહત આપશે. તેવી જ રીતે ગ્રીષ્મ ઋતુમાં શરીરમાંથી ફેલાતી પરસેવાની દુર્ગંધ દૂર કરવાનો ઉપાય પણ સાવ સરળ છે. સ્નાન કરતી વખતે શરીરે હર્બલ માટી ચોપડો. તેનાથી તડકાને લીધે કાળી પડેલી ત્વચા સાફ થશે.

# ઝુકરબર્ગ સહિત ૫૩૩ મિલિયન ફેસબુક યુઝર્સના ડેટા લીક થયો



ફેસબુક કે જે એક સોશિયલ નેટવર્કિંગ સાઈટ છે. જેમાં ૨.૬ બિલિયન એક્ટીવ યુઝર્સ છે. ફેસબુકમાં દર વર્ષે ૧૨ કરોડ યુઝર્સનો ઉમેરો પણ જોવા મળે છે. ફેસબુક હંમેશા કોઈકને કોઈક કારણોસર ચર્ચામાં રહેતું હોય છે.

જાન્યુઆરી ૨૦૨૧માં ફેસબુકના ૫૩૩ મિલિયન યુઝર્સના ડેટા બ્રીચ એટલે કે હેક થયા હતા અને આ ડેટા ગત અઠવાડિયે હેકર્સ દ્વારા લીક કરવામાં આવ્યા. આ માહિતીનું પુષ્ટિકરણ એલોન ગલ કે જે એક સાયબર સિક્યુરીટી કંપનીમાં ચીફ ટેકનીકલ ઓફીસર દ્વારા કરવામાં આવ્યું છે. વધુમાં તે જણાવે છે કે લીક થયેલ ડેટા ટેલીગ્રામ પર ૨૦ ડોલરમાં અને હેકર ફોરમ તથા ડાર્કનેટ પર વિના મૂલ્યે ઉપલબ્ધ છે. એલોન ગલના કહેવા મુજબ ૧૦૬ દેશોના ફેસબુક યુઝર્સની વ્યક્તિગત માહિતી લીક થઈ છે.

લીક થયેલ ડેટામાં યુઝર્સના ફેસબુક આઈડી, સંપૂર્ણ નામ, ઈ-મેઈલ એડ્રેસ, ફોન નંબર, જન્મ તારીખ, લોકેશન, ફોટોસ વગેરે માહિતીનો સમાવેશ થાય છે. આ રીતે દર વર્ષે ફેસબુક યુઝર્સની સંવેદનશીલ માહિતી લીક થાય છે. તમારી ફેસબુક આઈડી હેક થઈ છે કે નથી તે ચકાસવા માટે haveibeenpwned.com વેબસાઈટ પર જઈ તમારું ઈ-મેઈલ એડ્રેસ એન્ટર કરવાનું રેહશે. ત્યારબાદ જો તમારા ફેસબુક એકાઉન્ટને લગતી માહિતી લીક થઈ હશે તો "Oh no - pwned!" લખાયેલું આવશે અને માહિતી લીક થઈ ન હશે તો "Good news - no pwnage found!" લખાયેલું આવશે. આ રીતે તમે ચકાસણી કરી શકો છો.

પરંતુ ફેસબુક દ્વારા આ ડેટા લીકની હજી સુધી કોઈ પુષ્ટિ કરવામાં આવી નથી. ડેટા લીક થયાનો પ્રમાણ માંગતો ઈ-મેઈલ ઘણા સાયબર એક્સપર્ટ દ્વારા કરવામાં આવ્યો છે પરંતુ હજી સુધી ફેસબુક દ્વારા કોઈ પણ અભિપ્રાય આપવામાં આવ્યો નથી. આ રીતે ફેસબુક ડેટા લીકની વાતને અવગણે છે. આપણી માહિતીની સલામતી આપણા હાથમાં છે. એટલે કઈ અને કેવી માહિતી સોશિયલ સાઈટ પર મૂકવી અને કઈ માહિતી ન મૂકવી તેનું ધ્યાન રાખવું ખુબજ જરૂરી છે.

@beinghumanmj

# ઝૂલેલાલની જન્મ જયંતિની ઉજવણી એટલે ચેટી ચાંદ

ચૈત્રી સુદ બીજનાં પવિત્ર દિવસે સિંધી સમાજનાં લોકો વર્ષોથી ચેટી ચાંદને ઝૂલેલાલ જયંતી તરીકે ઉજવતા આવ્યા છે. આ દિવસે ચંદ્રદર્શનનો પણ હોવાથી સિંધીજનો નૂતન વર્ષનો શુભારંભ કરે છે. ચેટી ચાંદનાં શુભ દિને સિંધી સમાજનાં લોકો વરુણ દેવતાનાં સ્વરુપ ભગવાન ઝૂલેલાલની પૂજા આરતી કરીને શોભાયાત્રા કાઢે છે.

આજથી સદીઓ પહેલાં પશ્ચિમી સિંધ પ્રદેશમાં બાદશાહ મરખશાહે સૌ માટે ધર્મ-પરિવર્તનનું ફરમાન કર્યું. આ ફરમાનની સામે પ્રજાએ પાસેના સાગરતટે જઈને દરિયાલાલ સમક્ષ પ્રાર્થના કરી. લગભગ ત્રણેક દિવસ સુધી લોકો ખાધા-પીધા વગર વરુણદેવનાં જપ-તપ કરતા રહ્યા. બરાબર ત્રીજે દિવસે વરુણ દેવે, ભગવાન ઝૂલેલાલ જલપતિનાં સ્વરુપમાં મત્સ્ય પર સવાર થઈને દર્શન આપ્યા. અને એ સાથે પાછળ આકાશવાણી થઈ કે 'હે ભક્તો ! તમે સૌ નિશ્ચિંત બનીને તમારા ગામે પાછા જાવ. તમારા સૌનું સંક્ટ દૂર કરવા હું થોડા દિવસમાં નરસપુરનાં ઠાકુર, રતનરાયનાં ઘરે માતા દેવકી કૂખે અવતાર ધારણ કરીશ. એ પછી સવંત ૧૨૨૯નાં ચૈત્ર માસની શુકલ પક્ષની બીજે દેવકીની કૂખે બાળક જન્મ્યો.



આ વાત બધે પ્રસરી ગઈ. બાળકનું નામ પાડવામાં આવ્યું. 'ઝૂલેલાલ'. આની જાણ બાદશાહને થતાં એમને થયું કે ભવિષ્યમાં આ બાળક જરૂર મારો વિરોધ કરશે. એટલે એમણે પોતાના વજીર આહાને નરસપુર ગામે તપાસ કરવા મોકલ્યા. વજીરને ખબર પડયા કે રતનરાયઠાકુરને ત્યાં એક બાળકનો જન્મ થયો છે. વજીરને ખબર પડયા કે રતનરાય ઠાકુરને ત્યાં એક બાળકનો જન્મ થયો છે. વજીરે ઠાકુરને જણાવ્યું કે બાદશાહનું ફરમાન છે કે તમે તમારા બાળકને લઈને રાજદરબારમાં હાજર થાવ.

મરખશાહ બાદશાહે એ બાળકને પકડવા માટે પહેરેગીરોને હુકમ કર્યો. પરંતુ તે બાળકને પકડી ન શકયા. એ વખતે ત્યાં હાજર સૌ તે બાળકનાં જાતજાતનાં રૂપો અને ચમત્કારો જોઈને દંગ થઈ ગયા. ત્યારે એ બાળકે ઝૂલેલાલ રુપમાં જણાવ્યું કે 'હે રાજન'. અલ્લાહ એક છે. એને ગમે તે નામે પૂકારો ઈશ્વર કહો કે ખુદા ! બધા એકરુપ સમાન છે. અલ્લાહની નિગાહમાં સર્વ ધર્મ-જાતિ સમાન છે. તે સૌનો એક ધર્મ છે. માનવતા અને અન્યોનાં કલ્યાણની પરવા-કુરાને શરીફમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે સર્વ જીવોમાં પરમાત્માનો સાક્ષાત્કાર કરો. આ બાળકની વાત સાંભળીને બાદશાહની આંખો ઉઘડી ગઈ અને તેણે સર્વધર્મોને સન્માન આપવાનું શરૂ કર્યું. ચેટી-ચાંદ પર સિંધી ભાઈ, બહેનો ઝૂલેલાલ ભગવાનની જન્મજયંતી પૂજા-અર્ચના કરીને રંગે ચંગે ઉજવે છે.

# પાક.ના ISI ટેરર મોડયુલનો પર્દાફાશ આતંકી સાથે સંકળાયેલા ૩ની ધરપકડ

અમદાવાદઃ ૨૦ માર્ચ ૨૦૨૧ના રોજ રાત્રે કાલુપુરમાં રેવડી બજાર એકસ્ટ્રા ગલી ખાતે આવેલા એ.કે.શાહ બિલ્ડીંગ તથા એ.એમ.એ ધરમશાલા સ્થિત સાતેક કાપડની દુકાનોમાં આગ લાગી હતી.

બીજી તરફ તપાસમાં આગની આ ઘટનામાં પાકિસ્તાની જાસુસી સંસ્થા આઈએસઆઈના એજન્ટો મારફતે ભારતીય નાગરિકોને નાણાકીય પ્રલોભનો આપીને દેશની આંતરિક સુરક્ષા તેમજ આર્થિક પરિસ્થિતી જોખમાય તેવું કાવતરૂ ઘડવામાં આવ્યું હોવાનું બહાર આવ્યું હતું. જેને પગલે અમદાવાદના પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવે આ કેસની તપાસ તાત્કાલિક ક્રાઈમ બ્રાંચને સોંપી હતી. જેમાં પોલીસે ત્રણ શખ્સોની ધરપકડ કરી હતી. જેમાં ભુપેન્દ્ર ઉર્ફે પ્રવિણ આનંદભાઈ વણઝારા, અનિલ રણજીતભાઈ ખટીક અને અંકિત ઈશ્વરભાઈ પાલનાનો સમાવેશ થાય છે. પુછપરછમાં ભુપેન્દ્રએ ક્રાઈમ બ્રાંચને જણાવ્યું હતું કે માર્ચ ૨૦૨૦માં લોકડાઉન દરમિયાન ફેસબુકના માધ્યમથી તે ભાઈ ઉર્ફે બાબા ભાઈ ઉર્ફે બાબા ભાઈ કંપની ઉર્ફે રાજા ભાઈ કંપની નામથી ફેસબુક એકાઉન્ટ ધરાવતા શખ્સના સંપર્કમાં આવ્યો હતો. જેમાં બાબા ભાઈએ વાતચીત દરમિયાન દસથી પંદર દુકાનો સળગાવવાનું કામ કરવા બદલ રૂ.૧,૫૦,૦૦૦ આપશે, એમ કહ્યું હતું.

આથી ભુપેન્દ્રએ રેડી બજાર ખાતે આવેલી કાપડની દુકાનોની રેકી કરી હતી. બાદમાં પોતાના જુના મિત્રો અનિલ ખટીક અને અંકીત પાલનાની મદદ લઈને ૨૦ માર્ચના રોજ રાત્રે પેટ્રોલ વડે સાતેક દુકાનોમાં આગ ચાંપી દીધી હતી.

# ગુજરાતનાં ચાર શહેરમાં સિંગાપોરની જેમ ૧૫,૦૦૦ અફોર્ડેબલ ઘર બનશે

- સિંગાપોરમાં ૨૦૩૦ સુધીમાં બધી જ ગાડીઓ ઈલે. -સોલાર પાવર્ડ હશે

અમદાવાદ : ગુજરાત સાથે વર્ષો જુના વ્યાપારિક અને આત્મીય સંબંધોને આગળ ધપાવતા ભારતમાં સૌ પ્રથમ સીંગાપોર સ્ટોક એક્સચેન્જ ગાંધીનગર ગીફ્ટ સીટીમાં ટૂંક સમયમાં શરૂ કરવા ઉપરાંત, સીંગાપોર ગુજરાતના ચાર મુખ્ય શહેરો અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરતમાં સો કરોડ ડોલરના ખર્ચે અફોર્ડેબલ અને એન્વાયર્નમેન્ટની રીતે સસ્ટેનેબલ ૧૫,૦૦૦ મકાનો આગામી ચાર વર્ષમાં બનાવશે. ગુજરાતની બે દિવસની મુલાકાતે આવેલા સીંગાપોરના ભારત ખાતેના હાઈ કમિશનર શ્રી સીમોન વોંગે એક મુલાકાતમાં આ મુજબ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે સીંગાપોરમાં સાડા સાત હજારથી વધુ ગુજરાતીઓ ત્યાંના મુખ્ય પ્રવાહમાં ભળીને પોતાના વ્યવસાયની સાથે સામાજીક ઉત્તરદાયિત્ત્વ નિભાવી રહ્યા છે અને સીંગાપોર કમ્યુનલ હાર્મનીનું આદર્શ ઉદાહરણ છે. ત્યાં સરકાર સહિત કોઈપણ વ્યક્તિ કંઈ પણ ખોટું કરે તો તેમની સામે પગલાં લેવા માટે દેશના પ્રતિષ્ઠિત અને આદરપાત્ર વ્યક્તિઓની પ્રેસીડેન્શીયલ કાઉન્સીલ છે, જેને લીધે સીંગાપોર એક આદર્શ દેશ સાબિત થઈ ચૂક્યો છે.

# ગુજરાત શિક્ષણ બોર્ડની ૭ બેઠકો માટે હવે ચૂંટણી થશેઃ ૨૪ ઉમેદવારો મેદાને

અમદાવાદ- ગુજરાત શિક્ષણ બોર્ડની ૯ બેઠકો માટેની ચૂંટણી અંતર્ગત ફાઈનલ ઉમેદવારોની યાદી જાહેર કરવામા આવી છે. જેમાં હવે ૭ બેઠકો માટે ૨૪ ઉમેદવારો છે.બે બેઠકોમાં એક એક ઉમેદવારનું ફોર્મ રિજેક્ટ થતા બંને બેઠકો બિનહરિફ થઈ છે જો કે જે બે ઉમેદવારોના ફોર્મ રિજેક્ટ થયા છે તેઓ પાસે હજુ અપીલમાં જવાની તક છે.

કોરોના વચ્ચે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની આગામી ૨૫મી એપ્રિલે ચૂંટણી યોજાનાર છે.જે ૯ બેઠકો માટેની છે પરંતુ બે બેઠક બિનહરિફ થઈ છે. ૯ બેઠકો માટે દરેક કેટેગરીમાં કુલ ૬૭ ઉમેદવારોના ફોર્મ ભરાયા હતા.જેમાંથી ૨૦થી વધુ ફોર્મ રિજેક્ટ થયા છે અને ૧૦થી વધુ ફોર્મ વિવિધ કેટેગરીમાં પાછા ખેંચાયા છે.ફાઈનલ ૨૬ ઉમેદવારો રહ્યા હતા.

# ગુજરાત ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી માટે કોંગ્રેસ બ્લ્યૂ પ્રિન્ટ તૈયાર કરશે

ગુજરાત કોંગ્રેસની કો-ઓર્ડિનેશન કમિટીની મિટિંગ સોમવારે પાલડી સ્થિત પ્રદેશ કોંગ્રેસ કાર્યાલયે યોજાઈ હતી. આ બેઠક બાદ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને કોંગ્રેસના નેતા મધુસુદન મિસ્ત્રીએ પત્રકારોને સંબોધતાં જણાવ્યું હતું કે, ગાંધીનગર અને મોરવા હડફ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીને લઈ ચર્ચા કરવામાં આવી હતી. આગામી વર્ષ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીને લઈ અમે બ્લ્યૂ પ્રિન્ટ તૈયાર કરીશું. આગામી બેઠકોમાં આ મામલે હોદ્દેદારો-આગેવાનો સાથે ચર્ચા કરાશે.

કોંગ્રેસની બેઠકમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભૂંડી રીતે હાર્યા તેને લઈને પણ મનોમંથન કરવામાં આવ્યું હતું. બેઠકમાં ઈવીએમ પર પણ શંકા કુશંકા વ્યક્ત કરાઈ હતી, ખેડૂતો અને મોંઘવારી સહિતના પ્રશ્ને બેઠકમાં ચર્ચા થઈ હતી. જનસંપર્કના કાર્યક્રમો અંગે ચર્ચા કરાઈ હતી. અલગ અલગ વિષયો પર રોડમેપ નક્કી કરાયા છે. ગાંધીનગર મનપા તેમજ મોરવા હડફની સીટ જીતવા માટે રણનીતિ નક્કી કરાશે. કોંગ્રેસની બેઠકમાં મહત્વનો નિર્ણયો લેવાયા છે. આગામી કાર્યક્રમો કોરોના મહામારીને ધ્યાને રાખીને નક્કી કરાયા છે. કોંગ્રેસના નેતાએ કબૂલાત કરી હતી કે, અમે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં લોકોને સમજાવવામાં નબળા પડ્યા છીએ.

# ગુજરાતે કરી દેખાડ્યું, ધૈર્યરાજની સારવાર માટે જરૂરી ૧૬ કરોડ એકત્રિત

ગાંધીનગરઃ ગોધરામાં વસવાટ કરતાં ત્રણ માસના ધૈર્યરાજસિંહની સારવાર માટે જરૂરી રકમ ૧૬ કરોડ એકત્રિત થઈ જતાં તેના સ્વજનોએ સૌ દાતાઓનો આભાર વ્યક્ત કર્યો છે. બીજી તરફ સારવાર માટેની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. એસએમએ-૧ ની બીમારીથી પીડાતા ધૈર્યરાજસિંહની સારવાર માટે અમેરિકાથી ઈન્જેક્શન મંગાવવાનું હતું. જે માટે ૪૨ દિવસ અગાઉ તેના સ્વજનોએ ઈંપેક્ટ ગુરૂના ખાતામાં મદદ માટે નાણાં જમા કરાવવા જાહેર જનતાને અપીલ કરી હતી. જે મુહિમમાં રાજ્યભર માંથી સૌ જોડાયા હતા અને ૨૬૪૧૩૧ દાતાઓએ યથાશક્તિ દાન કરતાં જ આખરે ઈન્જેક્શન મંગાવવા માટે જરૂરી રકમ એકત્રિત થઈ ગઈ હતી. મદદ કરનાર તમામનો રાજદીપસિંહ રાઠોડે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ધરાઈમાં વીજપોલ સાથે લટકી પ્રેમી પંખીડાનો આપઘાત

ભાવનગર : તળાજા તાલુકાના સરતાનપર ગામે રહેતા અને પ્લમ્બીંગ કામનો વ્યવસાય કરતા કરણભાઇ ભદરભાઇ બારૈયાને ગઢુલા ગામની યુવતી સાથે આંખ મળી જતા બંને વચ્ચે પ્રેમ પાંગર્યો હતો. દરમિયાન કરણભાઇના થોડા જ દિવસો પછી લગ્ન હોય જેને લઇ બંને સજોડે જીવન વ્યતિત નહીં કરી શકે તે વાતને લઇ ગઇકાલે કરણભાઇ પોતાના ઘરેથી ભગુડા ધામ દર્શન કરવા જવાનું કહી બાઇક લઇને નીકળ્યા હતાં. રાત્રિ સુધી પરત ન ફરતા તેના પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન યુવકે યુવતી સાથે બગદાણા અને ધરાઇ ગામ વચ્ચે આવેલ વીજપોલ સાથે દોરડુ બાંધી સવારના ૮.૩૦ કલાકના અરસા પૂર્વે સજોડે ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. જેની જાણ થતા મોટી સંખ્યામાં ગ્રામજનો અને પોલીસ કાફલો દોડી આવ્યો હતો. પોલીસે બંને મૃતકનો કબજો સંભાળી પી.એમ. અર્થે બગદાણા સરકારી હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરી હતી.

# કચ્છના નિખિલ દોંગા ફરાર કેસમાં જેતપુર ભાજપના મહામંત્રીને પોલીસે ઉપાડયો

ભુજ : કુખ્યાત ગેંગસ્ટર નિખિલ દોંગાના ફરાર થવાના પ્રકરણમાં પ્રારંભિક તબક્કે પ્રત્યક્ષ સંડોવાયેલા ૧૪ આરોપીની ધરપકડ બાદ હવે રાજકિય કનેક્શનની છાનબિનની તપાસ શરૂ થઈ હોય તેમ શંકાના દાયરામાં આવી ગયેલા જેતપુર ભાજપના મહામંત્રી વિપુલ સંચાણિયાને બુધવારે રાત્રે જેતપુરથી ભુજ ઉપાડી લાવીને પોલીસે આકરી પુછપરછનો દોર શરૂ કર્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. અલબત, આ પ્રકરણમાં તેની ભુમિકા કે પોલીસને કઈ બાબતે તેની સંડોવણીની શંકા છે ? તે બાબતે પોલીસે કોઈ ફોડ પાડયો નથી. આ અંગે ભુજના નાયબ પોલીસ અધિક્ષક અને કેસના તપાસનીશ અધિકારી જે.એન.પંચાલે જણાવ્યું હતું કે, વિપુલ સંચાણિયાને ગુના કામે પ્રાથમિક પુછપરછ માટે ભુજ લવાયો છે. આ ઉપરાંત અન્ય કેટલાક તબિબો, મેડિકલ સ્ટાફ, જેલનો સ્ટાફ સહિતના કર્મચારીઓને પણ પુછપરછ માટે વારાફરતી બોલાવવામાં આવી રહ્યા છે. પોલીસને ગુનામાં પકડાયેલા આરોપીઓની પૂછપરછ દરમિયાન જે વિગતો મળી રહી છે, તેના આધાર પર પૂછપરછનો દોર ચાલી રહ્યો છે. તો બીજી તરફે, નિખિલને ભગાડવામાં કે તેને સાંકળતી કોઈ કડીમાં જેની પણ ભુમિકા જણાશે તે તમામ સામે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવશે. જોકે, તેમણે વિપુલ સંચાણિયાની કઈ શંકાના આધારે પછપરછ કરવામાં આવી રહી છે ? તે બાબતે જણાવવાનું ટાળ્યું હતું. ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાંથી તા.૨૯ માર્ચના સાગરિતની મદદથી પોલીસ જાપ્તામાંથી ફરાર થયેલા ગેંગસ્ટર નિખિલ દોંગાને નૈનિતાલથી પકડી પાડીને ભુજ લાવવામાં આવ્યો હતો.

## રમઝાન ૨૦૨૧નું ટાઈમ-ટેબલ

JAM'E ABU BAKR SIDDIQUE

Scarborough Muslim Association



Eid-ul-Fitr Salaah*

1st Salaah: 6:15 AM

and every 45 min thereafter until 10 AM

FAJR on EID DAY 5:15 AM

Sadaqatul - Fitr

$7.00 PER PERSON

Du'a for Fasting

"Oh Allah! I intend to keep fast for tomorrow in the month of Ramadhan."

Isha Iqaamah Time*

1st to 5th Ramadhan: 9:30 PM

6th to 12th Ramadhan: 9:40 PM

13th to 19th Ramadhan: 9:50 PM

20th to 26th Ramadhan: 10:00 PM

27th to 30th Ramadhan: 10:10 PM

Du'a for Iftaar

"Oh Allah! I fasted for You. In You do I believe, and with Your provisions (food) do I break my fast."

RAMADHAN 1442AH - 2021

To begin fasting, it's preferable to finish eating 10 minutes before Fajr time begins

| DATE | DAY | RAMADHAN | FAJR | SUNRISE | ZUHR | ASR | MAGHRIB | ISHA |
|---|---|---|---|---|---|---|---|---|
| Apr 13* | Tuesday | 1* | 5:14 | 6:38 | 1:18 | 6:00 | 8:01 | 9:14 |
| 14 | Wednesday | 2 | 5:12 | 6:37 | 1:18 | 6:01 | 8:02 | 9:15 |
| 15 | Thursday | 3 | 5:10 | 6:35 | 1:18 | 6:02 | 8:03 | 9:17 |
| 16 | Friday | 4 | 5:08 | 6:33 | 1:17 | 6:02 | 8:04 | 9:18 |
| 17 | Saturday | 5 | 5:06 | 6:32 | 1:17 | 6:03 | 8:05 | 9:20 |
| 18 | Sunday | 6 | 5:04 | 6:30 | 1:17 | 6:04 | 8:07 | 9:21 |
| 19 | Monday | 7 | 5:02 | 6:28 | 1:17 | 6:05 | 8:08 | 9:23 |
| 20 | Tuesday | 8 | 5:00 | 6:27 | 1:16 | 6:05 | 8:09 | 9:24 |
| 21 | Wednesday | 9 | 4:58 | 6:25 | 1:16 | 6:06 | 8:10 | 9:26 |
| 22 | Thursday | 10 | 4:57 | 6:24 | 1:16 | 6:07 | 8:11 | 9:27 |
| 23 | Friday | 11 | 4:55 | 6:22 | 1:16 | 6:08 | 8:12 | 9:29 |
| 24 | Saturday | 12 | 4:53 | 6:20 | 1:16 | 6:08 | 8:14 | 9:30 |
| 25 | Sunday | 13 | 4:51 | 6:19 | 1:16 | 6:09 | 8:15 | 9:32 |
| 26 | Monday | 14 | 4:49 | 6:17 | 1:15 | 6:10 | 8:16 | 9:33 |
| 27 | Tuesday | 15 | 4:47 | 6:16 | 1:15 | 6:10 | 8:17 | 9:35 |
| 28 | Wednesday | 16 | 4:45 | 6:14 | 1:15 | 6:11 | 8:18 | 9:36 |
| 29 | Thursday | 17 | 4:43 | 6:13 | 1:15 | 6:12 | 8:20 | 9:38 |
| 30 | Friday | 18 | 4:41 | 6:11 | 1:15 | 6:13 | 8:21 | 9:40 |
| MAY 1 | Saturday | 19 | 4:39 | 6:10 | 1:15 | 6:13 | 8:22 | 9:41 |
| 2 | Sunday | 20 | 4:37 | 6:09 | 1:15 | 6:14 | 8:23 | 9:43 |
| 3 | Monday | 21 | 4:36 | 6:07 | 1:14 | 6:15 | 8:24 | 9:44 |
| 4 | Tuesday | 22 | 4:34 | 6:06 | 1:14 | 6:15 | 8:25 | 9:46 |
| 5 | Wednesday | 23 | 4:32 | 6:05 | 1:14 | 6:16 | 8:27 | 9:48 |
| 6 | Thursday | 24 | 4:30 | 6:03 | 1:14 | 6:17 | 8:28 | 9:49 |
| 7 | Friday | 25 | 4:28 | 6:02 | 1:14 | 6:17 | 8:29 | 9:51 |
| 8 | Saturday | 26 | 4:27 | 6:01 | 1:14 | 6:18 | 8:30 | 9:52 |
| 9 | Sunday | 27 | 4:25 | 5:59 | 1:14 | 6:19 | 8:31 | 9:54 |
| 10 | Monday | 28 | 4:23 | 5:58 | 1:14 | 6:19 | 8:32 | 9:55 |
| 11 | Tuesday | 29 | 4:21 | 5:57 | 1:14 | 6:20 | 8:33 | 9:56 |
| 12 | Wednesday | 30* | 4:20 | 5:56 | 1:14 | 6:21 | 8:35 | 9:58 |

Eid ul Fitr: Thursday, May 13, 2021 *Ramadhan and Eid Dates - Subject to Moon Sighting

# સફેદ વાઘની ગાંધીનગર ખાતે એન્ટ્રી થઈ

ગાંધીનગરઃ ગાંધીનગરના પાદરે આવેલું ઈન્દ્રોડા પાર્કમાં પ્રકૃતિ શિક્ષણની શીબીરની સાથે પ્રાણી સંગ્રહાલય પણ આવેલું છે અહીં સિંહની જોડી સહિત દિપડા, શિયાળ જેવા હિંસક પ્રાણીઓ આવેલા છે ત્યારે આ પ્રાણીસંગ્રહાલયને વધુ આકર્ષક બનાવવા માટે અહીં વાઘની જોડી લાવવામાં આવી છે. રાજકોટના ઝુમાંથી સફેદ વાઘની જોડી ઈન્દ્રોડા પાર્કમાં લાવવામાં આવી છે.ગૌતમ અને ગોદાવરી નામના આ બે વાઘને હાલ ક્વોરેન્ટાઈન રાખવામાં આવ્યા છે આગામી દિવસોમાં આચારસંહિતા તથા ક્વોરેન્ટાઈન પીરીયડ પુર્ણ થયા બાદ આ સફેદ વાઘની જોડીને મુલાકાતીઓ માટે પાંજરામાં ખુલ્લી મુકવામાં આવેશે. ગીર ફાઉન્ડેશન સંચાલિત ઈન્દ્રોડા પાર્કમાં દર વર્ષે વિદ્યાર્થીઓ અને પ્રકૃતી પ્રેમીઓ માટે શિબિરો યોજાય છે અને અહીં હવે પ્રાણી સંગ્રહાલય પણ વિકસાવવામાં આવી રહ્યું છે.

# તક્ષશિલા કેસમાં ૧૩ આરોપીઓ સામે સેપરેટ ટ્રાયલ ચલાવવા સરકારની માંગ

સુરતઃ તક્ષશિલા કેસમાં સંડોવાયેલા ૧૪ પૈકી આરોપી અતુલ ગોરસાવાલાની ડીસ્ચાર્જ અરજી હાઈકોર્ટ સમક્ષ નિર્ણાયાધીન હોઈ બાકીના ૧૩ આરોપી ઓની સેપરેટ ટ્રાયલ ચલાવવા આજે સરકારપક્ષે અરજી કરતાં કોર્ટે વધુ સુનાવણી ૫મી એપ્રિલે હાથ ધરવા નિર્દેશ આપ્યો છે.

સુરતના સરથાણા-વરાછા વિસ્તારના ૨૨ જેટલા માસુમ વિદ્યાર્થીઓને ભરખી જનાર તક્ષશિલા આર્કેડ આગ હોનારત કાંડમાં સાપરાધ મનુષ્ય વધના ગુનાઈત કારસામાં બિલ્ડર, સુરત મહાનગર પાલિકા, ફાયર વિભાગ તથા દક્ષિણ ગુજરાત વીજ કંપનીના અધિકારી સહીત ૧૪ આરોપીઓની ધરપકડ કરી સુરત ક્રાઈમ બ્રાંચે જેલભેગા કર્યા હતા.

હાલમાં આ કેસમાં સંડોવાયેલા તમામ આરોપીઓ વિરુદ્ધ ચાર્જફ્રેમની કાર્યવાહી બાદ કેસ આજે સરકારપક્ષે ખાસ સરકારી વકીલ પી.એન.પરમાર તથા મૂળ ફરિયાદી વાલી તરફે પિયુષ માંગુકીયાએ સીઆરપીસી-૨૯૯ હેઠળ સેપેરેટ ટ્રાયલ ચલાવવા માટે અરજી કરી હતી.જે મુજબ હાલમાં આ કેસમાં શરતી જામીન મુક્ત સુરત મહાનગર પાલિકાના આરોપી અધિકારી અતુલ ગોરસવાલાની આરોપોમાંથી બિન તહોમત છોડવાની માંગને સુરત સેશન્સ કોર્ટે નકારી કાઢતાં હાઈકોર્ટમાં અપીલ કરી છે.જેથી આરોપી અતુલ ગોરસવાલાની ડીસ્ચાર્જ અરજી હાઈકોર્ટ સમક્ષ નિર્ણાયાધીન હોઈ સરકારપક્ષે આરોપી અતુલ ગોરસાવાલાને બાદ કરી બાકીના ૧૩ આરોપીઓ વિરુધ્ધ સેપરેટ ટ્રાયલ ચલાવવા માંગ કરી છે.

તદુપરાંત સરકારપક્ષે અગાઉની મુદતમાં સીઆરપીસી-૩૧૯ મુજબ ત્રણ આરોપી બિલ્ડરની પત્નીઓને પણ આરોપીઓ તરીકે જોડવા માંગ કરી છે.

# સુરતમાં ૧૬૦ કરોડની લૂંટનો પ્લાન આધેડના હાથ-પગ બાંધી હત્યા કરી

સુરત : ડુમસના કાંદી ફળિયામાં એક અઠવાડિયા પહેલાં પાંચ ઈસમોએ આધેડ ભુપેન્દ્ર ગોવિંદભાઈ પટેલની ઘરમાં ઘુસી જઈ તેમના હાથ પગ બાંધી હત્યા કરી હતી. અને ૪ લાખની લૂંટ કરી નાસી છૂટ્યા હતા. આ ચકચારી ઘટનાને પગલે ડુમસ પોલીસની સાથે ક્રાઈમ બ્રાન્ચ પોલીસ પણ દોડતી થઈ ગઈ હતી. આખરે સુરત ક્રાઈમ બ્રાન્ચે ભેદ ઉકેલી કાઢી પાંચ આરોપીઓને ઝડપી પાડ્યા છે. તેમજ રોકડ રૂપિયા તથા પિસ્તોલ સહિત મુદ્દામાલ કબ્જે કર્યો છે.

ડુમસમાં બનેલ લૂંટ વિથ મર્ડરના ગુનાનો ભેદ ઉકેલી પાંચ ખૂંખાર આરોપીને ઝડપી પાડ્યા છે. જેમાં વિશાલ લાખો વાણિયા, પ્રતાપ હરસુખ ઉર્ફ ચીના ગીડા, મિથુન ઉર્ફે શેટ્ટી મોહન વાણિયા, પીટુ અર્જુન ચૌધરી અને કેતન રમેશ હડિયાનો સમાવેશ થાય છે. આરોપીઓ પાસેથી બે પિસ્તોલ, બે કાર્ટિજ, ચોરીની બે મોટર સાયકલ, અને રોકડા એક લાખ રૂપિયા સહીત ૨,૪૬,૫૦૦ની મત્તા કબ્જે કરવામાં આવી છે.

પકડાયેલા આરોપીઓએ બદલાપૂર-મુંબઈ ખાતે વાંગની હાઈવે પર એક બંગલામાંથી ૧૬૦ કરોડની લૂંટ કરવાની યોજના બનાવેલી હતી. ત્યાં રેકી પણ કરી અને તે ગુનાને પાર પાડવા માટે તેમને જરૂરી સાધન સામગ્રી તથા રૂપિયાની જરૂર હોવાથી આરોપીએ ડુમસમાં આધેડની હત્યા કરી તેમના ઘરમાંથી લૂંટની ઘટનાને અંજામ આપ્યો હતા.

# ગાંધીવાદી અને હળપતિ સેવા સંઘના અરવિંદ દેસાઈનું નિધન

બારડોલી : દક્ષિણ ગુજરાતમાં બારડોલી સ્વરાજ આશ્રમ પાસે હળપતિ સેવા સંઘની સ્થાપના કરીને હજારો આદિવાસી બાળકોના શિક્ષણ માટે કાર્ય કરનારા બારડોલીના અરવિંદ દેસાઈનું ગુરુવારે બે દિવસની ટૂંકી માંદગી બાદ નિધન થયું હતું. તેઓ ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક થયા બાદ તેના ટ્રસ્ટી, સ્વતંત્રતા પ્રેમી અને હળપતિ સેવા સંઘના મંત્રી રહ્યા હતા. દક્ષિણ ગુજરાતની ૪૮ શૈક્ષણિક સંસ્થાઓનું સંચાલન તેઓ કરી રહ્યા હતા. ખાસ કરીને હળપતિ સમાજના ઉત્થાન માટે તેઓએ આજીવન કાર્ય કર્યું હતું. જેને પગલે આજે તેમના નિધનથી દક્ષિણ ગુજરાતમાં શોકની કાલીમા છવાઈ ગઈ હતી.

## સુરતનો અમાનવીય કિસ્સો

# બિમાર પુત્રને લઈ પિતા ૧ કિ.મી. દોડ્યા, કોઈ મદદે ન આવતા મોત



સુરત : સુરતમાં બાળકના મોતનો વધુ એક અમાનવીય કિસ્સો બહાર આવ્યો છે. અગાઉ સુરતની એક માતા નાઈટ કરફ્યૂના સમયમાં પગપાળા હોસ્પિટલ પહોંચી હતી. જેની મદદે કોઈ આવ્યું ન હતું. અને આખરે પાંચ વર્ષની બાળકી દમ તોડ્યો હતો. ત્યારે સુરતમાં આવો જ વધુ એક કિસ્સો નોંધાયો છે. સુરતમાં એક પિતા પોતાના ૩ વર્ષના બિમાર પુત્રને લઈ ૧ કિમી સુધી દોડ્યો હતો. અને આખરે જેમ તેમ કરી સિવિલ હોસ્પિટલ પહોંચ્યા તો ડોક્ટરોએ બાળકને મૃત જાહેર કર્યો હતો.

ઉમરવાડા ખાતે રહેતાં મૂળ બિહારના રજત સહની પોતાની પત્ની અને બે પુત્રો સાથે ગિરનાર ટ્રાન્સપોર્ટમાં રહી મજૂરી કામ કરે છે. તેમનો મોટો પુત્ર ૩ વર્ષીય મનીષકુમાર છેલ્લા ત્રણેક દિવસથી બિમાર હતો. સ્થાનિક ડોક્ટરોની દવાથી તેને આરામ હતો. ગત રાત્રિએ પણ તેને ઝાડા ઉલટી થતાં દવા આપી હતી. પણ આજે સવારે તેને ઝાડા ઉલટી થયા બાદ અશક્તિ આવી ગઈ હતી.

જે બાદ પિતા પોતાના પુત્રની ગંભીર સ્થિતિ જોતાં તેને લઈને હોસ્પિટલ લઈ દવા નીકળ્યા હતા. હોસ્પિટલ જવા માટે મેં હાથ ઉંચો કરીને રીક્ષાચાલકોને મદદ માટે વિનંતી કરી. પણ કોઈએ મદદ ન કરી. જે લોકો ઉભા રહ્યા તેઓને ઝાડા-ઊલટી હો રહા હૈ, મેરે માસૂમ બેટે કો હોસ્પિટલ તક છોડ દો કહેતાં જ ભાગી જતા હતા. હું અંદાજે એક કિમી સુધી દોડ્યો હોઈશ. પછી ખાનગી હોસ્પિટલમાં બાળકને લઈ ગયો હતો. જ્યાંથી મને બાળકને લઈને સિવિલ હોસ્પિટલ જવા માટે કહ્યું હતું. જે બાદ રીક્ષામાં બાળકને લઈને સિવિલ હોસ્પિટલ પહોંચ્યો હતો. પણ ત્યાં ડોક્ટરોએ બાળકને મૃત જાહેર કર્યો હતો. બાળકને મૃત જાહેર કરતાં માતા પિતા પડી ભાંગ્યા હતા. પિતાએ કહ્યું કે, મેં આજસુધી કોઈને પણ મદદ માટે ના પાડી નથી. પણ જ્યારે આજે મને મદદની જરૂર પડી ત્યારે કોઈએ મદદ ન કરી. જો મારા બાળકને સમયસર મદદ મળી હોત તો મારું બાળક બચી જાત. અગાઉ પાંડેસરાના વાલકનગરમાં રહેતી અર્ચના નામની પાંચ વર્ષીય દીકરીએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. એકાએક બાળકીને ઝાડા-ઊલટી થતાં તેની તબિયત લથડી હતી. માતા બાળકીને પોતાના ઘરેથી લઈને અંદાજે પાંચેક કિલોમીટરથી વધુ સોસિયો સર્કલ સુધી ચાલીને આવી ગઈ હતી. હવે ત્યાંથી માત્ર દોઢેક(૧.૫કિમી) દૂર જ સિવિલ હોસ્પિટલ હતી. પરંતુ એ અગાઉ જ બાળકીએ દમ તોડી દીધો હતો. કરફ્યૂને કારણે માતાને બસ કે ઓટોરિક્ષા મળી ન હતી.

# સરકારે ખેડૂતોનો પાક કેવી રીતે લૂંટવો તેનું ટેન્ડર બહાર પાડયું છેઃ રાકેશ ટિકૈત

## • બારડોલીમાં ખેડૂત સભા, કોઈપણ સંજોગોમાં આંદોલન ખતમ નહીં કરવા જાહેરાત

બારડોલીઃ સુરત જિલ્લાના બારડોલી ખાતે કેદારેશ્વર મહાદેવ મંદિર ખાતે આયોજિત ખેડૂત મહા પંચાયતમાં સંયુક્ત કિસાન મોરચાના પ્રમુખ રાકેશ ટિકૈતએ જણાવ્યું કે, ગોડાઉનમાં ખેડૂતોનો પાક સંગ્રહ કર્યા બાદ દેશમાં ભૂખ કેટલી છે તેના આધારે રોટલીની કિંમત નક્કી થશે. રોટલી તિજોરીમાં બંધ થઈ જશે. આવું ન થાય તે માટે આંદોલન કરવું પડશે. ગુજરાતના ખેડૂતોને કોઈ પણ જાતનો ડર રાખ્યા વિના આંદોલનમાં જોડાવવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું કે, ગુજરાતના પ્રધાનમંત્રી બની શકે પણ અહીં ખેડૂત દિલ્હીના આંદોલનમાં નહીં જઈ શકે ? એ ક્યાંનો ન્યાય ? ગુજરાતની પોલીસ ફોર્સ ખૂબ જ એક્ટિવ છે. એમણે પણ અવાજ ઉઠાવવો પડશે. એ પણ આપણા જ પરિવારના છે. સરકારે કૃષિ કાનૂન નહીં પરંતુ સસ્તા ખેડૂતોનો પાક કેવી રીતે લૂંટવો તે માટેનું ટેન્ડર બહાર પાડયું છે. સરકારે પકવેલું અનાજ કંપનીના ગોડાઉનમાં બંધ હશે અને ચાવી મુંબઈમાં રહેશે. મુંબઈથી ભૂખના આધારે દેશમાં રોટલીની કિંમત નક્કી થશે. સરકાર તો કંપનીની છે. બારડોલીની ધરતીથી ૧૦-૧૨ યુવક ખુલ્લેઆમ દિલ્હી આંદોલનમાં આવશે ત્યારે ખરી આઝાદી ગણાશે.

LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : DO YOU HAVE MORTGAGE / LINE OF CREDIT INSURANCE WITH BANK ?
A : COMPARE & SAVE UP TO 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
★ NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
★ CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE
(Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
★ MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865 Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS



# મહારાષ્ટ્રમાં કોરોનાના ૫૬,૨૮૬ કેસ, ૩૭૬ના મોત

મુંબઈ: કોરોનાના કેસની સંખ્યામાં નિરંતર વધારો થઈ રહ્યો છે, જેમાં ગુરુવારે એક જ દિવસમાં મહારાષ્ટ્રમાં કોરોનાના ૫૬,૨૮૬ નવા કેસ તથા કોરોનાને કારણે ૩૭૬ જેટલાં દર્દીનાં મોત થયાં હતા, એમ આરોગ્ય વિભાગના અહેવાલમાં જણાવ્યું હતું.

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના નવા ૫૬,૨૮૬ કેસ નોંધાતા કુલ કેસની સંખ્યા વધીને ૩૨,૨૯,૫૪૭ થઈ છે. રાજ્યમાં કોરોના પોઝિટિવ કેસની ૧૫.૧૦ ટકા ટકાવારી તથા મૃત્યુ પામનારાની ૧.૭૭ ટકાવારી નોંધાઈ છે. મુંબઈ પાલિકાની હદમાં ગુરુવારે કોરોનાના ૮,૯૩૮ કેસ નોંધાતા કુલ કેસની સંખ્યા વધીને ૪,૯૧,૯૮૦ થઈ છે. કોરોનાને કારણે મુંબઈમાં એક દિવસમાં ૨૫ દર્દીનાં મોત થયા હતા, પરિણામે કુલ મૃતક કેસની સંખ્યા વધીને ૧૧,૮૮૧ થઈ છે. મુંબઈ પાલિકા સિવાય મુંબઈ સર્કલમાં કોરોનાના નવા ૧૬,૫૭૪ કેસ નોંધાતા કુલ કેસની સંખ્યા ૧૦,૨૭,૫૭૨ થઈ છે. મુંબઈ પાલિકા સિવાય થાણે પાલિકાની હદમાં નવા ૨,૦૦૨ કેસ નોંધાતા કુલ કેસની સંખ્યા વધીને ૯,૨૩,૨૪૪ થઈ છે. કલ્યાણ-ડોંબિવલી પાલિકામાં કોરોનાના ૧,૩૧૦ તથા નવી મુંબઈ પાલિકામાં પણ ૧,૦૫૬ નવા કેસ નોંધાયા હતા. રાજ્યમાં કોરોનાને કારણે એક દિવસમાં ૩૬,૧૩૦ જેટલા દર્દીને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી, પરિણામે કુલ રિકવર કેસની સંખ્યા વધીને ૨૬,૪૯,૭૫૭ થઈ છે. રાજ્યમાં કોરોનાને કારણે ૨૭,૦૨,૬૧૩ જેટલા દર્દી હોમ ક્વૉરન્ટાઈન તથા ૨૨,૬૬૧ જેટલા દર્દી ઈન્સ્ટિટ્યૂશનલ ક્વૉરન્ટાઈન રાખવામાં આવ્યા છે. અત્યારના તબક્કે મહારાષ્ટ્ર રાજ્યમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૫,૨૧,૩૧૭ થઈ છે, એમ આરોગ્ય વિભાગના અધિકારીએ જણાવ્યું હતું. એક તરફ કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે અને શહેરોમાં ફરી લોકડાઉન લાગુ કરવામાં આવશે તેવો ડર વ્યાપી રહ્યો છે. ત્યારે આ બધા વચ્ચે પ્રવાસી મજૂરો પોતાના ઘરે પાછા જઈ રહ્યા હોવાના સમાચાર પણ સામે આવી રહ્યા છે. સતત વધી રહેલા પ્રતિબંધો વચ્ચે લોકડાઉનના ભણકારા વાગી રહ્યા છે. દિલ્હી, પુણે સહિત અન્ય વિસ્તારના પ્રવાસી મજૂરો પોતાના ઘરે પાછા જવા લાગ્યા છે.



### મુંબઈની સ્થિતિ ચિંતાજનક

બીએમસીની વેબસાઈટ પર જાહેર કરેલા આંકડા પ્રમાણે મુંબઈમાં હાલ બેડની તંગી નથી પરંતુ આ આંકડા ખૂબ ઝડપથી વધી રહ્યા છે. બીએમસીના ચાર્ટ પ્રમાણે હજુ કોરોના રિઝર્વ માટેના ૫,૪૦૦ બેડ ખાલી છે. આ આંકડો ૫મી એપ્રિલનો છે અને આશરે ૧૭,૦૦૦ બેડ ભરાઈ ગયા છે. ઉપરાંત આશરે ૧૩૬ આઈસીયુ બેડ ખાલી છે જ્યારે ૫૧ વેન્ટિલેટર બેડ ખાલી બચ્યા છે.

### દિલ્હીમાં રોજ ૫૦૦૦ કેસ

રાજધાનીમાં ૫,૧૦૦ નવા કેસ નોંધાયા હતા. જે આંકડો પહેલા આશરે ૫૦૦એ પહોંચ્યો હતો તે હવે ૫,૦૦૦ને અડી રહ્યો છે. દિલ્હીમાં ખૂબ જ ઝડપથી બેડ ભરાઈ રહ્યા છે. તાજેતરના અહેવાલ પ્રમાણે દિલ્હીમાં કુલ ૮,૨૨૯ કોરોના બેડ છે જે પૈકીના ૩,૭૭૦ ભરાઈ ગયા છે જ્યારે ૪,૪૫૯ બેડ ખાલી છે. ગઈ છે. દિલ્હીમાં ૯૦૩ વેન્ટિલેટરમાંથી ૫૭૬ ભરાઈ ગયા છે.

### પુણેની સ્થિતિ વણસી

પુણેમાં બેડની ભારે તંગી વર્તાઈ રહી છે. પુણેમાં છેલ્લા ૧૫ દિવસથી પ્રતિ દિન ૪,૦૦૦ કરતા વધારે કેસ જોવા મળી રહ્યા છે. પુણેની રૂબી હોસ્પિટલના જણાવ્યા મુજબ દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી બેડની તંગી સર્જાઈ છે. આ કારણે હોસ્પિટલે ૩ હોસ્પિટલ ભાડે લીધી છે જ્યાં ૧૮૦ બેડની સુવિધા કરવામાં આવી છે.

## એમપીમાં સરકારી ઓફિસ પાંચ દિવસ ખુલશે, છીંદવાડામાં સપ્તાહનું લોકડાઉન

ભોપાલ : દેશમાં જે રીતે કોરોના વાયરસના કેસ વધી રહ્યા છે, તેને ધ્યાને લઈને વિવિધ રાજ્યો પોતાની રીતે આંશિક પ્રતિબંધો લગાવી રહ્યા છે. ત્યારે આ બધા વચ્ચે મહારાષ્ટ્ર સરકારે પણ એક મહત્વનો નિર્ણય કર્યો છે. મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી આવાસ પર યોજાયેલી હાઈ લેવલ બેઠકમાં અનેક મહત્વપૂર્ણ નિર્ણયો કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં નિર્ણય કરાયો છે કે હવે રાજ્યની તમામ સરકારી ઓફિસ અઠવાડિયામાં માત્ર પાંચ દિવસ જ ખુલી રહેશે. આવનારા ત્રણ મહિના સુધી તમામ સરકારી ઓફિસોમાં માત્ર સોમવારથી શુક્રવાર સવારે ૧૦થી સાંજે ૬ સુધી કામ થશે. શનિવારે અને રવિવારે તમામ સરકારી ઓફિસ બંધ રહેશે. આ સિવાય રાજ્યના તમામ શહેરોમાં ૮ એપ્રિલથી આગામી આદેશ સુધી રારે ૧૦થી સવારે ૬ વાગ્યા સુધી રાત્રિ કર્ફ્યુ રહેશે. સાથએ જ મધ્યપ્રદેશ સરકાર દર રવિવારે સંપૂર્ણ લોકડાઉન રહેશે. આ દરમિયાન કોઈપણ પ્રકારની દૂકાન અને સંસ્થા ખોલવા પર પ્રતિબં રહેશે. આ સાથે છીંદવાડામાં પણ ૭ દિવસનું લોકડાઉન લાગુ કરી દેવામાં આવ્યું છે.

## રાજધાની નવી દિલ્હીમાં કોરોના વકર્યો, ૩૦મી એપ્રિલ સુધી નાઈટ કરફ્યૂ લદાયું

નવી દિલ્હી : દિલ્હીમાં કોરોનાના કેસમાં વધારો થવાને પગલે કેજરીવાલ સરકારે મંગળવારે તાત્કાલિક અસરથી સાત કલાકનો નાઈટ કરફ્યૂ લાદવાનો નિર્ણય કર્યો છે.

જોકે, તેમાં ચોક્કસ વ્યવસાયના લોકોને મુક્તિ આપવામાં આવી છે. દિલ્હી ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ દિલ્હીમાં કોરોનાની સ્થિતિની સમિક્ષા કર્યા પછી આ નિર્ણય લીધો છે. ડીડીએમએએ દિલ્હીમાં ૩૦મી એપ્રિલ સુધી રાત્રે ૧૦.૦૦ વાગ્યાથી સવારે ૫.૦૦ વાગ્યા સુધી કરફ્યૂ લાદવાનો આદેશ જાહેર કર્યો છે.

દેશમાં કોરોના વધી રહેલા સંક્રમણને ધ્યાનમાં રાખીને રસીકરણ અભિયાનમાં ઝડપ લાવવા માટે ઈન્ડિયન મેડિકલ એસોસિસેશને પીએમ મોદીને એક પત્ર લખ્યો છે.

એસોસિએશનનુ કહેવુ છે કે, કોરોનાના પ્રસારને રોકવા માટે વધારેમાં વધારે લોકોને કોરોનાની વેક્સીન આપવામાં આવે. આ માટે વેક્સીનેશન પ્રોગ્રામમાં ઝડપ કરવામાં આવે. સરકારે ૧૮ વર્ષથી વધુ વયના તમામ લોકોને વેક્સીન આપવી જોઈએ. કારણકે કોરોનાની બીજી લહેર તમામ રેકોર્ડ તોડી રહી છે.

### છત્તીસગઢના રાયપુરમાં ૧૧ દિવસનું સંપૂર્ણ લોકડાઉન

રાયપુર : દેશમાં જે રીતે કોરોના વાયરસનો પ્રકોપ વધી રહ્યો છે તેને જોતા ફરી વખત લોકડાઉનના ભણકારા વાગી રહ્યા છે. દેશના અનેક રાજ્યોમાં કોરોના બેફામ બન્યો છે. જેને જોતા આંશિક પ્રતિબંધોન શરુઆત થઇ છે. ત્યારે છત્તીસગઢ સરકારે રાયપુરની અંદર લોકડાઉનનો નિર્ણય કર્યો છે. છત્તીસગઢ સરકારે આદેશની અંદર કહ્યું કે રાયપુર જિલ્લામાં ૯ એપ્રિલ રાત્રે ૬ વાગ્યાથી ૧૯ એપ્રિલ સવારે ૬ વાગ્યા સુધી સંપૂર્ણ લોકડાઉન લાગુ રહેશે. આ દરમિયાન જિલ્લાની તમામ સીમાઓ પણ સીલ રહેશે.

### પંજાબમાં ૩૦ એપ્રિલ સુધી રાજ્યમાં રાત્રિ કર્ફ્યુ લાગુ

અમૃતસર : દેશમાં કોરોના વાયરસની બીજી લહેર બેફામ બની છે. જેને લઇને વિવિધ રાજ્યોની અંદર ફરી વખત પ્રતિબંધો લાગુ કરવામાં આવી રહ્યા છે. પંજાબ સરકારે પણ રાજ્યામાં ૩૦ એપ્રિલ સુધીનો નાઇટ કર્ફ્યુ લગાવવાની જાહેરાત કરી છે. આ નાઇટ કર્ફ્યુ રાજ્યના તમામ જિલ્લામાં લાગુ થશે. રાત્રે ૯ વાગ્યાથી સવારે ૫ વાગ્યા સુધી રાત્રિ કર્ફ્યુ લાગુ રહેશે. આ પહેલા રાત્રિ કર્ફ્યુ રાજ્યના ૧૨ જિલ્લામાં લાગુ કરાયો હતો. આ રાત્રિ કર્ફ્યુ ૧૦ એપ્રિલ સુધી હતો. જ્યારે હવે આખા રાજ્યમાં રાત્રિ કર્ફ્યુ લાગુ કરવામાં આવ્યો છે.

### સિરમ કંપનીએ સરકાર પાસે ૩૦૦૦ કરોડની ગ્રાન્ટ માંગી

વેક્સીન સપ્લાય પર સંકટ તોળાઈ રહ્યુ છે ત્યારે રસી બનાવનાર ભારતીય કંપની સિરમ ઈન્સ્ટિટયુટને બ્રિટિશ અને સ્વિડિશ દવા કંપની એસ્ટ્રાજેનેકાએ કાનૂની નોટિસ ફટકારી છે. આ નોટિસ ફટકારવા પાછળનુ કારણ વેક્સીન સપ્લાયમાં થઈ રહેલો વિલંબ છે. બીજી તરફ સિરમ ઈન્સ્ટિટ્યુટે એસ્ટ્રાજેનેકાની રસી કોવીશીલ્ડના ડોઝનુ ઉત્પાદન બમણુ કરવા માટે ભારત સરકાર પાસે ગ્રાંટ સ્વરુપે ૩૦૦૦ કરોડ રુપિયાની મદદ માંગી છે. ઉલ્લેખનીય છે કે, એસ્ટ્રાજેનેકાની રસીને સિરમ ઈન્સ્ટિટ્યુટ દ્વારા કોવિશીલ્ડના નામથી વેચવામાં આવે છે.

### આંધ્રપ્રદેશે કેન્દ્ર પાસે રસીના એક કરોડ ડોઝ માગ્યા

આંધ્રપ્રદેશે પણ કેન્દ્ર સરકાર પાસે કોરોના રસીના વધારાના ૧ કરોડ ડોઝની તાત્કાલિક માગ કરી છે. રાજ્ય સરકારે જણાવ્યું હતું કે, અમારી પાસે અત્યારે ફક્ત ૩.૭ લાખ ડોઝ બચ્યા છે. તે ઉપરાંત મુખ્યત્વે પ્રવાસન પર નભી રહેલા ગોવાની સરકારે ટૂરિઝમ સેક્ટરમાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓને કોરોનાની રસી આપવાની વિશેષ મંજૂરી માગી છે. આંધ્ર પ્રદેશ સહિત કેટલાક રાજ્યોએ વેક્સિનની તંગીનો મુદ્દો ઉઠાવ્યો હતો. ત્યારે હવે કેન્દ્ર સરકારે વેક્સિનેશનની ધીમી ગતિને લઈ કેટલાક રાજ્યોને ચિઠ્ઠી મોકલી છે.

## કેન્દ્ર સરકારે મોકલેલા ૧૦૦૦ વેન્ટિલેટર બે કલાકમાં બગડ્યા : રાજસ્થાન સરકાર

નવી દિલ્હી : કોરોનાના સંક્રમણે મચાવેલા હાહાકાર વચ્ચે હવે દર્દીઓની સારવાર માટે વેન્ટિલેટરની બોલબાલા વધી ગઈ છે. આ સ્થિતિમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો વચ્ચે આરોપ-પ્રત્યારોપ લાગી રહ્યા છે.રાજસ્થાનના સ્વાસ્થ્ય મંત્રી રઘુ શર્માએ આરોપ લગાવ્યો છે કે, કેન્દ્ર સરકારે મોકલેલા ૧૦૦૦ જેટલા વેન્ટિલેટર માત્ર બે જ કલાકમાં બગડી ગયા હતા.આ અંગેની ફરિયાદ કેન્દ્ર સરકારને કરવામાં આવી છે.



તેમણે કહ્યુ હતુ કે, મારી સરકાર કોઈ રાજનીતિ નથી કરી રહી પણ અમે વેન્ટિલેટર ખરાબ થયા હોવાની જાણકારી કેન્દ્ર સરકારને આપી છે.સરકારે અમને ૧૦૦૦ વેન્ટિલેટર મોકલ્યા હતા પણ માત્ર બે જ કલાકમાં આ વેન્ટિલેટરે કામ કરવાનુ બંધ કરી દીધુ હતુ. મુખ્યમંત્રી અશોક ગહેલોતે કોરોનાની સ્થિતિની સમીક્ષા કરવા માટે બોલાવેલી બેઠકમાં આ મુદ્દા પર ચર્ચા થઈ હતી અને એ પછી કેન્દ્ર સરકારને તેની જાણકારી આપવાનુ નક્કી કરાયુ હતુ. જોકે સ્વાસ્થ્ય મંત્રી જ્યારે આ બાબતની જાણકારી આપી રહ્યા હતા ત્યારે તેમની પાછળ જ મોટી સંખ્યામાં ભીડ એકઠી થઈ ગઈ હતી.

## ૧૧મી એપ્રિલથી સરકારી અને ખાનગી કચેરીઓમાં વેક્સીન મૂકવાની શરૂઆત

નવી દિલ્હી : સમગ્ર દેશમાં કોરોનાના કેસની વધતી જતી સંખ્યાના બદલે હવે સરકારે ૧૧મી એપ્રિલથી વર્કપ્લેસ પર વેક્સીન આપવાની કામગીરીની શરૂઆત કરાવી છે. સરકારના આગામી ૧૧મી એપ્રિલથી સરકારી અને ખાનગી કચેરીઓમાં વેક્સીન મૂકવાની શરૂઆત કરાવશે. આ અંતર્ગત સરકારે ગાઈડલાઈન બહાર પાડી છે. રાજ્યમાં ગત ૧૬મી જાન્યુઆરીથી કોરોના રસીકરણનો કાર્યક્રમ શરૂ થયો છે. આ કાર્યક્રમ અંતર્ગત પ્રથમ તબક્કો અને સાથે બીજો તબક્કો મળીને કુલ ૬,૦૪,૧૮૪ વ્યક્તિઓનું રસીકરણ સમાપ્ત થઈ ગયું છે. સરકારી કોરોના બુલેટિન મુજબ અત્યારસુધીમાં કોરોના રસીના કારણે એક પણ વ્યક્તિને કોરોનાની આડઅસર જોવા મળેલી નથી. સરકાર દ્વારા આ વર્કપ્લેસની ઓળખ માટે જિલ્લા કલેક્ટરની આગેવાની હેઠળ ડિસ્ટ્રિક્ટ ટાસ્કફોર્સની રચના કરશે. આ ઉપરાંત પાલિકાના કમિશનરની આગેવાનીમાં યુટીએફ એટલે કે અર્બન ટાસ્કફોર્સની રચના કરવામાં આવશે. નોડલ ઑફિસર વેક્સીનેશનની તમામ વ્યવસ્થા જોશે. આ ઉપરાંત તમામ લાભાર્થીઓનો ડેટા એકત્રિત કરાશે. વર્કપ્લેસ પર પણ ૪૫ વર્ષની ઉંમરના વ્યક્તિને વેક્સીન આપવામાં આવશએ. આ વેક્સીનેશનની પ્રક્રિયા પર કોઈ પણ બહારની વ્યક્તિનું રજિસ્ટ્રેશન કરવામાં નહીં આવે. આ રજિસ્ટ્રેશન કોવિન-એપ પર કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે સરકાર દ્વારા હેલ્થકેર વર્કર્સને રસીકરણ માટેના ફ્રેશન રજિસ્ટ્રેશન બંધ કરી દીધા છે.

# ભાજપ પણ કોંગ્રેસના માર્ગે : રફાલ સોદામાં વચેટિયાને ૯.૫૦ કરોડ ચૂકવાયાનો ઘટસ્ફોટ

**• ફ્રાન્સ સરકાર, એજન્સીઓએ ઓડિટમાં ભ્રષ્ટાચાર પકડાયો હોવા છતાં તપાસ ન કરી ભીનુ સંકેલ્યું : રિપોર્ટ**

નવી દિલ્હી : રફાલ વિમાનોને લઈને ફરી એક નવો વિવાદ સામે આવ્યો છે. ફ્રાન્સના મીડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારત સાથેના રફાલ વિમાન સોદામાં ભ્રષ્ટાચાર થયો છે.

રફાલ વિમાન બનાવતી ફ્રાન્સની કંપની દસોલ્ટે ભારતમાં એક વચેટિયાને એક મિલિયન યૂરો એટલે કે આશરે સાડા નવ કરોડથી વધુ રૂપિયા ગિફ્ટ તરીકે આપવા પડયા હતા. ફ્રાન્સ મીડિયા રિપોર્ટના આ



ખુલાસા બાદ ફરી ભારત અને ફ્રાન્સ વચ્ચેના આ સોદાનો વિવાદ ચર્ચામાં આવી ગયો છે.

ફ્રાન્સના પબ્લિકેશન મીડિયાપાર્ટે પોતાના એક રિપોર્ટમાં દાવો કર્યો છે કે ૨૦૧૬માં જ્યારે ભારત-ફ્રાન્સ વચ્ચે લડાકુ વિમાન રફાલને લઈને સોદો થયો હતો તે બાદ વિમાન બનાવતી કંપનીએ ભારતમાં એક વચેટિયાને મોટી રકમ આપી હતી. વર્ષ ૨૦૧૭માં દસોલ્ટ ગ્રુપના એકાઉન્ટ દ્વારા ૫૦૮૯૨૫ યૂરો ગિફ્ટ ટૂ ક્લાયંટ તરીકે અન્યના ખાતામાં ટ્રાન્સફર થયા હતા. ફ્રાન્સની એંટી કરપ્શન એજન્સી એએફએએ રફાલ બનાવતી કંપનીના ખાતાનું ઓડિટ કર્યું ત્યારે આ ખુલાસો થયો હતો. જેને આધાર બનાવીને ફ્રાન્સ મીડિયાએ હવે આ મામલાને ઉઠાવ્યો છે અને તેને લઈને ભારતમાં પણ વિવાદ શરૂ થઈ ગયો છે. આ વિવાદનો ખુલાસો થયા બાદ રફાલ બનાવતી કંપની દસોલ્ટે પણ પોતાની સ્પષ્ટતા આપતા કહ્યું છે કે આ રકમનો ઉપયોગ રફાલ લડાકુ વિમાનના ૫૦ મોટા મોડલ બનાવવા માટે થયો હતો.

# ઇડીએ બંગાળના કોલસા કૌભાંડમાં ૧૬૫ કરોડની મિલકતો ટાંચમાં લીધી

**• કોલસા માઈનિંગ કેસઃ માસ્ટર માઈન્ડ અનુપ માઝીની મિલકતો ટાંચમાં લેવામાં આવી**

નવી દિલ્હી : એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ઈડી)એ મની લોન્ડરિંગ વિરૂદ્ધના કાયદા હેઠળ પશ્ચિમ બંગાળના ગેરકાયદે કોલ માઈનિંગ કેસના કિથત માસ્ટરમાઈન્ડ અનુપ માજીની ૧૬૫ કરોડ રૂપિયાની સંપત્તિ ટાંચમાં લીધી છે.

કેન્દ્રીય તપાસ એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે ટાંચમાં લેવામાં આવેલી મિલકતોમાં ઈસ્પાત દામોદર પ્રાઈવેટ લિમિટેડ અને સોનિક થર્મલ પ્રાઈવેટ લિમિટેડની જમીન, ફેક્ટરી પરિસરો, પ્લાન્ટ, મશીનરી સહિતની મિલકતો ટાંચમાં લેવામાં આવી છે. ટાંચમાં લેવામાં આવેલી મિલકતોની કુલ કીંમત ૧૬૫.૮૬ કરોડ રૂપિયા આંકવામાં આવી છે. એજન્સીએ વધુમાં જણાવ્યું છે કે બંને કંપનીઓના મેન્યુફેકચરિંગ પ્લાન્ટ પશ્ચિમ બંગાળના પુરૂલિયા અને બંકુરામાં આવેલા છે. ઈડીએ આરોપ મૂક્યો છે કે આ બંને કંપનીના પ્લાન્ટ અને મિલકતો હસ્તગત કરવા માટે માઝીએ બંને કંપનીના ૬૭.૮૦ કરોડના શેર ખરીદ્યા હતાં. આ ઉપરાંત બંને કંપનીઓમાં ૯૮.૦૬ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતાં. આ કેસમાં સીબીઆઈએ અનેક વખત માઝી સાથે ચર્ચા કરી હતી. સુપ્રીમ કોર્ટ તરફથી માઝીને ધરપકડ કરવા સામે ૬ એપ્રિલ સુધી રક્ષણ મળ્યું છે.

# ૨૦૨૧માં ભારતનો જીડીપી ૧૨.૫ ટકા રહેવાનો અંદાજ : આઈએમએફ

નવી દિલ્હી : ૨૦૨૧માં ભારતનો આર્થિક વિકાસ ૧૨.૫ ટકા રહેશે તેવો અંદાજ ઈન્ટરનેશનલ મોનિટરી ફંડએ વ્યકત કર્યો છે. આઈએમએફના જણાવ્યા અનુસાર ૨૦૨૧માં ભારતનો જીડીપી ચીન કરતા પણ વધારે રહેશે. ઉલ્લેખનીય છે કે કોરોનાગ્રસ્ત વર્ષ ૨૦૨૦માં ફક્ત ચીનનો જીડીપી પોઝિટિવ રહ્યો છે. વોશિંગ્ટન સ્થિત વૈશ્વિક નાણાકીય સંસ્થાએ પોતાના વાર્ષિક વર્લ્ડ ઈકોનોમિક આઉટલૂકમાં ભારતનો જીડીપી ૧૨.૫ ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો છે. આ અહેવાલ મુજબ ૨૦૨૨માં ભારતનો જીડીપી ૬.૯ ટકા રહેવાનો અંદાજ છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૦માં ભારતના અર્થતંત્રમાં વિક્રમજનક આઠ ટકાનો ઘટાડો નોંધાયો છે. જો કે ૨૦૨૧માં ભારતનો જીડીપી ૧૨.૫ ટકા રહેવાની શક્યતા છે તેમ આઈએમએફના અહેવાલમાં જણાવ્યું છે.

# એક મહિના બાદ હિમાચલમાં બર્ડ ફ્લૂનું બીજું મોજું, ૧૦૦થી વધુ પક્ષીનાં મૃત્યુ

સિમલા : હિમાચલપ્રદેશમાં વર્ડ ફ્લૂના દ્વિતીય મોજાનો આરંભ થતાં કાંગરા જિલ્લાના પોંગ ડેમ સરોવર ખાતે દૂરના અંતરેથી સ્થળાંતર કરીને આવેલા ૧૦૦ પંખીઓનાં મૃત્યુ થયાં છે. વન અધિકારી અર્ચના શર્માએ જણાવ્યું હતું કે નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ હાઇ સિક્યુકરિટી એનિમલ ડિસીઝે મૃતક પક્ષીઓના નમૂનામાં એચપએન૮ એવિઅન ઈનફ્લૂએન્ઝાની હાજરી હોવાનું જણાવ્યું છે. આ વર્ષે થોડા સમય પહેલાં એચપએન૧ની હાજરી જોવા મળી હતી. બંને સ્ટ્રેન અલગ છે.

આ વર્ષે જાન્યુઆરીમાં પોંગ ડેમ સરોવર વન અભયારણ્ય ખાતે બર્ડ ફ્લૂના સંકેત પછી પુરાવા મળ્યા હતા. એક જ મહિનામાં સંક્રમણે ૫૦૦૦ પંખીઓનો ભોગ લીધો હતો. ફેબ્રુઆરીમાં સંક્રમણને અંકુશમાં લેવામાં આવ્યું હતું. પરંતુ ૨૫ માર્ચના રોજ અભયારણ્યમાં સંખ્યાબંધ મૃત્યુ થતાં બર્ડ ફલૂના બીજા મોજાની હાજરીના સંકેત મળ્યા છે. આ વખતે પણ બર્ડ ફલૂએ વિવિધ પ્રકારના બતકનો ભોગ લીધો હતો. સિમલા, કૂલુ અને મનાલી સહિતના રાજ્યના અન્ય વિસ્તારમાંથી પણ પંખીઓનાં મૃત્યુના સમાચાર છે. તેમના મૃત્યુનાં કારણોને તપાસવાના જોકે હજી બાકી છે.

# જસ્ટિસ એનવી રમણા બનશે ૪૮મા ચીફ જસ્ટિસ, ૨૪ એપ્રિલે ગ્રહણ કરશે શપથ

નવી દિલ્હી : જસ્ટિસ એનવી રમણા ભારતના આગામી મુખ્ય ન્યાયાધીશ બનશે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે મંગળવારે સવારે તેમના નામને મંજૂરી આપી હતી. રાષ્ટ્રપતિની મંજૂરીનો લેટર સુપ્રીમ કોર્ટ પહોંચાડી દેવામાં આવ્યો છે. વર્તમાન ચીફ જસ્ટિસ એસએ બોબડે ૨૩ એપ્રિલના રોજ રિટાયર થઈ રહ્યા છે અને ૨૪ એપ્રિલના રોજ જસ્ટિસ એનવી રમણા દેશના ૪૮મા ચીફ જસ્ટિસ તરીકે શપથ ગ્રહણ કરશે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ રાષ્ટ્રપતિ ભવનમાં જસ્ટિસ રમણાને મુખ્ય ન્યાયાધીશ પદના શપથ ગ્રહણ કરાવશે. સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ રમણાનો કાર્યકાળ ૨૬ ઓગષ્ટ, ૨૦૨૨ સુધીનો છે. મતલબ કે તેઓ બે વર્ષ કરતા પણ ઓછા સમય માટે સીજેઆઈનું પદ સંભાળશે. સુપ્રીમ કોર્ટમાં વરિષ્ઠતા મામલે તેઓ હાલ બીજા સ્થાને છે.

# મુસ્લીમોના પ્રાર્થના સ્થાન મસ્જીદની મહત્વતા તથા માનવજીનમાં તેનું સ્થાન.



મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત

**ઈસ્લામની આરસી**

**કાસિમ અબ્બાસ**

ભાગ-૩

એવી જુથબંધી (ફીરકા પરસ્તી- મસ્લક પરસ્તી)વાળી મસ્જીદના ''માલિકો''એ ઉપર આપેલ કુરાન મજીદના બોધવચનો સમજવા જોઈએ અને જુથબંધીથી દુર રહેવું જોઈએ, કારણ કે મસ્જીદ પ્રાર્થના સ્થાન છે, કોઈની બાપીકી જાગીર નથી અને તે જગતના સર્વે મુસલમાનો માટે છે, ભલે તે કોઈ પણ જ્ઞાતિ, જાત કે વિચારો સાથે સંબંધ ધરાવતા હોય.

સત્ય એ છે કે આજથી ૧૪૦૦ વર્ષ પહેલાં ઈસ્લામના અંતિમ પયગંબર સાહેબના સમયમાં મુસલમાનો માં કશા પણ પ્રકારની જુથબંધીઓ ન હતી. સર્વે મુસલમાનો કેવળ ''મુસલમાન'' તથા ''મોમીન''(શ્રદ્ધાળુ) કહેવાતા હતા, અને કેવળ પોતાની ઓળખ માટે પોતાના કુટુંબ, કબીલા, જ્ઞાતિ કે જાતિના નામથી ઓળખાતા હતા, અને બીજા કશા પણ પ્રકારની કોઈ જુથબંધી ન હતી. અત્યારે આ જુથબંધીઓ મુસલમાનોના પ્રાર્થના સ્થાન મસ્જિદમાં પણ પહોંચી ગયેલ છે, અને આ રીતે મુસલમાનોમાં એકતાનો અભાવ જુદા જુદા જુથોની જુદી જુદી મસ્જિદો દ્વારા દેખાય રહ્યો છે.

મસ્જીદોની આ જુથબંધીના કારણે જ અત્યારે ઉત્તર અમેરીકામાં ઘણીવાર રમઝાન માસની શરૂઆત, ઈદુલ ફિત્રની તથા ઈદુલ અઝહાની ઉજવણી બે જુદા જુદા દિવસે થાય છે. આનું કારણ એ છે કે અમુક મસ્જીદો સઉદી અરબનું અનુસરણ કરે છે અને અમુક મસ્જીદો સ્થાનિક ''રૂયતે હિલાલ કમિટી'' (ચંદ્ર નિરીક્ષણ સમિતિ- મુન સાઈટીંગ કમીટી)ના નિર્ણય અનુસાર નવા ઈસ્લામી માસનો આરંભ કરે છે. આ અનુસાર ઘણીવાર એવું થયેલ છે કે સઉદી અરબ જ્યારે નવા ઈસ્લામી મહિનાનો ચંદ્ર થઈ ગયો હોવાની જાહેરાત કરે છે તો તેના વિરુદ્ધ ઉત્તર અમેરીકાની ચંદ્ર નિરીક્ષણ સમિતિ તેના બીજા દિવસે ચંદ્ર થવાની જાહેરાત કરે છે. આ છે મસ્જીદોની જુથબંધી અને એકતાનો અભાવ. આ કારણથી એક જ શહેરમાં ઈદની ઉજવણી બે જુદા જુદા દિવસે થાય છે.

અરબ દેશોને છોડીને બીજા બધા દેશોમાં વધુમતિની મસ્જીદો નમાઝીઓના ફાળા દ્વારા બનાવવામાં આવે છે. નમાઝીઓના ફાળા થકી ઉત્તર અમેરિકા સહિત, ઘણા દેશોમાં આલીશાન મસ્જીદો બનાવવામાં આવેલ છે. અમુક દેશોમાં એવી મસ્જીદો પણ છે, જે અરબ દેશોના અને ખાસ કરીને સઉદી અરબના રાજવીઓના ફાળા થકી બનાવવામાં આવેલ છે.

ઘણા ધર્મગુરૂઓ (ઈમામો) નમાઝીઓ પાસેથી વધુમાં વધુ ફાળો ઉઘરાવવાના હેતુથી ''મસ્જીદ'' ને ''અલ્લાહના ઘર''ની ઉપમા આપે છે. સત્ય તો એ છે કે ''અલ્લાહનું ઘર'' આ જગતમાં કેવળ એક જ છે, જે પવિત્ર કાબા છે અને તે સઉદી અરબના શહેર મક્કા મોઅઝઝમામાં આવેલ છે, અને જેને અરબી ભાષામાં ''બયતુલ્લાહ'' પણ કહેવામાં આવે છે, અને તેનું ગુજરાતીમાં ભાષાંતર ''અલ્લાહનું ઘર'' થાય છે.

મુસ્લીમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદમાં ''મસ્જીદ'' માટે કેવળ ''મસ્જીદ'' શબ્દ જ વાપરવામાં આવેલ છે, અને કોઈપણ જગ્યાએ તેના માટે ''અલ્લાહનું ઘર'' શબ્દો નથી વાપરવામાં આવેલ. ''મસ્જીદ'' એ અરબી શબ્દ છે અને તેનું અક્ષરસઃ ગુજરાતીમાં ભાષાંતર ''સીજદો કરવાની જગ્યા'' થાય છે.

કુરાન મજીદના પ્રકરણ ૩ ના શ્લોક ૯૬માં મક્કા મોઅઝઝમા માં આવેલ પવિત્ર કાબા માટે અરબી શબ્દ ''બયત'' એટલે કે (અલ્લાહનું) ઘર વાપરવામાં આવેલ છે. તે અનુસાર પુરા જગતમાં અલ્લાહનું ઘર એક જ છે, જે પવિત્ર કાબા છે, અને તે અનુસાર ''મસ્જીદ''ને સીજદો કે પ્રાર્થના કરવાની જગ્યા જ કહી શકાય, અને ન કે ''અલ્લાહનું ઘર''.

નમાઝીઓ મસ્જીદ બનાવવા માટે દિલ ખોલીને ફાળો આપે છે, કારણ કે મસ્જીદ બનાવનારાઓ, તેના વ્યવસ્થાપકો તથા ધર્મગુરૂઓ (ઈમામો) તેમને ઈસ્લામના અંતિમ પયગંબર સાહેબના એક કથન (હદીસ)નો હવાલો આપીને કહે છે કે મસ્જીદ બનાવવાવાળાઓ માટે પાલનહાર અલ્લાહ સ્વર્ગ (જન્નત)માં રહેઠાણ (ઘર-મકાન) બનાવશે. જો કે મુસ્લીમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદમાં એ વિષે કશો ઉલ્લેખ નથી કે પાલનહાર અલ્લાહ તેમના માટે સ્વર્ગ (જન્નત)માં રહેઠાણ (મકાન-ઘર) બનાવશે. તે ઉપરાંત આ કથન (હદીસ) માં કેવળ રહેઠાણ (મકાન-ઘર)નો ઉલ્લેખ છે અને ન કે રહેઠાણમાં રહેનાર એટલે કે ''મસ્જીદ બનાવનાર પોતે'' પણ આ ફાળા થકી સ્વર્ગ (જન્નત)માં જશે કે કેમ. મુસ્લીમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદમાં અનેક જગ્યાએ એ વાતનો ઉલ્લેખ છે કે સ્વર્ગ (જન્નત)માં જવા માટે શ્રધ્ધા (ઈમાન) તથા સદ્કાર્યો (નેક આમાલ) જરૂરી છે. ફાળા થકી નાણા આપીને સ્વર્ગ (જન્નત)માં જવાનો કશો ઉલ્લેખ નથી. જો નાણા આપીને સ્વર્ગ (જન્નત)માં જવાતું હોય, તો ગમે તેવો મહાંપાપી (મોટો ગુનેહગાર) પણ મસ્જીદ બનાવવા માટે નાણા આપીને આ જગતમાં જ સ્વર્ગ (જન્નત)માં જવાની બાંયધરી મેળવી શકે છે. (ક્રમશઃ)

# વારાણસી જ્ઞાનવાપી મસ્જિદ નીચે મંદિર છે? : ખોદકામ કરવા માટે કોર્ટનો આદેશ

• રડાર ટેકનીકથી સરવે કરવા કોર્ટમાં અરજી કરાઈ

વારાણસી : વારાણસીના કાશી વિશ્વનાથ મંદિરની તરફેણમાં ચૂકાદો આપતા સિવિલ કોર્ટે જ્ઞાનવાપી પરિસરનું રડાર ટેકનિકથી પુરાતાત્વિક સર્વેક્ષણ કરવાની મંજૂરી આપી દીધી છે. સિનિયર ડિવિઝન ફાસ્ટ ટ્રેક કોર્ટના સિવિલ જજ આશુતોષ દિવારીએ ગુરુવારે ભગવાન વિશ્વેશ્વરનાથના વાદ મિત્ર વિજય શંકર સ્તોગીની અરજી સ્વિકાર કરી લીધી છે. જોકે, સુન્ની સેન્ટ્રલ વકફ બોર્ડે ચૂકાદાને હાઈકોર્ટમાં પડકારવાનો નિર્ણય કર્યો છે.

અદાલતમાં પ્રાચીન મૂર્તિ સ્વયંભૂ ભગવાન વિશ્વેશ્વરનાથના વાદ મિત્ર વિજયશંકર રસ્તોગી તરફથી વર્ષ ૧૯૯૧થી પેન્ડિંગ આ અરજીમાં કહેવાયું હતું કે, જ્ઞાનવાપી પરિસરની જમીનનું પુરાતાત્વિક સર્વેક્ષણ રડાર ટેકનિકથી કરીને જણાવવામાં આવે કે જમીનની નીચે મંદિરના અવશેષ છે કે નહી. સાથે જ વિવાદિત માળખાની ફર્શ તોડીને જોવામાં આવે કે ત્યાં ૧૦૦ ફૂટ ઊંચું સ્વયંભૂ જ્યોતિર્લિંગ વિશ્વેશ્વરનાથ છે કે નહીં. પરિસરની દિવાલો પ્રાચીન મંદિરની છે કે નહીં. રડાર ટેકનિકથી કરાયેલા સર્વેક્ષણથી જમીનનું ધાર્મિક સ્વરૂપ જાણી શકાશે. વાદ મિત્ર રસ્તોગીએ દલીલ કરી હતી કે ૧૪મી સદીના મંદિરમાં પ્રથમ તળમાં ઢાંચો અને ભૂતળમાં ભૂગર્ભ સ્થળ છે, જેમાં ૧૦૦ ફૂટ ઊંચું શિવલિંગ છે, જે ખોદકામથી સ્પષ્ટ થઈ જશે. મંદિર હજારો વર્ષ પહેલાં રાજા વિક્રમાદિત્યએ બનાવ્યું હતું. પછી સતયુગમાં રાજા હરિશ્ચંદ્ર અને વર્ષ ૧૭૮૦માં હોલકરે મંદિરનો જિર્ણોદ્ધાર કરાવ્યો હતો. તેમણે એમ પણ કહ્યું કે ઔરંગઝેબે મંદિર પર હુમલો કર્યો હતો તો ત્યાર બાદ ૧૦૦ વર્ષ કરતાં વધુ સમય સુધી એટલે કે વર્ષ ૧૬૬૯થી ૧૭૮૦ સુધી મંદિરનું અસ્તિત્વ નહોતું.

# શોપિયામાં સુરક્ષાદળો-આતંકીઓ વચ્ચે અથડામણ, ૩ આતંકી ઠાર

• અથડામણ દરમિયાન એક જવાન ઘાયલ થયો

શ્રીનગર : જમ્મુ કાશ્મીરના શોપિયાં જિલ્લામાં ગુરુવારે સુરક્ષા દળો અને આતંકવાદી વચ્ચે ઘર્ષણ થયું છે. આ ઘર્ષણમાં ત્રણ આતંકીઓને ઠાર મારવામાં આવ્યા છે, જ્યાર એક જવાન ઘાયલ પણ થયો છે. પોલીસ અધિકારીના જણાવ્યા પ્રમાણે બાબા મોહલ્લામાં આતંકવાદીઓની હાજરીની સૂચના મળ્યા બાદ સુરક્ષા દળોએ તે વિસ્તારની ઘેરાબંધી કરી હતી અને સર્ચ ઓપરેશન લોન્ચ કર્યુ હતું.

આ દરમિયાન આતંકીઓએ સેનાના જવાનો પર ગોળીબાર શરુ કર્યો. ત્યારબાદ સુરક્ષઆ દળોના જવાનોએ પણ જવાબી કાર્યવાહી કરી અને ઘર્ષણ શરુ થયું. અધિકારીએ જણાવ્યું કે આ ઘર્ષણમાં એક જવાન ઘાયલ થયો છે, જેને સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. આ સિવાય જે ત્રણ આતંકીઓ માર્યા ગયા છે તેમની ઓળખ અને આતંકી સંગઠન વિશે કોઈ માહિતિ મળી નથી.

ઉલ્લેખનીય છે કે આ પહેલા ગત ૨૨ માર્ચના રોજ શોપિયાં જિલ્લામાં સુરક્ષા દળો અને આતંકીઓ વચ્ચેના ઘર્ષણમાં ચાર આતંકીઓને મોતને ઘાટ ઉતાર્યા હતા.

# સેબીએ અંબાણી પરિવારને ૨૫ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો

• રિલાયન્સના વિભાજન સમયે વોરન્ટ્સ ઈશ્યુના હસ્તાંતરણ માટે નિયમભંગ થયો હતો

નવી દિલ્હી : સેબીએ બુધવારે મુકેશ અંબાણી, અનિલ અંબાણી, અન્ય વ્યક્તિઓ અને એકમોને બે દાયકા જૂના કેસમાં ૨૫ કરોડનો દંડ ફટકાર્યો છે. વર્ષ ૨૦૦૦માં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં ટેકઓવર માટેના નિયમોનું પાલન નહીં કરવા બદલ આ દંડ કરાયો છે. સેબી દ્વારા દંડ કરવામાં આવેલી અન્ય વ્યક્તિઓમાં નીતા અંબાણી અને ટીના અંબાણીનો સમાવેશ થાય છે. સેબીએ તેના ૮૫ પાનાના આદેશમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૦માં આરઆઈએલના પ્રમોટર્સ કંપનીમાં પાંચ ટકાથી વધુ હિસ્સાનું હસ્તાંતરણ જાહેર કરવામાં નિષ્ફળ ગયા હતા. વર્ષ ૨૦૦૫માં મુકેશ અને અનિલ અંબાણીએ તેમના પિતા ધિરુભાઈ અંબાણીએ ઊભા કરેલા ઔદ્યોગિક એમ્પાયરનું વિભાજન કર્યું હતું. જાન્યુઆરી ૨૦૦૦માં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (આરઆઈએલ)માં પ્રમોટરનો હિસ્સો ૧૯૯૪માં વોરન્ટ્સ ઈશ્યુના કન્વર્ઝનને પગલે વધારીને ૬.૮૩ ટકા કરાયો હતો. જોકે, પ્રમોટર ગ્રૂપ સબસ્ટેન્શિયલ એક્વિઝિશન ઓફ શેર્સ એન્ડ ટેકઓવર્સ નિયમ ૧૯૯૭ હેઠળ ઓપન ઓફર કરવામાં નિષ્ફળ ગયું હતું.

# મહારાષ્ટ્રમાં વધુ એક લેટર બોમ્બ : વાઝેનો દેશમુખ ઉપર બે કરોડ માંગવાનો આરોપ

• અનિલ દેશમુખ સ્વા મંત્રી અલ પરબ ઉપર પણ આક્ષેપ લગાવ્યો



મુંબઈ : મહારાષ્ટ્રમાં મુંબઈના પૂર્વ કમિશ્નર પરમબીર સિંહના પત્ર બાદ રાજકિય ઉથલ પાથલ થઈ હતી. પરમબીર સિંહના આરોપ બાદ ગૃહમંત્રી અનિલ દેશમુખે રાજીનામુ આપ્યું છે. ત્યારબાદ હવે સચિન વાઝેએ એક પત્ર લખ્યો છે અને તેના કારણે પણ રાજકિય ગરમાવો વધ્યો છે. સચિન વાઝેએ દાવો કર્યો છે કે મહારાષ્ટ્રના પૂર્વ ગૃહમંત્રીએ તેમને ફરી વખત નોકરી પર પરત લેવા માટે બે કરોડ રુપિયાની માંગ કરી હતી. આ સાથે જ સચિન વાઝેએ એક અન્ય મંત્રી ઉપર પણ આરોપ લગાવ્યો છે. મંત્રી અનિલ પરબ પર આરોપ લગાવતા કહ્યું કે તેમણે ઠેકેદારો પાસેથી વસુલી કરવાનું કહ્યું હતું. જો કે પરિવહન મંત્રી અનિલ પરબે સચિન વાઝેના આ તમામ આરોપોને ફગાવ્યા છે. સાથએ જ કહ્યું કે તેઓ કોઈ પણ પ્રકારની તપાસ માટે તૈયાર છે. અનિલ પરબે તો નાર્કો ટેસ્ટ માટેની તૈયારી પણ દર્શાવી છે. સચિન વાઝેને ગયા વર્ષે ફરજ પર પરત લેવામાં આવ્યા હતા. તેમણે એક પત્રની અંદર ચોંકાવનારા દાવા કર્યા છે. પત્રમાં તેમણે લખ્યું છે કે એનસીપી પ્રમુખ શરદ પવાર એવું ઈચ્છતા હતા કે મને ફરી વખત ફરજ પર ના લેવામાં આવે. મને જ્યારે ૬ જાન્યુઆરી ૨૦૨૦ના દિવસે ફરી વખત સેવામાં લેવામાં આવ્યો ત્યારબાદ પણ કેટલાક લોકો ઈચ્છતા હતા કે મને ફરી વખત ફરજ પરથી દૂર કરવામાં આવે.

# બંગાળમાં ટીએમસી-ભાજપ કાર્યકર્તાઓ વચ્ચે મારામારી, પાંચ ઉમેદવાર ઘાયલ

• બંગાળમાં ૭૭.૬૮, કેરળમાં ૭૦.૦૪, આસામમાં ૮૨.૨૯, તમિલનાડુમાં ૬૫.૭૭ ટકા, પુડુચેરીમાં ૭૮.૧૩, મતદાન

કોલકાતા : મંગળવારે બંગાળ સહિત પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી માટે મતદાન યોજાઈ ગયું હતું, કેરળ, પુડુચેરી અને તમિલનાડુમાં એક જ તબક્કામાં મતદાન પૂર્ણ થઈ ગયું, તેવી જ રીતે આસામના અંતિમ ત્રિજા તબક્કા માટે જ્યારે બંગાળના આઠમાંથી ત્રીજા તબક્કા માટે મતદાન યોજાઈ ગયું હતું.



હિંસાની નાની મોટી ઘટનાઓ વચ્ચે મતદારોએ કોરોના મહામારી છતા મતદાનમાં રસ દાખવ્યો હતો અને મોટી સંખ્યામાં લોકોએ ઘરોની બહાર નીકળી મત આપ્યા હતા.

પ્રાપ્ત આંકડા અનુસાર આસામમાં ૮૨.૨૯ ટકા, કેરળમાં ૭૦.૦૪ ટકા, પુડુચેરીમાં પણ ૭૮.૧૩ ટકા, તમિલનાડુમાં ૬૫.૧૧ ટકા અને પ. બંગાળમાં ૭૭.૬૮ ટકા મતદાન થયું હતું. જોકે બંગાળમાં આ તબક્કામાં પણ હિંસાની ઘટનાઓ સામે આવી હતી જેમાં બે મહિલાઓ સહિત પાંચ ઉમેદવારો ઘવાયા હતા. અહીં વિરોધી પક્ષોના સમર્થકો અને કાર્યકર્તાઓ વચ્ચે સામસામે મારામારી થઈ હતી જે બાદમાં હિંસામાં ફેરવાઈ ગઈ હતી.

# હવે ભારતની ખાનગી કંપની મિસાઈલ પણ બનાવશે, DRDOએ આપી મંજૂરી

નવી દિલ્હી : અત્યાર સુધી સંરક્ષણ મંત્રાલયની સંસ્થા ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા એકલા હાથે ભારતીય સૈન્ય માટે મિસાઈલ ડેવલપ કરાતા હતા.

હવે ડીઆરડીઓએ એક મહત્વનો નિર્ણય કરીને ડેવલપમેન્ટ કમ પ્રોડક્શન પાર્ટનર પ્રોગ્રામ હેઠળ પ્રાઈવેટ સેક્ટરને પણ મિસાઈલ સિસ્ટમ ડેવલપમેન્ટમાં સામેલ કરવાનુ નક્કી કર્યુ છે. સાથે સાથે ખાનગી કંપનીઓને મિસાઈલ પ્રોડક્શન માટે પણ મંજૂરી આપવામાં આવશે.

એક મીડિયા રિપોર્ટ પ્રમાણે ડીઆરડીઓના અધિકારીઓનુ કહેવુ છે કે, પ્રાઈવેટ સેક્ટરની કંપનીઓએ પણ મિસાઈલ પ્રોડક્શન માટે ઉત્સાહ બતાવ્યો છે. કંપનીઓ સરફેસ ટુ સરફેસ એર મિસાઈલ સિસ્ટમ પ્રોગ્રામ પ્રોજેક્ટ માટે આગળ આવી રહી છે.

સરકાર મેક ઈન ઈન્ડિયા પોલિસી હેઠળ સૈન્ય ઉપકરણો અને હથિયારો ભારતમાં જ બને તેવા પ્રયાસો કરી રહી છે અને તેના જ ભાગરૂપે હવે ડીઆરડીઓએ પ્રાઈવેટ સેક્ટર સાથે ભાગીદારી કરવા માટે તૈયારી બતાવી છે. પ્રાઈવેટ સેક્ટર સાથે મળીને મિસાઈલ સિસ્ટમ ડેવલપ કરવા માટે ડીઆરડીઓએ મંજૂરી પણ આપી છે.

# ભાજપે મુલાયમ સિંહની ભત્રીજી, ધર્મેન્દ્ર યાદવની બહેનને ટિકિટ આપી

લખનઉ : ભાજપે સમાજવાદી પાર્ટી (સપા) પરિવારમાં ઘૂસણખોરી કરી દીધી છે. ભાજપે પૂર્વ મુખ્યમંત્રી મુલાયમ સિંહ યાદવની ભત્રીજી સંધ્યા યાદવને જિલ્લા પંચાયતની ટિકિટ આપી છે. સંધ્યા યાદવને ઘિરોરના વોર્ડ નંબર ૧૮થી જિલ્લા પંચાયત સદસ્ય પદના ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. સંધ્યા યાદવ પૂર્વ સાંસદ ધર્મેન્દ્ર યાદવના બહેન છે અને નિવર્તમાન જિલ્લા પંચાયત અધ્યક્ષ છે. સંધ્યા યાદવ પાછલી વખતે સમાજવાદી પાર્ટીથી જિલ્લા પંચાયતનું અધ્યક્ષ પદ જીત્યા હતા. એવું કહેવામાં આવે છે કે, સમાજવાદી પાર્ટીના મુખ્ય ધારાસભ્યના ઈશારા પર તેમના વિરૂદ્ધ અવિશ્વાસનો પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો અને તે સમયે ભાજપે તેમની મદદ કરી હતી. સંધ્યા યાદવના પતિ પહેલેથી જ ભાજપમાં સામેલ થઈ ચુક્યા છે.

# અમિત શાહ, યોગી આદિત્યનાથને ધમકીભર્યા ઈ-મેલથી ખળભળાટ

• એરપોર્ટ, મંદિર, સાર્વજનિક સ્થળે બોમ્બ વિસ્ફોટની ચેતવણી

• સીઆરપીએફને મેલ મળ્યા બાદ સુરક્ષા એજન્સીઓ સતર્ક

મુંબઈ : મુંબઈમાં સીઆરપીએફના મુખ્યાલયમાં ધમકીભર્યો ઈ-મેલ કરાતા ખળભળાટ મચી ગયો છે. મંદિર, એરપોર્ટ, સાર્વજનિક સ્થળે બોમ્બ સ્ફોટ કરવાની તથા કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ અને ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથના જીવને જોખમ હોવાની ધમકી ઈમેલમાં આપવામાં આવી હતી.

લશ્કર-એ-તૌયબા આતંકવાદી સંગઠનનો ઈમેલમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ ઈમેલ કોણે કર્યો એની ચોક્કસ માહિતી મેળવવામાં આવી રહી છે. બીજી તરફ ઈમેલની જાણ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ) અને અન્ય સિક્યુરિટી એજન્સીને કરાય છે.

ભારતમાં લશ્કર-એ-તોયબાના ૧૧થી વધુ આતંકવાદી અને આત્મઘાતી હુમલો કરનારા સક્રિય છે. ત્રણ રાજ્યમાં ૨૦૦ કિલોથી વધુ આરડીએક્સ હોવાનું ઈમેલમાં કહ્યું છે. અમે અજાણ્યા છીએ, અમે એક આર્મી છીએ, અમે માફ કરતા નથી, અમે ભૂલતા નથી, અમારી રાહ જોવો એવું છેલ્લે ઈમેલમાં જણાવવામાં આવ્યું છે.

# ભારત સરકાર હવે આફ્રિકા અને અમેરિકા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી વધારશે

નવી દિલ્હી : દેશમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતોને નિયંત્રણમાં લાવવા અને સાઉદી અરેબિયાની કાચા તેલની કિંમતો ઉંચી રાખવાની મનમાનીથી બચવા માટે સરકાર અમેરિકા અને આફ્રિકા પાસેથી ક્રુડ ઓઈલની ખરીદી વધારશે. ભારત કાચા તેલનો વિશ્વનો ત્રીજા નંબરનો સૌથી મોટો આયાતક દેશ છે. અગાઉ પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કાચા તેલની ઉંચી કિંમતો વિકાસશીલ દેશોના અર્થતંત્રને કોવિડ-૧૯ બાદની સ્થિતિમાંથી બહાર આવવામાં અડચણરૂપ હોવાનું જણાવ્યું હતું. તે સમયે સાઉદી અરેબિયાના પેટ્રોલિયમ મંત્રી પ્રિન્સ અબ્દુલઅજીજ બિન સલમાને ભારતને એવી સલાહ આપી હતી કે, ભારતે ૨૦૨૦માં કિંમતો ઘટી ત્યારે કાચા તેલનો જે સ્ટોક ભેગો કરેલો તેનો ઉપયોગ કરવો જોઈએ. પ્રધાને તે જવાબને 'અનડિપ્લોમેટિક' ગણાવ્યો હતો.

# ધોતિયાના છેડે બાંધેલો એક રૂપિયો હજુ વપરાયો નથી

ગુજરાત રાજ્યની સ્થાપના તા. ૧લી મે, ૧૯૬૦ના રોજ રવિશંકર મહારાજના હસ્તે થઈ હતી. હિંદુ તિથિ પ્રમાણે મહાશિવરાત્રિના દિવસે અને ઈસુના કેલેન્ડર પ્રમાણે તેઓ તા. ૨૫-૨- ૧૮૮૪ના રોજ ખેડા જિલ્લાના રઢુ ગામે જન્મ્યા હતા.

માત્ર છ ચોપડી જ ભણેલા મહારાજનું જીવન એક દંતકથા જેવું છે. રવિશંકર મહારાજ સેવાના ભેખધારી હતા. માત્ર પૈસા જ બનાવવા રાજકારણમાં પ્રવેશતા ધંધાદારી રાજકારણીઓથી સાવ જુદા જ મહારાજ આજીવન અકિંચન હતા. મહારાજ સાવ બાળક જેવા વિનમ્ર હતા. મહારાજ પાસે પોતીકું ઘર પણ રહેવા દીધું ન હોતું.

અમદાવાદના કોચરબ આશ્રમમાં સૌ પ્રથમ વાર ગાંધીજીને મળ્યા અને લોહચુંબકની જેમ ત તેઓ બાપુ પ્રત્યે આકર્ષાયા હતા. આજે કેટલાક ઘાસચોર નેતાઓ ખુદ પ્રજાની તિજોરી લૂંટતા બહારવટિયાઓ થઈ ગયા છે, ત્યારે ગાંધીજીએ રવિશંકર મહારાજને ખેડા જિલ્લાના બહારવટિયાની જિંદગી સુધારવાનું કામ સોંપ્યું હતું. ખેડા જિલ્લામાં સાંઠ ગામોમાં એક કોમના સ્ત્રી-પુરુષોને રોજ રાત્રે ચોરામાં હાજરી પુરાવવા જવું પડતું. મહારાજને આ વાત ખૂંચતા ખુદ જ્ઞાતિના લોકોના ઘેર જઈ રહેવા લાગ્યા હતા. તેમને ત્યાં જ જમતા અને તેમને ત્યાં જ સૂતા. જે જમાનામાં લોકો દારૂડિયા, ચોર અને ખૂની સમજી સામાજિક ધિક્કાર મળતો હતો. તેમને તેમણે પ્રેમ અને આદર આપી કુટેવો છોડાવી હતી.

એક વાર મહારાજને ખેડા જિલ્લાના મહીના કોતરોમાં દસ-બાર બુકાનીધારી બહારવટિયાઓ જ ભેટી ગયા. બહારવટિયાએ હોંકારો પાડી કહ્યું : ‘કોણ છે લ્યા ?’

મહારાજએ કહ્યું : ‘હું પણ બહારવટિયો છું.’

‘કઈ ટોળકીનો ?’

મહારાજે કહ્યું : ‘ગાંધીની ટોળીનો.’

બહારવટિયાઓએ પૂછ્યું : ‘એ વળી કોણ છે ?’

મહારાજે કહ્યું : ‘આપણા દેશને અંગ્રેજો લૂંટે છે અને આપણી પર રાજ કરે છે. તેમની સામે મોહનદાસ કરમચંદ ગાંધી નામનો એક માણસ બહારવટે ચડ્યો છે. હું તે ગાંધીટોળીનો બહારવટિયો છું. તમે પણ મારી સાથે અંગ્રેજો સામે બહારવટું ખેલો.’

બહારવટિયાઓ મૌન થઈ ચાલ્યા ગયા.

મહારાજે આ વાત ગાંધીજીને કહી તે પછી બાપુએ મહારાજને બહારવટિયાઓની વચ્ચે જઈ કામ કરવા કહ્યું હતું. દાદાએ ગુજરાતથી મધ્યપ્રદેશ સુધી નિર્ભય થઈ આ કામ કર્યું હતું. રવિશંકર મહારાજે ૧૯૨૧માં પોતાનું ઘર છોડી દીધું હતું. પોતાનાં ઘર અને મિલકત પરથી પોતાનો અધિકાર પણ ત્યજી દીધો હતો. તે પછી પોતાની જરૂરિયાતો પણ ઘટાડી નાંખી. અકિંચન બની ગયા. સમાજને ઓછામાં ઓછા ભારરૂપ થઈ વધુને વધુ ઘસાવું તે તેમનો જીવનમંત્ર બની ગયો હતો. ઘર અને કુટુંબની મમતાનો પણ ત્યાગ કર્યો હતો. તેઓ વર્ષમાં ૮૦થી ૯૦ મીટર ખાદી થાય તેટલું કાંતતા. તેમાંથી પોતાના માટે બે જોડ કપડાં થાય તેટલી ૧૩ મીટર ખાદી રાખી બાકીની ખાદી જરૂરિયાતવાળાને આપી દેતા.

સવારે મળે તો દૂધ અને બે ટંક ભોજન સિવાય વચ્ચે કાંઈ લેતા નહોતા. મોઢામાં ભૂલથી ઈલાયચીનો દાણો પડી જાય તો ૨૪ કલાકના ઉપવાસ કરી નાખતા. એ પછીનાં ૨૫ વર્ષ માત્ર એક ટંક ખાઈને લોકોની સેવા કરતા રહ્યા.

૪૦ વર્ષ સુધી એમણે પગમાં જોડાં પહેર્યાં નહોતા. સખત તાપમાં કાંટા-કાંકરાવાળી જમીન પર તેઓ ખુલ્લા પગે માઈલો સુધી ચાલતા. પગનાં તળિયાં તેમણે એવાં તે મજબૂત બનાવી દીધાં હતાં કે, પગને કાંટો વાગે તો કાંટો ભાંગી જાય. ટાઢ, તાપ કે વરસાદની તેમને પરવા નહોતી. તેઓ કહેતા : ‘દરેક ચીજ ઘસાવાથી ઊજળી થાય છે.’




**રવિશંકર મહારાજે ૧૯૨૧માં પોતાનું ઘર છોડી દીધું હતું. પોતાનાં ઘર અને મિલકત પરથી પોતાનો અધિકાર પણ ત્યજી દીધો હતો. તે પછી પોતાની જરૂરિયાતો પણ ઘટાડી નાંખી. અકિંચન બની ગયા. સમાજને ઓછામાં ઓછા ભારરૂપ થઈ વધુને વધુ ઘસાવું તે તેમનો જીવનમંત્ર બની ગયો હતો.**

મહારાજ જેના ઘેર ઊતરે તે યજમાનને ઓછામાં ઓછી તકલીફ પડે તેનો ખ્યાલ રાખતા. દિવસે કદી આરામ કરતા નહીં. દર અગિયારસે ઉપવાસ કરતાં. ઉપવાસના દિવસે પણ ત્રણ આંટી કાંતી નાખતાં. દાદા છ ફૂટથી પણ ઊંચા હતા. તેમના માપનો ખાટલો ના મળે તો નાના ખાટલામાં ટૂંટિયું વાળીને સૂઈ જતાં. ઊંઘ પણ ઘસઘસાટ આવતી. વરસતા વરસાદમાં કે કડકડતી ઠંડીમાં પણ તેઓ ૪૦-૪૫ માઈલ ચાલી નાંખતા. કોઈ ગરીબના ઘેર લુખ્ખી ખીચડી ખાઈને ઊંઘી જતા. સાથે દૂધ, દહીં કે અથાણાં જેવું કાંઈ જ નહીં.

એક વાર અજમેરથી અમદાવાદ સુધી ચાલીને આવ્યા હતા.

એ પછી ગુજરાતમાં કે દેશમાં ક્યાંય પણ કુદરતી આફત આવી હોય તો રાહતકાર્યો માટે મહારાજ પહોંચી જતા. ૧૮૪૭થી ૧૯૫૨ સુધી રાધનપુર, સમી, હારીજ તાલુકાઓની પાણીની સમસ્યા જોઈ ૪૮ કૂવા અને ૫૧ પાણીના બોર કરાવ્યા હતા. લોકો તેમને બોરિંગવાળા મહારાજ તરીકે પણ ઓળખતા. એ પછી છેક બિહારના દુષ્કાળ, ઓરિસ્સાના જળપ્રલય અને બાંગ્લાદેશની કુદરતી આપત્તિઓ વખતે ત્યાં જઈ રાહતકામો કર્યાં. અમદાવાદમાં કોમી તોફાનો બાદ લાવારિસ એવા ૮૭ મૃતદેહોનો તેમણે જાતે અગ્નિસંસ્કાર કર્યો.

મહારાજે વિનોબાજીની ભૂદાનની પ્રવૃત્તિ ઉપાડી લીધી હતી. એક વાર મહારાજના પ્રવચન પછી કવિ દુલા ભાયા કાગે ૫૧ એકર જમીન, ૧૦ કૂવા, ૧૦ બળદ, ૧૦ ઘર, ૧૦ હળ, ૪૦ ગાડાં અને ૯૦ મણ અનાજ જરૂરિયાતવાળાઓને આપી દેવાનો સંકલ્પ જાહેર કર્યો હતો.

દાદાની આ બધી પ્રવૃત્તિના કારણે અમદાવાદના બડા બડા શેઠિયાઓ પણ દાદા પર અસાધારણ વિશ્વાસ મૂકી રાહતકાર્યો માટે છૂટથી પૈસા આપતા. બિહારમાં દુષ્કાળ આવ્યો ત્યારે શેઠ અમૃતલાલ હરગોવનદાસે દાદાને મોટી રકમનું દાન કર્યું હતું. રાહતકાર્યોમાં પૈસા વાપર્યા બાદ તેમાંથી કેટલીક રકમ બચી હતી. દાદા બિહારથી પાછા ફર્યા, પણ ગંભીર માંદગી સાથે પોતે જીવશે કે કેમ તેની તેમને આશા નહોતી. તેથી દાનમાં મળેલી રકમ અને વાપર્યા બાદ વધેલી દાતાને પાછી પહોંચશે કે નહીં તેની તેમને ચિંતા હતી. એ વખતે મહારાજ વૈદ્ય રસિકલાલ પરીખની સંજીવની હૉસ્પિટલમાં હતા. તેમણે ધીમા અવાજે પોતાના એક સાથીને કહ્યું, ‘શેઠ અમૃતલાલને બોલાવો.’ દાદાનો સંદેશો મળતાં જ અમૃતલાલ શેઠ હૉસ્પિટલમાં આવ્યા. માંદગીના બિછાનેથી દાદાએ બિહારનાં રાહતકાર્યો કર્યાં પછી વધેલી દાનની રકમ હિસાબ સાથે જ દાદાએ શેઠને પરત કરી દીધી. રવિશંકર મહારાજની સાર્વજનિક ધન પ્રત્યેની આવી પ્રમાણિકતા જોઈ શેઠ અમૃતલાલ પણ વિચારમાં પડી ગયા.

એકવાર એક ભાઈએ મહારાજને ખિસ્સા ખર્ચ માટે થોડી રકમ આપવા ઈચ્છા દર્શાવી અને પૈસાનું એક કવર તેમના હાથમાં મૂક્યું. મહારાજે તે રકમ પાછી આપતાં હસતાં વદને પોતાના ધોતિયાનો છેડો બતાવતાં કહ્યું : ‘મારા આ ધોતિયાના છેડે કેટલાય દિવસોથી એક રૂપિયો બાંધેલો છે અને હજી વપરાયો નથી તો મારે વધારે પૈસા ક્યાં રાખવા ?

આવા રવિશંકર મહારાજના હસ્તે ગુજરાત રાજ્યનું ઉદ્‌ઘાટન થયું હતું, પણ તેમણે ટિકિટ લઈ ધારાસભામાં જવાની કદીયે ઈચ્છા વ્યક્ત કરી નહોતી. સેવા કરવા માટે સત્તાની જ જરૂર છે તેવું તેઓ કદીયે માનતા નહોતા. ‘દાદા’ અને ‘મહારાજ’ના હુલામણા નામે ઓળખાતા રવિશંકર મહારાજના જીવનના અનેક પ્રસંગો છે. તેમાંથી અહીં તો માત્ર નમૂના જ પેશ કર્યા છે.

નવી પેઢી મહારાજના જીવનથી પરિચિત થાય અને આવતી કાલ માટે અકિંચન, અપરિગ્રહી, નિરાભિમાની, સ્વચ્છ અને નિર્ભય લોકસેવકો પણ પેદા થાય તે જરૂરી છે. ‘ગુજરાત’ની અસલી અસ્મિતા પુનઃ પ્રગટ કરવા શાળાના શિક્ષકો પણ રવિશંકર મહારાજના જીવનથી બાળકોને પરિચિત કરાવે તે હવે જરૂરી છે.

દેવેન્દ્ર પટેલ
સંપર્ક
+91 98792 07102

## જાણવા જેવું

### ગુરૂનું વિરાટ વાવાઝોડું : રેડ સ્પોટ



સૂર્યમાળાના બધા જ ગ્રહો ઉપર પૃથ્વીની જેમ વાવાઝોડા અને વંટોળિયા થાય છે. દરેક ગ્રહ પોતાની ધરી પર ફરતાં ફરતાં સૂર્યની પ્રદક્ષિણા કરે છે એટલે આ ગતિવિધિ તેમની પર વાવાઝોડા લાવે છે. દરેક ગ્રહ ઉપર થતાં વાવાઝોડાના કારણો જુદા જુદા હોય છે. સૂર્યમાળાનો સૌથી મોટો ગ્રહ ગુરૂ પરિભ્રમણ કરવામાં ય પ્રથમ ક્રમે છે. આપણા દશ કલાકમાં ગુરૂ પોતાની ધરી પર એક ચક્ર પૂરું કરે છે. કદની દ્રષ્ટિએ વિચારીએ તો તે પૃથ્વી કરતાં અનેકગણી વધુ ઝડપથી ફરે છે. એટલે તેની પર વાવાઝોડા અને વંટોળિયા સતત ચાલુ જ હોય છે. વિજ્ઞાાનીઓને ગુરૂનાઅવલોકન વખતે તેની ઉપર વિરાટ કદનું લાલ ધાબું દેખાય છે. ૪૦૦૦૦ કિલોમીટરના વ્યાસના આ ધાબાને રેડસ્પે કહે છે. ઇ.સ. ૧૬૬૪માં પ્રથમવાર તે દેખાયું હતું. ગુરુનો આ રેડ સ્પોટ હકિક્તમાં તેની સપાટી પર સર્જાયેલો ચક્રવાત છે. હાઇડ્રોજન, મિથેન અને ફોસ્ફરસના ઘટ્ટ વાદળોનો સમૂહ સતત ચક્રાકાર ફર્યા કરે છે અને આપણા છ દિવસે દિશા બદલે છે. ગુરૂનું આ વિરાટ વાવાઝોડું છેલ્લાં ૩ વર્ષથી ચાલુ જ છે.

### શરીરને હરતું ફરતું રાખતાં મસલ્સ (સ્નાયુ)



માણસ અને પ્રાણીઓના શરીરના બંધારણમાં હાડપિંજર મુખ્ય છે. હાડપિંજર શરીરને ટટ્ટાર બનાવી આકાર આપે છે. શરીરને હાલવા ચાલવા, ઉઠવા બેસવા જેવી ક્રિયાઓ કરવા માટે દરેક હાડકાના છેડા મસલ્સથી જોડાયેલા છે. મસલ્સ લાંબા દોરડા જેવા અને સ્થિતિ સ્થાપક હોય છે. અને મજબૂત પણ હોય છે. મસલ્સ બે પ્રકારના હોય છે. સ્વૈચ્છિક અને અનૈચ્છિક. આપણી ઇચ્છિત ક્રિયા કરવા માટે ઐચ્છિક સ્નાયુઓ વપરાય છે. આપણા ચાલવા દોડવાથી માંડીને પેન પકડવા જેવી ક્રિયાઓ પણ સ્નાયુ વડે થાય છે. હસવું બોલવું પણ સ્નાયુનું જ કામ છે. સ્નાયુઓ હાડકા ઉપર ચોંટેલા હોય છે અને છેડેથી હાડકાના છેડે જોડાયેલા હોય છે. આપણે હાથ ઊંચો કરવો હોય તો કોણી અને ખભા વચ્ચેનો સ્નાયુ ખેંચાઈ તે હાથ ઊંચો કરે છે. શરીરમાં ૪૦ ટકા વજન સ્નાયુઓથી ટકે છે. શરીરમાં કુલ ૬૦૦ થી વધુ સ્નાયુઓ હોય છે. મોટા ભાગના સ્નાયુઓનું આપણે ઇચ્છા મુજબ સંચાલન કરી શકીએ છીએ. હૃદય ધબકવું, ફેફસા દ્વારા શ્વાસ લેવો વગેરે કામ સ્નાયુઓ જ કરે છે સ્નાયુઓ આપણા અંગોને ખેંચવા કે ઢીલા મૂકવાનું કામ કરે છે. બે સ્નાયુઓની જોડી આ કામ કરે છે.

## દેશ-વિદેશનું જાણવા જેવું

### મહિલા બાઇકર ૬૫૦ દિવસમાં ૯૪ દેશોની બાઈકયાત્રા કરશે



શારીરિક અક્ષમતા કે ઊણપ ટૅલેન્ટના વિકાસમાં અડચણરૂપ બનતી નથી. બેંગ્લોરની માલ્યા અદિતિ ઈન્ટરનૅશનલ સ્કૂલમાં આર્ટસ અને મેટલ સ્કલ્પ્ચર સ્કૂલની ૩૬ વર્ષની ટીચર અર્ચના તિમારાજુ જન્મથી પૂર્ણરૂપે સાંભળી શકતી નથી. તેની શ્રવણશક્તિ ફક્ત ૪૦ ટકા છે પરંતુ તે એક્સપર્ટ બાઈકર છે. અર્ચનાએ સાંકેતિક ભાષાના મહત્ત્વ તેમજ દેશના બધિરોની જરૂરિયાત તરફ લોકોનું ધ્યાન કેન્દ્રિત કરવા અને લોકમત જગાવવાનું અભિયાન હાથ ધર્યું છે. અર્ચના ૨૦૦૬થી ભારતની પ્રથમ બધિર મહિલા બાઈકર છે. અર્ચનાએ જણાવ્યું હતું કે 'હું સ્કૂલમાં હતી ત્યારે જીભ થોથવાતી હોવાથી તોતડું બોલતી હોઉં એવું લાગતું હતું એથી બાળકો મારી મશ્કરી કરતાં હતાં પરંતુ મેં મારી એ ઊણપને વિકાસના માર્ગમાં અડચણરૂપ બનવા નહોતી દીધી. બાળકોની મશ્કરીને કારણે મેં આત્મવિશ્વાસ નહોતો ગુમાવ્યો. ચાર વર્ષની સ્પીચ-થેરપીને કારણે મારી બોલવાની રીતમાં ઘણો સુધારો થયો. મારો આત્મવિશ્વાસ પણ વધ્યો હતો.' ૨૦૦૬માં એક મિત્રે બાઈક ભેટ આપ્યા પછી અર્ચનાએ બાઈક એક્સપેડિશનમાં સામેલ થવાનું શરૂ કર્યું હતું. ૨૦૧૮માં એક મિત્ર સાથે બેંગ્લોરથી લેહ (કાશ્મીર) સુધી બાઈક એક્સપેડિશન સફળ થયા બાદ અર્ચનાએ બધિરોની સમસ્યા તરફ સૌનું ધ્યાન દોરવા અને તેમને માટે જનમત જાગ્રત કરવા માટે 'સાઈલન્ટ એક્સપેડિશન'નો સિલસિલો શરૂ કર્યો હતો.

### એટલાન્ટામાં ખુદ સાથે જ લગ્ન!?



લગ્ન એ એક એવી ધાર્મિક વિધિ છે, જેમાં માત્ર દુલ્હા-દુલ્હન નહીં, બે પરિવાર વચ્ચે સંબંધ બંધાય છે અને નવપરિણીત યુગલ ખાસ કરીને મહિલા પર તેના જીવનસાથી ઉપરાંત તેના પરિવારની પણ સંભાળ રાખવાની જવાબદારી હોય છે. જો કે ઍટલાન્ટાની મૅગ ટેલર નામની મહિલાએ અલગ ચીલો ચાતરીને પોતે જ પોતાની સાથે લગ્ન કર્યાં છે. વાત જાણે એમ છે કે મેગ ૨૦૨૦માં હેલોવીન ફેસ્ટિ વલ પર લગ્ન કરવા માગતી હતી, પરંતુ જૂન ૨૦૨૦માં તેના બૉયફ્રેન્ડ સાથે બ્રેકઅપ થઈ ગયું. એ વખતે તે તૂટી પડી પણ આખરે તે એ દુ:ખમાંથી બહાર આવી અને તેણે જીવનમાં અન્યોને ખુશ કરવાને બદલે પોતાને જ ખુશ કરવાનું નક્કી કર્યું અને પોતે જ પોતાની સાથે લગ્ન કરવાનો નિર્ણય લીધો. મેગે વર વિના જ ધામધૂમથી લગ્ન કરવા પોતાને માટે નવવધૂ માટેનાં કપડાંનો ઑર્ડર કર્યો, ડાયમન્ડની વીંટી ખરીદી અને પરિવાર તથા મિત્રોની હાજરીમાં પોતે જ તૈયાર કરેલી પ્રતિજ્ઞા બોલીને રિંગ પહેરી લીધી અને આઈનામાં પોતાને કિસ કરીને લગ્ન કરી લીધાં. આ બધા ભપકા પાછળ તેણે ૧૦૦૦ પાઉન્ડ એટલે કે લગભગ એક લાખ ૨૦ હજાર રૂપિયાનો ખર્ચ કર્યો હતો.

### માઉન્ટ કિલિમાન્જારો શિખર સર કરનારી સૌથી નાની પર્વતારોહક




આંધ્ર પ્રદેશના અનંતપુર જિલ્લાના તડીમારી તાલુકાના અઘરામ ગામની રહેવાસી નવ વર્ષની બાળકી કડાપાલા રિત્વિકાએ તેના પિતા કડાપાલા શંકર સાથે આફ્રિકા ખંડના ટાન્ઝાનિયાના પહાડોનું સૌથી ઊંચું શિખર માઉન્ટ કિલિ માન્જારો સર કર્યું હતું. રિત્વિકા સમુદ્રની સપાટીથી ૫૬૮૫ મીટર ઊંચે રાષ્ટ્રધ્વજ સાથે ગિલ મેન્સ પૉઈન્ટ પર પહોંચતાની સાથે કિલિ માન્જારો શિખર સર કરનારી એશિયાની સૌથી નાની ઉંમરની બાળકી બની છે. કડાપાલા શંકર સ્પેશિયલ ઑલિમ્ પિક્સ માટેના ક્રિકેટ કોચ છે. રિત્વિકાએ પ્રથમ તબક્કાની તાલીમ તેલંગણાના ભોંગીર સ્થિ ત રૉક ક્લાઈમ્બિંગની અને બીજા તબક્કાની તાલીમ લદાખમાં મેળવી હતી. ૨૦૧૮માં સન્મા ન્યુ પોથરાજુએ સાત વર્ષની ઉંમરે માઉન્ટ કિલિ માન્જારોનું ઉહુરુ શિખર સર કરીને સૌથી નાની ઉંમરના બાળક તરીકે વિક્રમ નોંધાવ્યો હતો. તેની સાથે તેની મમ્મી લાવણ્યા, કોચ તમ્નિનેની ભરત, અન્ય પર્વ તારોહક શંગાબંદી સૃજના અને ટાન્ઝાનિયાના એક સ્થાનિક ડૉક્ટર પણ પહાડ ચડ્યાં હતાં. રિત્વિકાએએ પર્વતનું આરોહણ કરનારી સૌથી નાની બાળકી તરીકે વિક્રમ નોંધાવ્યો છે.

## ખાવાપીવાના નિયમોનું પાલન કરો અને સ્વસ્થ રહો



અત્યારે લોકો પોતાના સ્વાસ્થ્ય વિશે સજાગ બની ગયા છે, પરંતુ એ પણ હકીકત છે કે લોકો ફસ્ટફૂડનું સેવન વધારે કરે છે. જો તમારે સ્વસ્થ રહેવું હોય તો સ્વસ્થ રહેવા માટેના પણ નિયમો છે. સ્વસ્થ અને તંદુરસ્ત રહેવા માટે તમારે યોગ્ય સમયે અને યોગ્ય માત્રામાં ખાવું એ ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે અને જો તમે બીમાર પડવા ન માંગતા હોવ અને તમારું વજન હંમેશાં નોર્મલ રાખવા માંગતા હોવ તો તમે આજથી જ આ નિયમોનું પાલન કરો અને સ્વસ્થ રહો.

### વિવિધ પ્રકારની વસ્તુઓનું કરો સેવન

સ્વાસ્થ્ય સારું રાખવા માટે જંકફૂડ કે અનહેલ્ધી ફૂડ ખાવાથી દૂર રહેવું, તેને બદલે જેમાં પોષકતત્ત્વો ભરપૂર માત્રામાં હોય તેવો ખોરાક જ લેવો. તમે ડ્રાયફ્રૂટ્સ, ફળ, શાકભાજી વગેરેનું સેવન કરી શકો છો. તે સિવાય રૂટિન દાળ,ભાત,શાક અને રોટલી પણ આરોગ્ય માટે શ્રેષ્ઠ છે. વાત માત્ર એટલી જ છે કે શરીરને જે ખોરાકમાંથી પોષકતત્ત્વો પ્રાપ્ત થાય તે જ ખોરાક આરોગવાનો આગ્રહ વધારે રાખવો જોઈએ.

### કાર્બોહાઇડ્રેટથી ભરપૂર ખોરાક

આહારમાં લગભગ અડધી કેલરી કાર્બોહાઈડ્રેટ, ચોખા, પાસ્તા, બટાકા અને બ્રેડ જેવા સમૃદ્ધ ખોરાકમાંથી આવે છે તો આ વસ્તુ ખાવાની આદત રાખો. તમારા રોજિંદા આહારમાં આ વસ્તુઓમાંથી એક વસ્તુ તો ચોક્કસ હોવી જોઈએ.

### ફળો-શાકભાજીનું સેવન કરો

ફળો અને શાકભાજીમાં પૂરતા પ્રમાણમાં વિટામિન, ખનીજ અને રેસા હોય છે, જે શરીર માટે ગુણકારી છે. માટે પુષ્કળ ફળો અને શાકભાજી ખાવાં જેથી શરીરને પૂરતાં પ્રમાણમાં વિટામિન અને ખનીજ મળી રહે.

### મીઠું અને ખાંડનું સેવન ઓછું કરો

વધારે પ્રમાણમાં મીઠું ખાવાથી હાઈ બ્લડપ્રેશર થઈ શકે છે અને હૃદયરોગનું જોખમ વધી શકે છે. જ્યારે વધારે પડતી ખાંડના સેવનથી ડાયાબિટીસ અને વજન વધવાની સમસ્યા પણ થઈ શકે છે, માટે તેનો ઉપયોગ બને તેટલો ઓછો કરવો, મીઠાની જગ્યાએ સિંધાલૂણ ખાવું અને ખાંડને બદલે ગોળનો ઉપયોગ કરવો.

## ઘુઘરા



**સામગ્રી :** ૧ કપ – મેંદો, ૨ ચમચી – તેલ, ૨૫૦ ગ્રામ માવો, ૧ કપ – છીણેલું નારિયેળ, ૧/૨ કપ – ડ્રાય ફ્રૂટ્સ, ૧ ચમચી – ઇલાયચી પાઉડર, જરૂરિયાત મુજબ – ખાંડ, તરવા માટે – તેલ અથવા ઘી, પ્રમાણુસાર – પાણી

**બનાવવાની રીત :** સૌ પ્રથમ ઘુઘરા બનાવવા માટે એક વાસણમાં મેંદો લો. હવે તેમા ઘી અને પાણી ઉમેરીને બરાબર લોટ બાંધી લો. હવે એક પેનમાં માવાને શેકી લો અને તેમા ખાડં મિક્સ કરી બરાબર હલાવીને બાઉલમાં નીકાળી લો. હવે શેકેલા માવામાં નારિયેળસ ડ્રાયફ્રૂટ્સ અને ઇલાયચી પાઉડર બરાબર મિક્સ કરી લો. તે બાદ લોટના નાના લૂઆ બનાવીને તેને નાની રોટલીના આકારમાં વણી લો. હવે તેની પર તૈયાર માવાનું મિશ્રણ ભરી કિનારીએ થોડૂક પાણી લગાવીને તેને ઘુઘરાના આકારમાં બંધ કરી દો. હવે એક કઢાઇમાં તેલ કે ઘી ગરમ કરી તેમા ઘુઘરા આછા બ્રાઉન રંગના અને ક્રિપ્સી થાય ત્યા સુધી તળી લો. તૈયાર છે ઘુઘરા..

## ક્રોસવર્ડ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ | ૬ |
| | ■ | ૭ | | ■ | ૮ | | ■ | ૯ | |
| ૧૦ | ૧૧ | | ■ | ૧૨ | | | ■ | ■ | |
| ■ | | ■ | ૧૩ | | | ■ | ૧૪ | ૧૫ | |
| ૧૬ | ■ | ૧૭ | | | ■ | ૧૮ | | | ■ |
| ૧૯ | ૨૦ | | | ■ | ૨૧ | | ■ | ૨૨ | ૨૩ |
| ૨૪ | | ■ | ■ | ૨૫ | ■ | ૨૬ | | ■ | |
| ■ | ૨૭ | ૨૮ | ■ | ૨૯ | | ■ | ■ | ૩૦ | |
| ૩૧ | | | ■ | | ■ | ૩૨ | ૩૩ | | ■ |
| | ■ | ૩૪ | | | ■ | ૩૫ | | | |

**આડી ચાવી :**
(૧) લાગવગ કે સંબંધવાળું (૫)
(૪) વારસ વગરનું (૪)
(૭) મૃત્યુનો દેવ (૨)
(૮) એક અને પા (૨)
(૯) ખારાશવાળું તત્ત્વ (૨)
(૧૦) ધંતૂરો, સોનું (૩)
(૧૨) જારબાજરીના સૂકા સાંઠા (૩)
(૧૩) રીંગણું (૩)
(૧૪) ચાકરી, બરદાશ, સરભરા (૩)
(૧૭) કાપાકાપી, ખૂનરેજી (૩)
(૧૮) ઋતુ (૩)
(૧૯) ઈમારત વિનાનું, ખેડ્યા વિનાનું (૪)
(૨૧) ચંદ્ર, ચંદ્રક (૨)
(૨૨) પ્રસંગ, વખત (૨)
(૨૪) પત્ની (૨)
(૨૬) છૂટો મોતીચૂર (૨)
(૨૭) વેરો, હસ્ત (૨)
(૨૯) યાત્રિક, યાત્રાળુ (૨)
(૩૦) બાણ, તીર (૨)
(૩૧) ધંધો, વેપાર (૩)
(૩૨) રમણીય દૃશ્ય (૩)
(૩૪) નમક, મીઠું (૩)
(૩૫) ગોટાળો, ઘોંઘાટ (૪)

**ઊભી ચાવી :**
(૧) બદલો, વળતર, વેર (૩)
(૨) ઉચિત, પાત્ર, યોગ્ય (૩)
(૩) કિંમત, પૈસો, માળા (૨)
(૪) એક ઈલકાબ, સૂબો (૩)
(૫) રક્ષણ, રાખડી (૨)
(૬) અમીર, આગેવાન, નાયક (૪)
(૮) પાકો રસ્તો (૩)
(૧૧) વેશ ભજવનાર (૨)
(૧૨) કજિયો, રડારોળ (૩)
(૧૩) ભૂત (૩)
(૧૪) અંગત, વિશિષ્ટ (૨)
(૧૫) તમોગુણ (૩)
(૧૬) સંપત, સંપત્તિ (૩)
(૧૭) કલમનો કાપ (૨)
(૧૮) લાડુ (૩)
(૨૦) ડરપોક, બીકણ (૪)
(૨૩) માં, મધ્યે (૩)
(૨૫) ભયંકર, ભયાવહ (૪)
(૨૮) રાત, રાત્રી (૩)
(૩૦) મદિરા, દારૂ (૩)
(૩૧) ભાગ, લત્તો (૨)
(૩૨) ઝાડ, પર્વત (૨)
(૩૩) એક અનાજ, જુવાર (૨)

**ક્રોસવર્ડનો ઉકેલ** આડી ચાવી : (૧) વસીલાદાર (૪) નવારસ (૭) યમ (૮) સવા (૯) ક્ષાર (૧૦) કનક (૧૨) કડબ (૧૩) વંતાક (૧૪) ખાતર (૧૭) કતલ (૧૮) મોસમ (૧૯) પડતર (૨૧) ચાંદ (૨૨) સમો (૨૪) દાર (૨૬) કળી (૨૭) કર (૨૯) યાત્રી (૩૦) શર (૩૧) વણજ (૩૨) નજારા (૩૪) નિમક (૩૫) ગરબડ **ઊભી ચાવી :** (૧) વટક (૨) લાયક (૩) દામ (૪) નવાબ (૫) રક્ષા (૬) સરદાર (૮) સડક (૧૧) નટ (૧૨) કતાલ (૧૩) વંતર (૧૪) ખાસ (૧૫) તમસ (૧૬) સંપદા (૧૭) કત (૧૮) મોદક (૨૦) ડરકણ (૨૩) મોઝાર (૨૫) ભયાનક (૨૮) રજનિ (૩૦) શરાબ (૩૧) વગો (૩૨) નગ (૩૩) જાર

# કોરોનાનો કહેર છતાં ટી૨૦ વર્લ્ડ કપ ભારતમાં જ રમાશે: આઇસીસી

## સ્પર્ધા અન્ય કોઇ દેશમાં ટ્રાન્સફર કરવાની કોઇ યોજના નથી: જ્યોફ એલાર્ડિસ

દુબઇ: ભારતમાં કોરોના વાઈરસના સતત કેસ વધી રહ્યા છે અને કોરોનાથી સંક્રમિત થયેલા લોકોની સંખ્યા એક લાખ કરતાં વધારે થઇ ચૂકી છે. ભારતમાં ચાલુ વર્ષના અંત ભાગમાં આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપનું આયોજન થવાનું છે અને સતત વધી રહેલા કેસની વચ્ચે ટી૨૦ વર્લ્ડ કપનું આયોજન પડતું મૂકવામાં આવશે કે કેમ તેના સંદર્ભમાં આઈસીસીના ઈન્ટ્રિમ સીઈઓ જ્યોફ એલાર્ડિસે જણાવ્યું હતું કે આઈસીસી પાસે ભારતની યજમાનીમાં રમાનારા ટી૨૦ વર્લ્ડ કપ માટેની બેકઅપ યોજનાઓ તૈયાર છે. કોરોનાના સતત કેસ વધી રહ્યા હોવા છતાં પણ ટી૨૦ વર્લ્ડ કપ ભારતમાં જ રમાશે અને તેને અન્ય કોઈ દેશમાં ટ્રાન્સફર કરવાની કોઈ યોજના નથી. એલાર્ડિસે જણાવ્યું હતું કે અમે ચોક્કસ યોજના અનુસાર આગળ વધી રહ્યા છીએ. અમારી પાસે પ્લાન-બી પણ તૈયાર છે, પરંતુ તેને અમે અત્યારે એક્ટિવેટ કરવાના નથી. આ ઉપરાંત આઈસીસી તમામ અન્ય સ્પોર્ટ્સ બોર્ડ સાથે સતત સંપર્કમાં છે તેથી તેઓ કોરોનાની મહામારીમાં પોતાની ઈવેન્ટ્સ કેવી રીતે યોજે છે તે સમજી શકાય. એલાર્ડિસે જણાવ્યું હતું કે અમે આગામી બે મહિનામાં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલનું પણ આયોજન કરી રહ્યા છીએ જે અંગે પણ અમે યોજના અનુસાર આગળ વધી રહ્યા છીએ. અમારી પાસે બેકઅપ તરીકે યુએઈને તૈયાર રાખ્યું છે જ્યાં ૨૦૨૦માં આઈપીએલ ટી૨૦ લીગનું સફળ રીતે આયોજન થયું હતું.

## નવા ચેમ્પિયનની આશા સાથે IPL T20નો પ્રારંભ



ઇન્ડિયન પ્રીમિયર લીગ ટી૨૦ લીગનો શુક્રવારથી પ્રારંભ થઈ રહ્યો છે અને રોહિત શર્મા લીગમાં પોતાના દબદબાને જાળવી રાખવાના લક્ષ્યાંક સાથે મેદાનમાં ઊતરશે તો બીજી તરફ વિરાટ કોહલી પોતાની રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીમને પ્રથમ વખત ચેમ્પિયન બનાવવાનો ટાર્ગેટ રાખશે. આ ઉપરાંત લીગમાં તમામની નજર અનુભવી ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોની ઉપર પણ રહેશે. ૨૦૨૦માં રમાયેલી આઇપીએલ દરમિયાન સીએસકે ટીમ પ્લે ઓફ માટે પણ ક્વોલિફાય થઈ નહોતી જેના કારણે આ વખતે તમામને પ્રશ્ન છે કે ધોની કઈ રણનીતિ સાથે પોતાની ટીમને ચેમ્પિયન બનાવશે ? કોરોના વાઇરસના મામલા વધી રહ્યા હોવાના કારણે બીસીસીઆઇએ ચુસ્તપણે બાયો-બબલના પ્રોટોકોલનો તમામ ફ્રેન્ચાઇઝીને નિર્દેશ કરી ચૂક્યું છે અને આ બાબતે તે કોઈ સમાધાન કરવાના મૂડમાં નથી. ગયા વર્ષની જેમ આ વખતે પણ પ્રેક્ષકોને સ્ટેડિયમમાં પ્રવેશ આપવામાં આવશે નહીં.

## BCCIનો સંકેત, ધર્મશાલામાં ટી૨૦ વર્લ્ડ કપની પ્રારંભિક મેચ રમાશે

ધર્મશાલા: ભારતની યજમાનીમાં ચાલુ વર્ષના ઓક્ટોબર અને નવેમ્બરમાં રમાનારા આઇસીસી ટી૨૦ વર્લ્ડ કપનો પ્રારંભિક ધર્મશાલા ક્રિકેટ સ્ટેડિયમથી થઇ શકે છે અને આ માટે તમામ પ્રયાસો ચાલી રહ્યા છે. બીસીસીઆઇના ટ્રેઝરર અરુણ ધૂમલે જણાવ્યું હતું કે ટી૨૦ વર્લ્ડ કપનો ઉદ્ઘાટન મુકાબલો હિમાચલપ્રદેશ ક્રિકેટ એસોસિયેશન (એચપીસીએ)ના ધર્મશાલા સ્ટેડિયમ ખાતે રમાઇ શકે છે. વર્લ્ડ કપના આઠ વેન્યૂમાં ધર્મશાલાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જોકે હજુ ટી૨૦ વર્લ્ડ કપનો કાર્યક્રમ આવવાનો બાકી છે. ટ્રેઝરર ધૂમલે જણાવ્યું હતું કે ધર્મશાલા સ્ટેડિયમમાં ઇન્ટરનેશનલ ક્રિકેટ મેચના આયોજનથી ટૂરિસ્ટ સિટી ધર્મશાલાને વધુ એક વખત ઇન્ટરનેશનલ સ્તરે નવી ઓળખ મળશે.

## વિમેન્સ IPL ૨૪મીથી દિલ્હીમાં રમાય તેવા સંકેત

નવી દિલ્હી: બીસીસીઆઇ વધુ એક વખત વિમેન્સ ટી૨૦ ચેલેન્જ લીગનું આયોજન કરવાની તૈયારી કરી રહ્યું છે. આ ઇવેન્ટ ૨૪મીથી ૩૦મી મેચની વચ્ચે નવી દિલ્હી ખાતે રમાય તેવી સંભાવના છે. મેન્સ આઇપીએલના પ્લે ઓફ તબક્કા દરમિયાન વિમેન્સ ટી૨૦ ચેલેન્જ રમાડવામાં આવી શકે છે. દરમિયાનમાં આ વખતે ચોથી ટીમને સામેલ કરવી કે નહીં તેની પણ ચર્ચા ચાલી રહી છે.

આઇપીએલના પ્લે ઓફને ધ્યાનમાં રાખીને અમદાવાદમાં આ ટૂર્નામેન્ટનું આયોજન કરવાનું બીસીસીઆઇ વિચારી રહ્યું હતું, પરંતુ કોરોના વાઇરસના સતત વધી રહેલા પ્રકોપને ધ્યાનમાં રાખીને બોર્ડ મહિલા ખેલાડીઓને અલગ બાયો-બબલમાં રાખવાનું વિચારી રહ્યું છે અને આ સ્થિતિમાં નવા શહેરની પસંદગી કરવામાં આવશે. દિલ્હીમાં આઇપીએલ ૨૦૨૧ની કુલ આઠ મેચ રમાવાની છે અને અંતિમ મેચ આઠમી મેએ રમાશે.

## ભારતીય મેન્સ હોકી ટીમે ઓલિમ્પિક ચેમ્પિયન આર્જેન્ટિનાને ૪-૩થી હરાવ્યું

બ્યૂનસ એર્સ: ભારતીય મેન્સ હોકી ટીમે આર્જેન્ટિના પ્રવાસની સકારાત્મક શરૂઆત કરીને ગયા વખતની ઓલિમ્પિક ચેમ્પિયન આર્જેન્ટિનાને પ્રથમ પ્રેક્ટિસ મેચમાં ૪-૩ના સ્કોરથી હરાવ્યું હતું. ભારત માટે નિલાકાંત શર્માએ ૧૬મી મિનિટે, હરમનપ્રીતસિંહે ૨૮મી, રુપિન્દર પાલસિંહે ૩૩મી તથા વરુણકુમારે ૪૭મી મિનિટે ગોલ નોંધાવ્યા હતા. યજમાન આર્જેન્ટિના તરફથી ડ્રેગ ફ્લિકર લિએન્ડ્રો તોલિનીએ ૩૫મી અને ૫૩મી મિનિટે બે ગોલ તથા માસિયો કાસેલાએ ૪૧મી મિનિટે એક ગોલ કર્યો હતો. બંને ટીમોએ પ્રથમ ક્વાર્ટરમાં ધીમી રમતનું પ્રદર્શન કર્યું હતું અને બીજા હાફમાં આક્રમક રમત દાખવી હતી. શીલાનંદ લાકરાએ ભારત માટે પ્રથમ ગોલનો પાયો નાખ્યો હતો. તેના શાનદાર પાસિંગના કારણે સર્કલમાં રહેલા નિલાકાંતેએ આર્જેન્ટિનાના ગોલકીપરને અવઢવમાં મૂકીને ભારતને



સરસાઇ અપાવી હતી.

આર્જેન્ટિનાએ આક્રમણ વધાર્યું હતું પરંતુ ભારતીય ગોલકીપર પીઆર શ્રીજેશે તેના પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા હતા. ૨૮મી મિનિટે મળેલા કોર્નરને ભારતે ગોલમાં ફેરવીને સ્કોર ૨-૦નો કર્યો હતો. ત્રીજા ક્વાર્ટરમાં યજમાન ટીમે વળતો પ્રહાર કર્યો હતો અને તોલિનીએ પેનલ્ટીને ગોલમાં ફેરવી હતી. તોલિનીએ ૫૩મી મિનિટે વધુ એક ગોલ કરીને સ્કોર ૩-૪નો કર્યો હતો, પરંતુ ત્યારબાદ ઓલિમ્પિક ચેમ્પિયન ટીમ ભારતની મજબૂત ડિફેન્સ હરોળ સામે વધારે ગોલ કરી શકી નહોતી.

## રિયલ મેડ્રિડે લિવરપૂલને ૩-૧થી પરાજય આપ્યો

વિનિસિયસ જુનિયરના બે ગોલની મદદથી રિયલ મેડ્રિડે ચેમ્પિયમ્સ લીગ ફૂટબોલ ટૂર્નામેન્ટની ક્વાર્ટર ફાઈનલના પ્રથમ તબક્કામાં લિવરપૂલને ૩-૧થી પરાજય આપ્યો હતો. બ્રાઝિલિયન ખેલાડીએ અપેક્ષા મુજબનો દેખાવ કર્યો હતો અને તેણે ક્લબ તરફથી પ્રથમ વખત કોઈ એક મેચમાં બે ગોલ નોંધાવ્યા હતા. વિનિસિયસ ઉપરાંત માર્કો એસેન્સિયોએ પણ મેડ્રિડ માટે એક ગોલ નોંધાવ્યો હતો. લિવરપૂલ તરફથી માત્ર એક ગોલ સ્ટાર સ્ટ્રાઈકર મોહમ્મદ સાલાહે બીજા હાફમાં નોંધાવ્યો હતો. આ વિજય સાથે રિયલ મેડ્રિડે બે વર્ષ બાદ સેમિફાઈનલમાં સ્થાન મેળવવા માટેની સંભાવના વધારે મજબૂત બનાવી હતી. માન્ચેસ્ટર ખાતે રમાયેલી ચેમ્પિયન્સ લીગની અન્ય એક ક્વાર્ટર ફાઈનલના પ્રથમ તબક્કામાં માન્ચેસ્ટર સિટીએ બોરુસિયા ડોર્ટમન્ડને ૨-૧થી હરાવ્યું હતું.

## વર્લ્ડ એથ્લેટિક્સ રિલે માટે હિમા અને દુતીનો ૪x૧૦૦ મીટર ટીમમાં સમાવેશ

નવી દિલ્હી: સ્ટાર સ્પ્રિન્ટર હિમા દાસ અને નેશનલ રેકોર્ડ હોલ્ડર દુતી ચંદનો પોલેન્ડ ખાતે પહેલી અને બીજી મેએ યોજાનારી ઓલિમ્પિક ક્વોલિફિકેશન

ઈવેન્ટ વર્લ્ડ એથ્લેટિક્સ રિલે માટે ભારતની મહિલા ચાર બાય ૧૦૦ મીટર રિલે ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ગયા મહિને ફેડરેશન કપમાં વિમેન્સ ૧૦૦ મીટર ફાઈનલમાં દુતીને હરાવનાર ધનલક્ષ્મીનો પણ ટીમમાં સમાવેશ કરાયો છે. આ ઉપરાંત અર્ચના સુસેન્દ્રન, હિમાશ્રી રોય અને એટી દાનેશ્વરીની પણ ટીમમાં પસંદગી કરવામાં આવી છે. પોલેન્ડના સેલિસેયા ખાતે યોજાનારી ઈવેન્ટમાં ભારતની મેન્સ ચાર બાય ૪૦૦ અને વિમેન્સ ચાર બાય ૪૦૦ મીટર રિલે ટીમો પણ ભાગ લેશે. વર્લ્ડ એથ્લેટિક્સ રિલેમાં ટોચના સ્થાને રહેનાર આઠ ટીમો આપોઆપ ઓલિમ્પિક માટે ક્વોલિફાય થઈ જશે. ભારતની ચાર બાય ૪૦૦ મીટર મિક્સ રિલે ટીમ દોહા ખાતે ૨૦૧૯ની



વર્લ્ડ ચેમ્પિયનશિપની સેમિફાઈનલમાં પહોંચીને અગાઉથી જ ટોક્યો ઓલિમ્પિક માટે ક્વોલિફાઈ થઈ ચૂકી છે.

1 મેન્સ ચાર બાય ૪૦૦ મીટર રિલે અમોજ જેકોબ, નાગનાથન પાંદી, મોહમ્મદ અનસ યાહિયા, અરોકિયા રાજીવ, સાર્થક ભાંબરી, અય્યાસામી ધારુન અને નિર્મલ નોહ ટોમ

2 વિમેન્સ ચાર બાય ૪૦૦ મીટર રિલે : એમઆર પાવૂમ્મા, શુભા વેંકટેશ, કિરણ અંજલિદેવી, આર. રેવતી, વીકે વિસ્મયા અને જિસ્ના મેથ્યૂ.

3 વિમેન્સ ચાર બાય ૧૦૦ મીટર રિલે : એસ. ધનલક્ષ્મી, દુતી ચંદ, હિમા દાસ, અર્ચના સુસેન્દ્રન, હિમાશ્રી રોય અને એટી દાનેશ્વરી.

## સાઉથ આફ્રિકાને ૨૮ રનથી હરાવીને પાકિસ્તાને ૨-૧થી સિરીઝ કબજે કરી

સેન્ચ્યુરિયન: ઓપનર ફખર ઝમાને નોંધાવેલી સતત બીજી સદી ઉપરાંત તેણે પ્રથમ વિકેટ માટે ઈમામ ઉલ હક સાથે ૧૧૨ રનની ભાગીદારી નોંધાવતા પાકિસ્તાને અહીં રમાયેલી ત્રીજી અને નિર્ણાયક વન-ડેમાં યજમાન સાઉથ આફ્રિકાને ૨૮ રનથી હરાવીને ત્રણ મેચની શ્રેણીને ૨-૧થી જીતી લીધી હતી. સાઉથ આફ્રિકાએ ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. પાકિસ્તાને સાત વિકેટે ૩૨૦ રનનો જંગી સ્કોર નોંધાવ્યો હતો. તેના જવાબમાં આફ્રિકન ટીમ ૪૯.૩ ઓવરમાં ૨૯૨ રન નોંધાવી શકી હતી. રનચેઝ કરનાર આફ્રિકન ટીમ માટે ઓપનર જેનેમને મલાને ૮૧ બોલમાં ૭૦ રન, કેયલ વેરાયેન ૫૩ બોલમાં ત્રણ બાઉન્ડ્રી અને ત્રણ સિક્સર વડે ૬૨ તથા એન્ડિલ ફેલુકવાયોએ ૬૧ બોલમાં ૫૪ રનનું યોગદાન આપ્યું હતું. પાકિસ્તાન માટે મોહમ્મદ નવાઝે ૩૪ રનમાં ત્રણ તથા શાહિન શાહ આફ્રિદીએ ૫૮ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી. બેટિંગ માટે આસાન જણાતી પિચ ઉપર પાકિસ્તાની ઓપનર ઈમાન અને ઝમાને પ્રથમ વિકેટ માટે ૧૧૨ રનની ભાગીદારી નોંધાવીને ટીમ માટે સંગીન શરૂઆત કરી હતી. ઈમાને ૫૭ તથા બાબર આઝમે ૯૪ રન બનાવ્યા હતા. ઝમાને ૧૦૪ બોલમાં નવ બાઉન્ડ્રી અને ત્રણ સિક્સર વડે ૧૦૧ રન બનાવ્યા હતા. આફ્રિકન ટીમ તરફથી કેશવ મહારાજે ૪૫ રનમાં ત્રણ અને માર્કરામે ૪૮ રનમાં બે વિકેટ ઝડપી હતી.

SHIV FINANCIAL SERVICES
VISITOR TO CANADA AND NEW IMMIGRANTS INSURANCE
Personal Tax - File is Free For New Immigrants.
Full Time Service Provider
Serving Community Since 2009
Supervisa Insurance Monthly Plan Available
• Life Insurance, Critical Illness Insurance & Mortgage Insurance with Money Back Option • Health & Dental Plan • Segregated Fund • Personal Tax-file
* અમે બધી ટોપની ઈન્સ્યુરન્સ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરીએ છીએ.
* New Life Insurance Advisors are recruited.

જગદીશ સેવક
(Financial Advisor)
Cell: 647-236-7620
::: For Free Quotation & Consultation :::
SHIV FINANCIAL SERVICES
"Proper insurance coverage is Peace of Mind"
Email: sevak_2007@hotmail.com
www.shivfinancialservices.ca
GUARANTEED LOWEST PREMIUM

# જેફ બેજોસ સતત ચોથા વર્ષે વિશ્વમાં સૌથી અમીર રહ્યા

## એલન મસ્ક ૧૫૧ બિલિયન ડોલર સાથે બીજા ક્રમે, ભારતના ટોપર્સમાં મુકેશ અંબાણી પ્રથમ ક્રમાંકે

વોશિંગ્ટન : વિશ્વના અમીરોની ફોર્બ્સ મેગેઝિનની વાર્ષિક યાદીમાં આ વખતે રેકોર્ડ ૨,૭૫૫ અબજોપતિઓનો સમાવેશ કરાયો છે. સતત ચોથા વર્ષે એમેઝોનના સ્થાપક જેફ બેજોસ વિશ્વના સૌથી અમીર વ્યક્તિ રહ્યાં છે. વૈશ્વિક અર્થતંત્ર કોરોના મહામારીનો સામનો કરી રહ્યું હોવા છતાં વર્ષ ૨૦૨૦ના અબજોપતિઓની સંપત્તિમાં છેલ્લા ૧૨ મહિનામાં ૫.૧ ટ્રિલિયન ડોલરનો વધારો નોંધાયો છે. તેમની સંપત્તિ ગયા વર્ષની ૮ ટ્રિલિયન ડોલરથી વધીને ૧૩.૧ ટ્રિલિયન ડોલર પર પહોંચી છે. ફોર્બ્સના જણાવ્યા અનુસાર વર્ષ ૨૦૨૦માં વિશ્વમાં અબજોપતિઓની સંખ્યામાં ૬૬૦નો વધારો થયો છે. અબજોપતિઓના મામલામાં વિશ્વમાં ભારત ત્રીજા ક્રમે છે. ભારતમાં વર્ષ ૨૦૨૦માં ૧૪૦ અબજોપતિ નોંધાયા છે. જર્મનીમાં ૧૩૬ અને રશિયામાં ૧૧૭ અબજોપતિ નોંધાયા છે. એશિયા પેસિફિકના દેશોમાં કુલ ૧,૧૪૯ અબજોપતિ ૪.૭ ટ્રિલિયન ડોલરની સંપત્તિ ધરાવે છે. જેની સામે અમેરિકાના અબજોપતિઓની કુલ સંપત્તિ ૪.૪ ટ્રિલિયન ડોલર છે.

### વિશ્વના ટોપ ૧૦ અબજોપતિ

૧. જેફ બેજોસ-૧૭૭ બિલિયન ડોલર-એમેઝોન
૨. એલન મસ્ક-૧૫૧ બિલિયન ડોલર-ટેસ્લા
૩. બર્નાર્ડ આર્નોલ્ટ-૧૫૦ બિલિયન ડોલર-એવીએમએચ
૪. બિલ ગેટ્સ-૧૨૪ બિલિયન ડોલર-માઇક્રોસોફ્ટ
૫. માર્ક ઝુકરબર્ગ-૯૭ બિલિયન ડોલર-ફેસબુક
૬. વોરેન બફેટ-૯૬ બિલિયન ડોલર-બિઝનેસ ટાયકૂન
૭. લેરી એલિસન-૯૩ બિલિયન ડોલર-ઓરેકલ
૮. લેરી પેજ-૯૧.૫ બિલિયન ડોલર-ગૂગલ
૯. સર્ગેઇ બ્રિન-૮૯ બિલિયન ડોલર-ગૂગલ
૧૦. મુકેશ અંબાણી-૮૪.૫ બિલિયન ડોલર-રિલાયન્સ

### ભારતના ટોપ ૧૦ અબજોપતિ

૧. મુકેશ અંબાણી-૮૪.૫ બિલિયન ડોલર-રિલાયન્સ ગ્રૂપ
૨. ગૌતમ અદાણી-૫૦.૫ બિલિયન ડોલર-અદાણી ગ્રૂપ
૩. શિવ નાદર-૨૩.૫ બિલિયન ડોલર-એચસીએલ ગ્રૂપ
૪. રાધાકિશ્નન દામાણી-૧૬.૫ બિલિયન ડોલર-ડી માર્ટ
૫. ઉદય કોટક-૧૫.૯ બિલિયન ડોલર-કોટક મહિન્દ્રા
૬. લક્ષ્મી મિત્તલ-૧૪.૯ બિલિયન ડોલર-આર્સેલર મિત્તલ
૭. કુમાર બિરલા-૧૨.૮ બિલિયન ડોલર-બિરલા ગ્રૂપ
૮. સાયરસ પૂનાવાલા-૧૨.૭ બિલિયન ડોલર-સીરમ ઇન્સ્ટિ.
૯. દિલીપ સંઘવી-૧૦.૯ બિલિયન ડોલર-સન ફાર્મા
૧૦. સુનીલ મિત્તલ-૧૦.૫ બિલિયન ડોલર-મિત્તલ ગ્રૂપ

## નાસાએ મંગળ સપાટી પર ઉતાર્યુ હેલિકોપ્ટર, ૧૧મીએ ભરશે ઉડાન

વોશિંગ્ટન : અમેરિકી અંતરીક્ષ એજન્સી નાસાએ મંગળ ગ્રહની સપાટી પર હેલિકોપ્ટર ઉતારી દીધું છે. આ હેલિકોપ્ટરને માર્સ પર્સિવરેન્સ રોવરના પેટ નીચે કવર કરીને લાલ ગ્રહ પર મોકલવામાં આવ્યું હતું. ઈંજીન્યૂટી નામનું આ હેલિકોપ્ટર કાંગારૂઓના બચ્ચાની જેમ રોવરના પેટમાં સંતાયુ હતું. થોડા દિવસો પહેલા ઈંજીન્યૂટીએ માર્સની હવાનો સ્વાદ ચાખ્યો હતો અને હવે તેણે તેની સપાટીનો પણ સ્પર્શ કરી લીધો છે. આ હેલિકોપ્ટર મંગળ ગ્રહની સપાટી પર અને ત્યાંના વાયુમંડળમાં રોટરક્રાફ્ટ ટેક્નોલોજીનો ઉપયોગ થઈ શકે કે નહીં તે શોધશે. રોવરે આ હેલિકોપ્ટરને જમીનની સપાટી કરતા ૪ ઈંચ ઉપર છોડ્યું હતું. હેલિકોપ્ટર સપાટી પર પડ્યું ત્યાર બાદ રોવર આગળ વધી ગયું હતું. ૧.૮ કિગ્રા વજનના હેલિકોપ્ટરને રોવરના પૈડા ઉપર પેટમાં સુરક્ષિત રાખવામાં આવ્યું હતું અને ૨૧ માર્ચે તે કવર દૂર કરવામાં આવ્યું હતું. આ હેલિકોપ્ટરમાં સૌરઉર્જા વડે ચાર્જ થઈ શકે તેવી બેટરી છે અને તેની પાંખો પર સોલાર પેનલ લાગેલી છે. આ હેલિકોપ્ટર ૧૧ એપ્રિલે પોતાની પહેલી ઉડાન ભરશે અને તેના ડેટા એક દવિસ પછી ૧૨ એપ્રિલના રોજ ધરતીને મળશે. આ હેલિકોપ્ટર બનાવવા માટે નાસાએ ૬૨૩ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે.

## ઈન્ડોનેશિયામાં ભારે વરસાદથી ભુસ્ખલન બાદ પુર જેવી સ્થિતિઃ ૭૩ લોકોના મોત

- ભુસ્ખલનને કારણે રોડ પર માટી ભરાઈ જતા તેમજ વીજળી જતી રહેવાથી રેસ્ક્યૂ ઓપરેશનમાં મુશ્કેલી સર્જાઈ



જકાર્તા : ઈન્ડોનેશિયામાં ભુસ્ખલન અને પુરને કારણે ૪૧થી પણ વધુ લોકો માર્યા ગયા છે. જ્યારે અનેક મકાનો તણાઈ જતા લોકો ઘર વિહોણા થઈ ગયા છે. અહીંના ઈસ્ટ નુસામાં આવેલા પહાડી વિસ્તાર પરથી ભુસ્ખલન થતા મોટી સંખ્યામાં માટી નીચે પડી હતી, જેને કારણે અનેક લોકોના ઘરો દટાઈ ગયા હતા.

રેસ્ક્યૂ ટીમે અત્યાર સુધીમાં ૩૫ જેટલા મૃતદેહો રીકવર કરી લીધા છે જ્યારે અન્યોની શોધખોળ ચાલી રહી છે. આ મૃતદેહો ભુસ્ખલન થયું તે વિસ્તારમાંથી મળી આવ્યા હતા. જ્યારે અન્ય એક સ્થળે પૂરને કારણે છ લોકો માર્યા ગયા હતા. જોકે અનેક વિસ્તારોમાં વિજળી જતી રહેવાથી રેસ્ક્યૂ ઓપરેશનમાં પણ માઠી અસર પહોંચી રહી છે. સાથે જ રસ્તામાં મોટા પ્રમાણમાં માટી આવી જતા બ્લોક થઈ ગયા હતા, તેથી રેસ્ક્યૂ ટીમ પણ ઘટના સ્થળે નથી પહોંચી શકતી. ઈન્ડોનેશિયામાં ભુસ્ખલન અવાર નવાર થતુ રહે છે.

## કંદહારમાં એરસ્ટ્રાઈકઃ ૧૦૦થી વધુ તાલિબાન આતંકીનો સફાયો, અનેક ટેન્કોનો કચ્ચરઘાણ

- માર્યા ગયેલા આતંકીઓમાં ૧૦થી વધુ આત્મઘાતી હુમલાખોરો અને તાલિબાનના ટોચના કમાન્ડરોનો સમાવેશ



કંદહાર : અફઘાનિસ્તાનમાં તાલિબાન આતંકીઓના વિવિધ અડ્ડાઓ પર એરસ્ટ્રાઈક કરવામાં આવી હતી, જેમાં ૧૦૦થી વધુ આતંકીઓનો કચ્ચરઘાણ વાળવામાં આવ્યો હતો. અફઘાનિસ્તાન પોલીસના ટોચના અધિકારીએ જણાવ્યું હતું કે અફઘાનિસ્તાનના કંદહાર પ્રાંતમાં કરાયેલા હવાઈ હુમલામાં તાલિબાનના ટોચના કમાન્ડર સહિત ૧૦૦થી વધુ આતંકીઓ માર્યા ગયા છે અને અનેક ટેંકોનો પણ ખાતમો બોલાવ્યો છે. મોડી રાત્રે ૨ વાગ્યાની આસપાસ આ હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા. અફઘાનિસ્તાનના સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા ફવાદ અમાને ટ્વીટ કરીને કહ્યુ હતું કે તાલિબાની આતંકીઓ કોઈ મોટા ઓપરેશનની તૈયારી કરી રહ્યા હતા. જે આતંકીઓ માર્યા ગયા છે તેમાં તાલિબાનના ટોચના કમાન્ડર ઉપરાંત ૧૦થી વધુ સુસાઈડ બોમ્બરનો પણ સમાવેશ થાય છે.

## બાંગ્લાદેશમાં હોડી માલવાહક જહાજ સાથે અથડાતાં ૨૭ યાત્રીઓનાં મોત

ઢાકા : બાંગ્લાદેશની શીતલાખ્યા નદીમાં ૧૦૦ યાત્રીઓને લઈ જતી હોડી માલવાહક જહાજ સાથે ટકરાતા ૨૭ લોકોનાં મોત થયા છે તેમ સત્તાવાળાઓએ એક નિવેદનમાં જણાવ્યું છે.

આ ઘટના રવિવાર સાંજે ઢાકાથી ૧૬ કિમી દૂર આવેલા નારાયણગંજ જિલ્લામાં બની હતી. બચાવ કામગીરી કરી રહેલ ટીમના અધિકારીના જણાવ્યા અનુસાર રવિવાર પાંચ અને આજે ૨૨ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતાં. પોલીસ, નેવી, કોસ્ટ ગારડ અને ફાયર બ્રિગ્રેડના કર્મચારીઓ બચાવ કામગીરી રહ્યાં છે. બાંગ્લાદેશ ઈનલેન્ડ વોટર ટ્રાન્સપોર્ટ ઓથોરિટીના ચેરમેન કોમોડોર ગુલામ સાદીકે જણાવ્યું હતું કે ડૂબી ગયેલી હોડીને બહાર કાઢી લેવામાં આવી છે. ટીવીમાં દર્શાવવામાં આવેલ ફૂટેજ અનુસાર યાત્રીઓના પરિવારજનો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે એકત્ર થયા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર મુંશીગંજ સ્થિત શીતલાખ્યા નદીમાં સોયદપુર કોયલાઘાટની પાસે એમએલ સબીત અલ હસન નામની હોડી માલવાહક જહાજ એસકેએલ-૩ સાથે ટકરાતા આ દુર્ઘટના સર્જાઈ હતી.

## 'હેરી પોટર'ના અભિનેતા પોલ રિટરનું બ્રેન ટ્યૂમરને કારણે ૫૪ વર્ષે નિધન

લંડન : ૨૦૦૯ માં, 'હેરી પોટર' અને 'ધ હાફ બ્લડ પ્રિન્સ'ફિલ્મો કરનારા બ્રિટિશ અભિનેતા પોલ રિટરનું નિધન થયું. તે છેલ્લા ઘણા સમયથી બ્રેન ટ્યૂમરને કારણથી બીમાર હતા. તે ૫૪ વર્ષના હતા. પોલ રીટરનું સોમવારે અવસાન થયું હતું. તેના પ્રતિનિધિએ આની પુષ્ટિ કરી છે. પોલ એક ઉત્તમ અભિનેતા હતો. ફિલ્મ 'હેરી પોટર' માં વિઝાર્ડ એલ્ડડ વોર્પલેની ભૂમિકા નિભાવવા માટે પોલ રિટરની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી. રાઈટરના પ્રતિનિધિએ એક ચેનલને આપેલા નિવેદનમાં જણાવ્યું છે કે, "તે કહેવાથી ખૂબ જ દુઃખ થાય છે કે ગઈકાલે રાત્રે પ ોલ રીટરનું અવસાન થયું હતું. તે ઘરે જ મૃત્યુ પામ્યા હતા. હવે તેમા પરિવારમાં તેની પત્ની પોલી અને પુત્રો ફ્રેન્ક અને નુહ છે." પ્રતિનિધિએ આગળ કહ્યું, "તે ૫૪ વર્ષનો હતો અને બ્રેઈન ટ્યૂમરથી પરેશાન હતો.

## પાક.માં PUBGનું દ્રશ્ય રિક્રિયેટ કરવા યુવાને ભાઈ-ભાભી, બહેનને ઠાર કર્યા

ઈસ્લામાબાદ : વિશ્વભરમાં લોકો પબજી ગેમ પાછળ પાગલ છે. આ ગેમમાં ડૂબી ગયેલા ઘણા લોકોએ અત્યાર સુધીમાં આત્મહત્યા કરી લીધી છે અને અનેક લોકોએ બીજાનો જીવ લીધો છે. હવે એવો જ એક આંચકાજનક કિસ્સો પાકિસ્તાનના લાહોર શહેરમાંથી જાણવા મળ્યો છે.

આરોપી યુવાને પબજી ગેમના સીનને રિક્રિયેટ કરવા માટે પોતાના પરિવારના જ ચાર લોકોની ગોળી મારીને હત્યા કરી દીધી છે. સ્થાનિક અહેવાલો અનુસાર લાહોરના નાવા કોટ પાસે આ ઘટના નોંધાઈ હતી. અહીં રહેતા રાણા બિલાલ નામના એક યુવાને પબજીના સીનને રિક્રિયેટ કરવા માટે માથા પર હેલમેટ અને જેકેટ પણ પહેર્યા હતાં. હાથમાં પિસ્તોલ લઈને તે ઘરમાં ઘૂસ્યો હતો અને ગેમની સ્ટાઈલમાં જ ગોળીઓ ચલાવવાની શરૂઆત કરી દીધી હતી. ગોળી વાગવાથી તેના ભાઈ-ભાબી, બહેન અને મિત્રનું ઘટનાસ્થળે જ મોત થયું હતુ જ્યારે એક પડોશી ઘાયલ છે. સ્થાનિક મીડિયાએ આ ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સોશિયલ મીડિયા પર શેર કર્યા હતા. તેમાં એક આ આરોપી ગોળીઓ ચલાવતો દેખાય છે. ગોળીઓનો અવાજ સાંભળીને આસપાસ રહેતાં લોકો ઘટનાસ્થાન પર પહોંચ્યા હતાં. લોકોએ તેને પકડી લીધો હતો અને પછી તેને પોલીસને સોંપી દીધો હતો.

## યુક્રેનનું વિમાન તોડી પાડવાની ઘટના બાદ ઈરાને ૧૦ અધિકારીઓને દોષિત ઠેરવ્યા

દુબઈ : ઈરાનમાં વર્ષ ૨૦૨૦માં લશ્કરી હુમલામાં યુક્રેનનું પ્રવાસી વિમાન તોડી પાડવા બદલ ૧૦ અધિકારીઓને દોષિત ઠેરવવામાં આવ્યા છે. આ વિમાન અકસ્માતમાં ૧૭૬ લોકો માર્યા ગયા હતા તેમ પ્રોસેક્યુટરે મંગળવારે જણાવ્યું હતું. ઈરાન વૈશ્વિક સત્તાઓ સાથે અટવાઈ પડેલા પરમાણુ સોદા અંગે પશ્ચિમી દેશો સાથે પરોક્ષ વાટાઘાટો કરી રહ્યું છે તેવા આ ચૂકાદો આવ્યો છે.

ઈરાને ગયા મહિને યુક્રેનના આંતરરાષ્ટ્રીય વિમાન નં. જીએસ૭૫૨ને તોડી પાડવા અંગે અંતિમ રિપોર્ટ જાહેર કર્યો હતો, જેમાં વિમાન તોડી પડવાનું કારણ માનવીય ભૂલ દર્શાવ્યું હતું, પરંતુ આ ઘટના માટે કોઈને જવાબદાર ઠેરવાયા નહોતા. ઈરાનના આ રિપોર્ટના વૈશ્વિક સ્તરે ઘેરા પડઘા પડયા હતા અને વૈશ્વિક સમાજને તેની આકરી ટીકા કર્યા પછી ઈરાને ૧૦ અધિકારીઓને દોષિત ઠેરવ્યા છે.

# કોરોના ઈફેક્ટ :ન્યૂઝીલેન્ડમાં ભારતીયોનાં પ્રવેશ પર પ્રતિબંધ

ભારતમાં કોરોનાનાં કેસ ઝડપથી વધી રહ્યા છે જેને કારણે ન્યૂઝીલેન્ડ દ્વારા ૧૧થી ૨૮ એપ્રિલ સુધી ત્યાં ભારતીય પ્રવાસીઓનાં પ્રવેશ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. ન્યૂઝીલેન્ડનાં વડાપ્રધાન જેસિન્ડા આર્ડર્ન દ્વારા જાહેરાત કરાઈ હતી. તેમણે કહ્યું કે ભારતમાંથી કોરોનાનાં પ્રવેશની સંભાવનાને રોકવા આ પગલું લેવાની ફરજ પડી છે. આ કોઈ દેશ સામે લેવામાં આવેલું પગલું નથી પણ વધુ જોખમોને નિવારવા તેનો અમલ કરાયો છે. ન્યૂઝીલેન્ડનાં નાગરિકો સહિત તમામ પ્રવાસીઓનાં પ્રવેશ પર અમે પ્રતિબંધ મૂક્યો છે. ૧૧થી ૨૮ સુધી પ્રતિબંધ રહેશે જે દરમિયાન ટ્રાવેલ ફરી ક્યારે શરૂ કરી શકાય તેની સમીક્ષા પણ કરાશે. ન્યૂઝીલેન્ડમાં છેલ્લા ૪૦ દિવસથી કોરોનાનાં નવા કેસ આવ્યા ન હતા પણ ગુરુવારે નવા ૨૩ કેસ નોંધાયા છે જેમાં ૧૭ કેસ ભારતથી આવ્યા છે.

## બ્રાઝિલમાં રોજ ૬૦૦ કબરો ખોદાય છે

બ્રાઝિલમાં સાઉથ આફ્રિકન વેરિઅન્ટનો પહેલો કેસ મળી આવ્યો છે. અહીં કોરોનાનાં દર્દીઓનાં મોતની સંખ્યા સતત વધી રહી છે ત્યારે આખા દેશમાં કબરોની અછત સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે. અમેરિકા પછી બ્રાઝિલ સૌથી વધુ સંક્રમિત દેશ છે જ્યાં કેસ અને મૃત્યુનો આંકડો સૌથી વધારે છે. દર્દીઓને ખેતરોમાં બનાવેલી હોસ્પિટલોમાં સારવાર અપાઈ રહી છે. મંગળવારે ૪૧૯૫, બુધવારે ૩૮૨૯નાં મોત થયા હતા. રોજ નવી ૬૦૦ કબરો ખોદવામાં આવે છે.

## અમેરિકા યુકેનાં સ્ટ્રેનના ભરડામાં

કોરોનાનાં સૌથી ખતરનાકમાં ખતરનાક વેરિઅન્ટ B.1.1.7 દ્વારા આખા અમેરિકાને કોરોનાનાં ભરડામાં લઈ લેવામાં આવ્યું છે. અમેરિકાનાં તમામ ૫૦ રાજ્યોમાં આ વાઈરસે પગપેસારો કર્યો છે અને ફેલાયો છે. અમેરિકાનાં સેન્ટર ફોર ડીસીસ કન્ટ્રોલ એન્ડ પ્રિવેન્શનનાં ડિરેક્ટર ડો. રોશેલ વાલેન્સ્કીએ જણાવ્યું હતું.

## સિંગાપુરે ૮૦૦૦ ભારતીયોનાં વિઝા રોક્યા

ભારતમાં કોરોનાએ માઝા મુકતા સિંગાપુર દ્વારા ૮૦૦૦ ભારતીયોનાં વિઝા રોકવામાં આવ્યા છે. કેટલાક ભારતીયો ગયા વર્ષે કોરોનામાં સિંગાપુરથી ભારત આવ્યા હતા તેઓ હવે ત્યાં પાછા જવા માગે છે પણ સિંગાપુર સરકારે હવે તેમને ભારતમાંથી ત્યાં આવતા રોક્યા છે.

## ઈટાલીમાં ઇસ્ટર ફરી લોકડાઉનમાં ઉજવાશે

રોમ : ઇટાલીમાં ગયા વર્ષના વિનાશક ઇસ્ટર બાદ આ વર્ષે ઇસ્ટર બહેતર રીતે ઉજવવાની આશા પર પાણી ફરી વળ્યું છે. કોરોના વાઇરસ એક વર્ષ પછી પણ થાક્યો નથી અને અડધું યુરોપ હજી લોકડાઉન હેઠળ છે. બીજી તરફ રોમમાંથી પોપ ફ્રાન્સિસે તેમના ઇસ્ટર સંદેશમાં કોરોના મહામારીને કારણે પડેલી આર્થિક અને સામાજિક મુશ્કેલીઓની વાત કરી દેશોને દરેક જણને કોરોનાની રસી મળી રહે તેવા પ્રયાસો કરવા માટે હાકલ કરી હતી. તેમણે રસીને મહામારી સામે લડવાનું એક મહત્વનું સાધન ગણાવીને ઉમેર્યું હતું કે ગરીબ દેશોમાં તેના વિતરણની વ્યવસ્થાને ગોઠવીને તેમાં થતાં વિલંબને ટાળવો જોઇએ.

## એસ્ટ્રાઝેનેકાની કોવિશીલ્ડ અને મગજમાં થતા બ્લડ ક્લોટ વચ્ચે સંબંધ : EMA

રોમ : યુરોપિયન મેડિસિન્સ એજન્સી (ઇએમએ)ના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, એસ્ટ્રાઝેનેકા અને ઓક્સફર્ડ યુનિવર્સિટી દ્વારા વિકસાવાયેલી અને ભારતમાં સીરમ ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ડિયા દ્વારા મેન્યુફેક્ચર થતી કોરોનાની રસી કોવિશીલ્ડ અને મગજમાં થતા બ્લડ ક્લોટ વચ્ચે સીધો સંબંધ છે, પરંતુ તે કયા કારણે થાય છે તે હજુ જાણી શકાયું નથી. ઇએમએની વેક્સિન ઇવેલ્યૂએશન ટીમના અધ્યક્ષ માર્કો કાવાલેરીએ ઇટાલીના અખબાર ઇલ મેસેગેરોને આપેલા ઇન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, મારા મતે હવે અમે કહી શકીએ છીએ અને સ્પષ્ટ છે કે કોવિશીલ્ડ વેક્સિન અને મગજમાં થતા બ્લડ ક્લોટ વચ્ચે સંબંધ છે, જોકે અમે હજુ જાણતા નથી કે કયાં કારણોસર આ રિએક્શન આવે છે.

## બ્રિટનમાં 30 વર્ષના લોકોને એસ્ટ્રાજેનેકા સિવાયની રસી અપાશે

લંડન : બ્રિટનમાં દવાઓનું નિયમન કરતી સંસ્થા એમએચઆરએ એ એસ્ટ્રાજેનેકા વેકિસન 30 વર્ષથી ઓછી ઉંમરનાને નહી આપવામાં આવે તથા  આ રસીના સ્થાને બીજો વિકલ્પ આપવાની જાહેરાત કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ એસ્ટ્રાજેનેકા વેકિસન લીધા પછી બ્લડ કલોટિંગ (લોહી જામી જવાની)ની ફરિયાદો મળી હતી એ પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે. તપાસમાં જાણવા મળ્યું કે માર્ચના અંત સુધીમાં જે લોકોને યૂકે માં  વેકિસન આપવામાં આવ્યું હતું તેમાંથી ૭૯ લોકોમાં બ્લડ કલોટિંગની સમસ્યા સર્જાઇ હતી.  રસી લીધા પછી બ્લડ કલોટિંગ થવાથી ૧૯ લોકોના મુત્યુ થયા હતા. જો કે સાથે એવો ખુલાસો પણ કરવામાં આવ્યો છે કોરોનાની એસ્ટ્રાજેનેકા વેકિસનના કારણે જ લોહી જામી જવાનું બન્યું છે કે કેમ તેના પુરાવા મળતા નથી.

## યુએસમાં માસ્કની સર્વોત્તમ ડિઝાઈન તૈયાર કરનારને પાંચ લાખ ડોલરનું ઈનામ

વૉશિંગ્ટન : અમેરિકી સરકારે માસ્કની ડિઝાઈન સુધરે એ માટે ઝૂંબેશ શરૂ કરી છે. અમેરિકી હેલ્થ વિભાગની વેબસાઇટ પર ઈનામની જાહેરાત કરવામાં આવી છે. એ મુજબ માસ્કની ઉત્તમોત્તમ ડિઝાઈન તૈયાર કરનાર અમેરિકનને પાંચ લાખ ડૉલર સુધીનું ઈનામ મળશે. અત્યારે માસ્ક પહેરવામાં લોકો અનેક મુશ્કેલીઓ અનુભવી રહ્યા છે, પરંતુ જરૂરી હોવાથી પહેરવું પડે છે. ભવિષ્યમાં માસ્ક લાંબો સમય પહેરવાનું થાય તો એ સરળ હોવું જોઈએ. ચહેરા પર ખંજવાળ, ઉશ્વાસ ચશ્માં પર જામ થવો, શ્વાસ લેવામાં મુશ્કેલી વગેરે અનેક પ્રકારની અડચણો માસ્ક સાથે સંકળાયેલી છે. આ બધી અચડણોમાંથી મુશ્કેલી અપાવે એવી ડિઝાઈની અમેરિકી સરકારને તલાશ છે. આ માટે ૨૧મી એપ્રિલ સુધીમાં માસ્ક ડિઝાઈન કરી મોકલવાની રહેશે.

## કોરોનાની રસી સંક્રમણ અટકાવે છે તે હજુ સુનિશ્ચિત નથી : WHO

જીનીવા : કોરોના વાઇરસ અંગે વિશ્વ આરોગ્ય સંસ્થા પણ અવઢવમાં છે અને છાશવારે તેના નિવેદનો બદલાતાં રહે છે. મંગળવારે વિશ્વ આરોગ્ય સંસ્થાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, કોરોનાની રસી લેવાના કારણે વાઇરસનો પ્રસાર અટકે છે તેવું હજુ નક્કી નથી તેથી વિશ્વ આરોગ્ય સંસ્થા આંતરરાષ્ટ્રીય પ્રવાસ માટે વેક્સિનેશન પાસપોર્ટ શરૂ કરવાને સમર્થન આપતી નથી. માર્ગારેટ હેરિસે જણાવ્યું હતું કે, એપ્રિલના અંત સુધીમાં અમે ચીનની કોરોના રસીઓ સિનોફાર્મ અને સિનોવેકને સંભવિત ઇમર્જન્સી ઉપયોગ માટે મંજૂરી આપવાની સમીક્ષા શરૂ કરાશે. બીજીતરફ વિશ્વ આરોગ્ય સંસ્થાએ માનવીમાંથી બિલાડી, શ્વાન, મિન્ક, રકૂન, સિંહ અને વાઘમાં પણ કોરોના વાઇરસના પ્રસારની સંભાવના વ્યક્ત કરી છે.


MOTEL FOR SALE

NIRAJ PANCHOLI, REALTOR®
ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: https://niraj-pancholi.c21.ca/

Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty& Experience
Outstanding Achievement Award of Excellence: every year since 2011 to 2020 ...
Among TOP 75 PRODUCER IN CANADA &CENTURION PRODUCER AWARDS and many more ...

Selling BUSINESS, COMMERCIAL & RESIDENTIAL PROPERTIES since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING:Specializing in Selling Motels: LIST & SELL with confidence

18 Room Motel Near Pembroke/1.5 Hrs from Ottawa
18 Room Motel With 3 Br house for Owner Located In Eganville Near Pembroke. Seller Had Spent Over 150K In Last 5 Years On Room Renovations. No Competition, the Only Motel In Town. Since last 2 years Operating With 70% To 100% Occupancy. Currently All 18 Rooms Are Occupied by Monthly Customers. Regular Income, Easy Operation & Low Operating Costs.Small VTB available. Asking Price: $925,000

15 Room Motel Hwy 402, near London/Sarnia
SOLD IN JANUARY 2021

12 Room Motel Hwy 17, near North Bay / Sudbury
SOLD IN JANUARY 2021

42 Room Motel North of Timmins
In-door Corridor, all city services, potential to covert to franchise, Year round business
Asking Price: $1,300,000

10 Room Motel Near Welland / St.Cathrines
30 min to Niagara/Buffalo. With 3 BR house.
100% occupancy, all rooms given on monthly basis.
Easy one man operation.
Asking Price: $849,000 SOLD CONDITIONAL

Quality Inn & Suites - $4,500,000

30+ Room Motel Nr Sault Ste. Marie
Seller willing to hold mortgage at 35% down
Asking Price: $2,000,000

27 Room Motel Near Thunder Bay Airport
Well maintained rooms & huge house. Within the city on prime intersection, year round business + additional income from 2 Commercial tenants Price reduced. VTB available. Asking Price: $1,999,000

Franchise Hotels & Motels for Sale
Asking Price: $3M to $11M, Call for more info

Other Motels For Sale Principal Buyers to Sign Buyer Representation Agreement on Particular Motels
(1) 60+ Room in Northern Ontario (2) Motel & Cottages near Tobermory / Wasaga beach (3) Motels in Niagara Falls
(4) Other 30 Room to 50 Room Motels -$3.5M to $5M (5) Other 10 Room to 30 Room - $1M to $3M
(6) Other small and medium size motels coming up for sale in Spring 2021 EXCLUSIVE Listings with me

Looking for Experienced Motel Operator
Willing to relocate in northern ON. Must have a knowledge of Computer & English (opportunity to be a Working Partner with small investment)

NOTE: Buyers to sign Representation Agreement on particular motels to get additional & financial information. About 40% down payment required to get a bank loan
Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph: 905-366-8100.

Dr. Salim Kapadia DDS
Dental Centre

Your Perfect Smile... Is Our Greatest Satisfaction!

Dr. Salim Kapadia Dental Centre – Scarborough Mirror – 2020 readers' choice Awards – PLATINUM



SERVICES

- Smile Makeover
- Laser Teeth Whitening
- Dental Implants - Start to Finish
- Single Visit Root Canal
- Re-treatment of Failing Root Canal
- Surgical Wisdom Teeth Extraction
- Scaling & Root Planing
- White Tooth Colored Filling
- Implant Retained Dentures
- Complete & Partial Dentures
- Lumineers & Veneers
- Crown & Bridges (Zirconia & E.max)

1825 Markham Rd, Suite 102
Scarborough, ON M1B 4Z9
drsalimkapadiadental.com

416-321-3268





Chapel Ridge
FUNERAL HOME
& CREMATION CENTRE

416.993.0826
24/7 # 905.305.8508



તમારી સગવડ માટે અમે બે ફ્યુંનરલ સેન્ટર ઑફર કરીયે છીએ. મારખમ અને મિસિસાગા. સંપૂર્ણ હિન્દુ તથા જૈન વિધિની સગવડતા. *(St. John's Dixie, 737 Dundas St. E., Mississauga, ON L4Y 2B5)*

ફ્યુંનરલ સર્વિસ, બેઝિક કાસ્કેટ, ક્રિમેશન અને ટેક્સ બધાં સાથે ટોટલ ફક્ત
**$4270**

વધુ માહિતી માટે ફોન કરો. અમારો પ્રોફેશનલ સ્ટાફ તમારી ભાષામાં તમને માહિતી આપશે.

પ્રિપેઇડ ફ્યુંનરલ અને ટ્રાવેલ ઈન્સુરન્સ

1. તમારા ડોલર ફ્યુંનરલ હોમમાં જમા નહિ થાય. પરંતુ સરકારે નીમેલી ટ્રસ્ટ કંપની પાસે રહેશે.
2. એક વખત પ્લાન ખરીદ્યા પછી તમે કે તમારા ફેમિલીએ કદીપણ વધુ પૈસા નહિ આપવા પડે.
3. ટ્રાવેલ ઈન્સુરન્સ - ફક્ત $595 એક વખત આપી જિંદગી ભર તમે ક્યાંય પણ નિશ્ચિંત ટ્રાવેલ કરી શકશો. *

* *This is not a general insurance. Applies only in case of a death away from home.*

8911 Woodbine Avenue, Markham, Ontario L3R 5G1
www.chapelridgefh.com • info@chapelridgefh.com